# બાજખેડાવાળ પત્રિકા

## बाजखेडावाल पत्रिका Bajkhedawal Patrika



વર્ષ : ૦૧ ૨૦૨૫ : સપ્ટેમ્બર
અંક : ૦૯


**: તંત્રી :**

**શ્રી દિલીપભાઈ પંડ્યા**

૨૮, બાજખેડાવાળ સોસાયટી, મણીનગર (પૂર્વ)
અમદાવાદ-૩૮૦૦૦૮. (મો.) ૯૩૭૪૫૦૨૭૮૩




**: પ્રકાશક :**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન

૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮
મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭
કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦




Ambaji Darsan

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૫૦૦૧/–ના દાતા



**સ્વ. દર્શનાબેન શૈલેષકુમાર દવેની**
**પ્રથમ પૂણ્યતિથી નિમિત્તે**

જન્મ તા. ૦૯–૦૮–૧૯૫૮ અવસાન તા. ૧૮–૦૯–૨૦૨૪

સ્વ. દર્શનાબેન શૈલેષકુમાર દવેની સ્મૃતિરૂપે દવે પરિવાર તરફથી ભેટ.

**શૈલેષકુમાર નટવરલાલ દવે**

**કેતનકુમાર નટવરલાલ દવે** **અ.સૌ. પીનાબેન કેતનકુમાર દવે**

**ચિ. પાર્થ કેતનકુમાર દવે**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૨૫૦૦/–ના દાતા



### શ્રીમતી દક્ષાબેન અમરીષ ખંભોળજા

શ્રીમતી દક્ષાબેન અમરીષ ખંભોળજા મૂળ ઉમરેઠના વતની સન ૧૯૪૫માં ઉમરેઠ મુકામે તેમનો જન્મ થયેલો. પિતાશ્રી મુકુંદરાય હરિલાલ પંડ્યા માતૃશ્રી પુષ્પાબેન (સ્વ. કિરપાશંકર બેચરદાસ ભટ્ટ) રાયસંગા પંડ્યા ઉમરેઠની સુપુત્રી.

શ્રીમતી દક્ષાબેન અમરીષ ખંભોળજાનું બાળપણ અને અભ્યાસ અમદાવાદમાં થયો. ૧૯૭૦માં દક્ષાબેન ગ્રેજ્યુએટ થયા. ૧૯૬૫–૬૯ સુધી પ્રકાશ બાલમંદિર–મણિનગરમાં જોબ કરી ૧૯૬૯ થી ૧૯૯૧ સુધી ગુજરાત સ્મોલ ઈન્ડસ્ટ્રીઝમાં સીનીયર આસીસ્ટંટ તરીકે જોબ કરી. સન ૧૯૭૩માં અમરીષ ખંભોળજા (સ્વ. અંબાલાલ કિરપાશંકર ખંભોળજા–ડાકોર) સાથે લગ્નગ્રંથિથી જોડાયા. અમદાવાદમાં સ્થાયી થયા અને અનેક સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયા. સને ૧૯૮૮માં પ્રાણશંકર હોલના કારોબારી સભ્ય હતા. તથા ફુડરેઈઝીંગ માટે કામ કરેલ.

સન ૧૯૮૮ થી ૧૯૯૧ સુધી શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, મણિનગરમાં મંત્રી તરીકે સેવાઓ આપી. ૧૯૯૦–૯૧મા ંલાયોનેસ પ્રેસીડેન્ટ – લાયન્સ ક્લબ ૩૨૩–બી તરીકે સેવા આપી.

૧૯૯૧ના જુલાઈ માસમાં ઈમીગ્રેશન વીઝા ઉપર સહકુટુંબ અમેરીકા ગયા. અમેરીકામાં કનેકટીકટ સ્ટેટમાં સ્થાયી થયા. ૧૯૯૧થી અત્યાર સુધી હાઉસ વાઈફ તરીકે છે. અમેરીકામાં જુદી જુદી સામાજીક સંસ્થાઓ ત્યા સીનીયર ગૃપોમાં જોડાઈ સમય પસાર કરે છે.

અમે ડાકોર રણછોડરાયજી મહારાજના સેવક–વારાદરી છીએ અને ભગવાનની સેવા માટે સન ૨૦૦૮થી દર વર્ષે ઈન્ડીયા અમદાવાદ–મણિનગર–ડાકોર આવીએ છીએ.

ફેમીલીમાં એક પુત્ર અને બે પુત્રીઓ છે અને બધા જ તેમના લગ્નજીવનમાં સુખી છે. અમે અમારા પુત્ર સાથે રહીએ છીએ. શ્રી બાજખેડાવાળ જ્ઞાતિપંચની વાડી–ડાકોર ખાતે ગેસ્ટ હાઉસ રસોડું તથા મેરેજ હોલ માટે મુખ્ય ફાળો આપેલ છે.

સવિનય જણાવવાનું કે આણંદના ભારતીબેન એમ. દવેના પૌત્ર ચિ. શાર્દુલ પરેશકુમાર દવે તથા અ.સૌ. અનિષા શાર્દુલકુમાર દવે યુ.એસ.એ.માં તેમનાં નવા મકાનનાં વાસ્તુપૂજન પ્રસંગે બાજખેડાવાળ પત્રિકાને રૂ. ૧૧૧૧/– ભેટ આપેલ છે. સંસ્થા તેનો સપ્રેમ સ્વીકાર કરે છે.

## શ્રી વસો બાજખેડાવાળ મંડળ – વસો

ખેડાવાળ મહોલ્લો, મુ. વસો – ૩૮૭૩૮૦, તા. વસો. જી. ખેડા

તા. ૦૯–૦૮–૨૦૨૫ શનિવારના રોજ સમુહમાં યજ્ઞોપવિત બદલવાનો કાર્યક્રમ શ્રી વસો બાજખેડાવાળ મંડળ દ્વારા રાખવામાં આવેલ હતો. વેદોક્ત વિધિસહ હોમ સાથે આચાર્યશ્રી કિશનભાઈ હરેશભાઈ દવેએ યજ્ઞોપવિત બદલાવેલ સમગ્ર કાર્યક્રમ દરમ્યાન જ્ઞાતિજનોએ હાજરી આપેલ.

દર વર્ષની જેમ રક્ષાબંધન તા. ૯–૮–૨૦૨૫ના રોજ હોવાથી સમુહ ભોજનનો કાર્યક્રમ રાખવામાં આવેલ.

આ શુભપ્રસંગે સમગ્ર આયોજનનો તમામ ખર્ચ ભોજન અને જનોઈ બદલવાનો પૂજા સહીતનો ખર્ચ સ્વ. વિનોદભાઈ ઉમિયાશંકર દવેની દિકરી અ.સૌ. જીજ્ઞાબેન અશોકકુમાર ત્રિવેદી પરિવાર (હાલ–યુ.એસ.એ.) તરફથી આપવામાં આવેલ હતો.

આ શુભપ્રસંગે શ્રી વસો બાજખેડાવાળ મંડળ તથા જ્ઞાતિ સમાજ દાતાશ્રીનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે.

વસો મુકામે તા. ૨૭–૭–૨૫ને રવિવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે શ્રી વસો બાજખેડાવાળ મંડળની સાધારણ સભાશ્રી પદમાવતિ માતાજીના મંદિરમાં યોજાઈ હતી.

સભાની શરૂઆત શ્રી ધૈર્ય ધવલભાઈ જાનીએ પ્રાર્થનાથી કરાવેલ. મંડળના મંત્રીશ્રીએ કાર્યક્રમની માહિતી આપેલી સભાના પ્રમુખ તરીકેશ્રી અશોકભાઈ પી. દવેની વરણી કરેલ તથા સમાજના પ્રમુખશ્રી અશ્વિનભાઈ સી. દવે ઉપસ્થિત રહેલ. અતિથી વિશેષ તરીકે શ્રી અશોકાઈ એન. દવેની વરણી કરેલ. પધારેલ મહાનુભાવોનો પુષ્પગુચ્છથી સ્વાગત કરેલ મંડળના મંત્રીશ્રીએ મંડળની માહિતી આપેલ મંડળના કોષાધ્યક્ષ શ્રી મુકેશકુમાર એચ. ભટ્ટએ મંડળના હિસાબોની માહિતી આપેલ અને સૌ જ્ઞાતિજનોએ સર્વાનુમતે મંજુર કરેલ.

સભાના પ્રમુખશ્રીએ સભાને સંબોધન કરેલ તથા શ્રી વસો બાજખેડાવાળ મંડળના પ્રમુખશ્રીએ સભાને પ્રાસંગિક પ્રવચન કરેલ.

વસોના વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓને બાલમંદિરથી લઈ કોલેજ સુધીના વિદ્યાર્થીઓને રૂ. ૩૮૫૦૦/–ની ટ્યુશન ફી વિતરણ કરવાાં આવ્યું હતું. આભાર વિધી શ્રી શશીકાન્ત એમ. દવે દ્વારા કરેલ જ્ઞાતિજનો તથા મંચસ્થ મહાનુભાવોનો આભાર માન્યો તથા સૌ જ્ઞાતિજનો પ્રિતીભોજન લઈ વિદાય થયા હતા.

રાજેન્દ્ર એમ. દવે
મંત્રી

## ધી અમદાવાદ બાજખેડાવાળ એજ્યુકેશન એન્ડ કલ્ચરલ સોસાયટી

શ્રી પ્રાણશંકરભાઈ હોલ, પ્રાણકુંજ સોસાયટી, ભૈરવનાથ રોડ, અમદાવાદ. ફોન – ૨૫૪૩૨૦૪૦

**થઈ ગયેલ કાર્યક્રમ :**

**મેડીકલ કેમ્પ**

શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ, અમદાવાદ દ્વારા તા. ૨૩–૮–૨૫ને શનિવારના રોજ શ્રી પ્રાણશંકરભાઈ હોલ, કાંકરીયા, અમદાવાદ ખાતે સવારે ૮ થી ૨ દરમ્યાન મહિલા આરોગ્ય વિષયક તપાસ કેમ્પનું આયોજન એચ.સી.એફ. હોસ્પિટલના સહયોગથી કરવામાં આવેલ આ મેડિકલ કેમ્પમાં અદ્યતન મશીન દ્વારા મહિલાઓમાં થતા સ્તન કેન્સર અને ગર્ભાશયના મુખના કેન્સરની તપાસ કરવામાં આવેલ. આ કેમ્પમાં નિષ્ણાત મહિલા ડૉ. માયાબેન બેન્કર દ્વારા મહિલા રોગો વિશેની વિસ્તૃત સમજ તથા તપાસ વિના મૂલ્યે કરવામાં આવેલી હતી. આ મેડિકલ કેમ્પમાં આશરે ૩૫ બહેનોએ લાભ લીધેલ ત્યારબાદ સૌ બહેનોએ ચ્હા–કોફી અને નાસ્તાનો આનંદ માણી છુટા પડેલ.

સંસ્થાના મંત્રી શ્રીમતી ગિનીબેન પંડ્યા તથા કારોબારી સભ્ય શ્રીમતી સેજલબેન શુક્લ દ્વારા આ મેડિકલ કેમ્પનું સુંદર આયોજન કરેલ સંસ્થા બંને બહેનોનો ખુબ આભાર માને છે.

**આગામી કાર્યક્રમ :**

**ગરબા**

મા આરાસુરી અંબા માતાના ચોથના ગરબા તા. ૨૫–૯–૨૫ને ગુરૂવારના રોજ શ્રી બળવંતરાય હોલ, કાંકરીયા, અમદાવાદ ખાતે યોજાનાર છે. તો સૌ જ્ઞાતિજનોને વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેવા ભાવભીનું આમંત્રણ છે.

આરતીનો સમય સાંજે ૮.૦૦ કલાકે ત્યારબાદ ગરબા મહોત્સવ શરૂ થશે ત્યાર પછી અલ્પાહારની વ્યવસ્થા રાખેલ છે.

**ઈનામ વિતરણ**

તા. ૨ ઓકટોબર ગાંધીજયંતી સાથે શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળનો પરંપરાગત કાર્યક્રમ એટલે ઈનામ વિતરણ ધોરણ કે.જી.થી કોલેજ સુધીના અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મળવા પાત્ર ઈનામનો કાર્યક્રમ સાંજે ૪.૩૦ કલાકે રાખવામાં આવેલ છે. ખાસ નોંધ કે ઈનામને પાત્ર વિદ્યાર્થીઓએ હાજર રહેવુ અને સાથે સંસ્થા દ્વારા આપવામાં આવેલ પહોંચ લેતા આવવું. તા. ૨ ઓકટોબર બાદ ઈનામને પાત્ર ગણાશે નહિ. માટે જરૂરથી તે દિવસે હાજર રહી આપનું ઈનામ મેળવી લેવા વિનંતી.

**દિવાળી સ્નેહ મિલન**

નવા વર્ષના સૌને નુતન વર્ષાભિનંદન સૌ જ્ઞાતિજનોને આવનારું નવુ વર્ષ લાભ–શુભ અને આરોગ્યદાયી નિવડે તેવી મહાદેવજીને પ્રાર્થના નવા વર્ષમાં સહુ જ્ઞાતિજનો એકબીજાને મળી શુભેચ્છા પાઠવી શકે તે માટે સ્નેહમિલન કાર્યક્રમ તા. ૨–૧૧–૨૫ને રવિવારના દિવસે યોજેલ છે. જેમાં કાઠયાવાડી ભોજનનો સ્વાદ માણવા જ્ઞાતિજનોને વહેલા તે પહેલાના ધોરણે સંસ્થામાંથી વહેલા તે પહેલાના ધોરણે પાસ લેવા વિનંતી છે. જેની કિંમત રૂ. ૧૫૦/– રાખેલ છે.

**એજ્યુકેશન યોજના ફંડ**

રૂ. ૨૫૦૦૧/– એક જ્ઞાતિજન તરફથી ભેટ, અમદાવાદ

**અન્નપૂર્ણા સહાય યોજના**

રૂ. ૫૦૦/– શ્રી દુષ્યંતભાઈ જે. પંડ્યા તરફથી

**કમલેશ જે. ભટ્ટ** **ઉદયભાઈ એચ. ભટ્ટ / ગીનીબેન એમ. પંડ્યા**

**પ્રમુખ** **મંત્રી**

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ – આણંદ

શ્રી બાજખેડાવાળ અતિથિ ગૃહ, આઝાદ મેદાન, આણંદ. ફોન ૦૨૬૯૨–૨૪૪૨૧૨

શ્રી બાજખેડાવાળ મહિલા મંડલ, આણંદ દ્વારા સિદ્ધેશ્વર મહાદેવની કૃપાથી તા. ૨૮–૮–૨૫ ગુરૂવારે સામાપાંચમ, કેવડાત્રીજ, અગિયારસની ઉજવણી કરવામાં આવેલ જેમાં અમીબેન દણાકે મુખ્ય યજમાન તથા સહયજમાન અન્ય યજમાન સહીત મોટી સંખ્યામાં બહેનોએ ભાગ લીધો હતો. ગુરૂદેવ જગદીશભાઈ દવે તથા ચિંતનભાઈ દવેના બુલંદ અવાજથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયેલ. પાયલબેન પી. દવે, અમીબેન એ. દણાકે પુજામાં બેઠેલ સર્વે બહેનોને ગણપતિદાદાની મૂર્તિ પુજા કરવા ભેટ આપેલ. ડૉ. પ્રવિણાબેન પંડ્યા તથા યજમાનશ્રીઓ સહિત દિપ પ્રાગટ્ય કરવામાં આવેલ.

આ કાર્યક્રમને સફળ બનાવવા નીચે મુજબના દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર. (૧) સવારની ફરાળ માટે ડ્રાયફ્રુટ દુધ બેલાબેન જી. દવે – કેનેડા રૂ. ૫૦૦૦/– (૨) સવારની ફરાળ માટે કોપરા પાક – સુધાબેન કે શુકલ તથા લીનાબેન કે ભટ્ટ ફ્રુટમાં કેળાના દાતાશ્રી દક્ષાબેન જે ખંભોળજા તથા સોનલબેન શુકલ (૩) બપોરના ભોજન માટેના દાતાશ્રી સોનલબેન પરેશભાઈ દવે રૂ ૫૧૧૧/– (૪) યુ.એસ.એ. શાર્દુલ પરેશભાઈ દવે શૈલી પી. દવે રૂ. ૩૫૧૫/– + ૩૫૧૫/– યુ.એસ.એ.થી (૫) બપોરની ચા–કોફીના દાતાશ્રી ધર્મિષ્ઠાબેન એમ. દવે (૬) પુજા સામગ્રી મનોરદ માટે અનાજ કઠોળના દાતા ડૉ. પ્રવિણાબેન નરેન્દ્રભાઈ પંડ્યા રૂ. ૫૦૦૧/– (૭) આરતી બાદ મહાપ્રસાદના દાતા સપનાબેન કે ભટ્ટ (૮) ફુલહારના દાતા ગીતાબેન રાજેન્દ્રભાઈ દવે રૂ. ૧૧૦૧/– (૯) અન્ય દાતા રૂ. ૫૦૫/– (૧૦) દક્ષાબેન સુધીરભાઈ પંડ્યા રૂ. ૧૦૦૧/– (૧૧) મીનાબેન ઠાકર રૂ. ૧૧૦૦/– (૧૨) ડૉ. મિનાક્ષીબેન કે. ભટ્ટ રૂ. ૨૦૦૦/– (૧૩) ગીતાબેન એસ. ત્રિવેદી કલકત્તા રૂ. ૧૧૦૦/– (૧૪) કામીનીબેન કમલેશભાઈ પંડયા રૂ. ૫૦૧/– (૧૫) વસુધાબેન એસ. પંડ્યા રૂ. ૫૦૧/– (૧૬) ક્ષમાબેન જગદીશભાઈ શેલત રૂ. ૧૦૦૧/– (૧૭) રેખાબેન આર. શેલત રૂ. ૫૦૧/– (૧૮) જ્યોત્સનાબેન બી. દવે રૂ. ૫૦૦/– (૧૯) સુધાબેન શુકલ રૂ. ૧૦૦૧/– (૨૦) માયાબેન કે. દવે પ્લાસ્ટીકના ડબ્બાની ભેટ (૨૧) ગીતાબેન એચ. શુકલ – પ્લાસ્ટીકના ડબ્બાની ભેટ (૨૨) અમીબેન દણાક સર્વે કારોબારી સભ્યોને પ્રોત્સાહન ભેટ પુજામાં બેઠેલ સર્વે બહેનોને સાડીના બ્રોચ ભેટ આપી સન્માનિત કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમ માટે સર્વે દાતાશ્રીઓ તથા કારોબારી બહેનોના સાથ સહકાર માટે હૃદયપૂર્વક વંદન સાથે પ્રમુખ – પાયલબેન દવે, ઉપપ્રમુખ – ગીતાબેન શુકલ, મંત્રી રીટાબેન ઢગટ સર્વેનો આભાર જય અંબે અમેરિકાથી ડૉ. વનલતાબેન ભટ્ટ અધ્યક્ષશ્રીના આશીર્વાદ સાથે જય મહાદેવ.

**પાયલબેન પી. દવે** **રીટાબેન એમ. ઢગટ**

**પ્રમુખ** **મંત્રી**

**સર્વે કારોબારી બહેનો**


નામ : કુ. નિધિ એમ. ડોળિયા ઊંચાઈ : ૫'–૨'' વજન : ૫૫ કિલો

જન્મતારીખ : ૦૯–૧૧–૧૯૯૯ જન્મસ્થળ : ખેડા–ગુજરાત જન્મસમય : ૦૩.૩૪ બપોરે

અભ્યાસ : બી.કોમ., એમ. કોમ. એકાઉન્ટીંગ અને ફાયનાન્સ

મૂળવતન : સોજીત્રા વ્યવસાય : –

માસિક આવક : –




ગોત્ર : જાતુકર્ણ

રાશિ : વૃશ્ચિક

નક્ષત્ર : વિશાખા

નાડી : મધ્ય

માતાનું નામ : ભાવિનીબેન એમ. ડોળિયા

ભાઈ/બહેન : ૧–ભાઈ–અપરણિત

પિતાનું નામ : મનોજકુમાર એમ. ડોળિયા

સરનામું : પાર્ક ટાઉન, અમન કોઈલ સ્ટ્રીટ, હોટલ બ્લૂ સ્ટાર પાસે, ચેન્નઈ–૬૦૦૦૦૩

ફોન/મોબાઈલ : ૯૮૪૦૨૨૬૦૨૯ (પિતા), ૯૯૬૨૮૦૧૪૫૦ (માતા)

## રત્નકણિકા

– સ્પષ્ટતા આપવામાં સમયનો વ્યય ના કરશો, લોકો એ જ સાંભળશે જે તેઓ સાંભળવા લાગે છે.

– જીવનનો દરેક નવો દિવસ આપણને વધારે સારા બનવાનો મોકો આપે છે, કોશિશ કરવી કે આ મોકો વ્યર્થ ના જાય.

– વિચારો ગમે તેટલા જાગૃત અને ઊંચા હોય પણ જ્યાં સુધી તેનો અમલના થાય ત્યાં સુધી તેની કોઈ કિંમત નથી.

– બધું મન પર લો તો જિંદગી ઝેર છે, બાકી એક કાનથી સાંભળી બીજા કાને કાઢી નાખો તો જિંદગીમાં લીલાલહેર છે.

– માન અને વખાણ માંગવાથી મળતા નથી તેને કર્મોથી કમાવા પડે છે.


– તમારી પાસે જે નથી તેની ચિંતા છોડશો તો જ તમારી પાસે જે છે તેનો આનંદ મેળવી શકશો.

– ન બદલી શકાય તેવા ભૂતકાળને યાદ કરીને ઘણીવાર આપણે બદલી શકાય તેવા વર્તમાનને ગુમાવીએ છીએ.


– કોઈ વખાણ કરે કે નિંદા બંને સારાં જ છે, કેમ કે વખાણ પ્રેરણા આપે છે અને નિંદા સાવધાન થવાનો અવસર આપે છે.

| | | |
|---|---|---|
| Name | : | Shaily Daxesh Joshi |
| Height | : | 5’-3’’ |
| Weight | : | 41 Kg. |
| Birth Date | : | 02-09-2001 |
| Birth Time | : | 19.12 |
| Birth Place | : | Ahmedabad |
| Education | : | Bachelor in Pharmacy (B.Pharm) & M.Pharm (Ongoing) |
| Profession | : | Job |
| Monthly Income | : | Rs. /- |
| Native Place | : | |
| Mother Name | : | Darshna Daxesh Joshi |
| Borther/Sisters | : | 1-Brother-Married |
| Maternal Place | : | Maheshchandra S. Thaker - Ahmedabad |
| Father | : | Daxesh Rameshchandra Joshi |
| Address | : | 27, Shubhvilla Bunglows, Opp. Binori Bungalows, Avadhpuri, Arohi Club Road, Bopal Guma Road, Ahmedabad-380058 |
| Mobile No. | : | +91-9099054982 (Father) |
| E-mail | : | daxeshjoshi1969@gmail.com |
| Choice | : | Well Educated and Cultured |
| Note | : | |

| | | |
|---|---|---|
| Gotra | : | Chitranas |
| Nakshatra | : | Shatatara-2 |
| Rashi | : | Kumbh |
| Nadi | : | Aadh |
| Gan | : | Rakshas |
| Varna | : | Kshudra |
| Yoni | : | Ashwa |
| Varg | : | Mesh |




| | | |
|---|---|---|
| Name | : | Chi. Tirth Jignesh Dave |
| Height | : | 5‘-11’’ |
| Weight | : | 72 Kg. |
| Birth Date | : | 18-06-1997 |
| Birth Time | : | 09.29 Day |
| Birth Place | : | Ahmedabad |
| Education | : | M. E. Mechanical, M.B.A. General |
| Profession | : | Job |
| Monthly Income | : | 8000 USD |
| Native Place | : | Umreth |
| Mother Name | : | Panna J Dave |
| Borther/Sisters | : | 1- Unmarried |
| Maternal Place | : | Lambha |
| Father | : | Jignesh M. Dave |
| Address | : | 8, Vishrampark Society, Opp. R. C. Patel School, Vasna, Ahmedabad |
| Mobile No. | : | 9327113581 |
| E-mail | : | jignesh197049@gmail.com |
| Contact | : | Jignesh M. Dave / Apeksh M. Dave |
| Address | : | 8, Vishrampark Society, Opp. R. C. Patel School, Vasna, Ahmedabad<br>804, Pine Valley Court, Weddinggton North Carolina (NC) -28104 |
| Phone | : | 9327113581, 9638453876, +1 7047560587 |
| Choice | : | - |
| Note | : | - |
| Gotra | : | Vacchas |
| Nakshatra | : | Vishakha |
| Rashi | : | Tula |
| Nadi | : | Antya |
| Gan | : | Rakhshas |
| Varna | : | Shudra |
| Yoni | : | Vyaghr |
| Varg | : | Manav |




નામ : ચિ. માલવ હિતેન્દ્ર શેલત
ઊંચાઈ : ૫’–૬’’
વજન : ૫૪ કિલો
જન્મ તારીખ : ૧૮–૦૬–૧૯૯૯
જન્મ સમય : ૦૫.૫૦ સાંજે
જન્મ સ્થળ : નડિયા, ગુજરાત, ભારત
અભ્યાસ : બી.કોમ., (એલ.એલ.બી.), એમ.બી.એ. ઈન બિઝનેસ એનાલીસ્ટીક (વિથ પ્લેસમેન્ટ વર્ષ)
વ્યવસાય : નોકરી
માસિક આવક : –
મૂળ વતન : ઉમરેઠ, ગુજરાત
માતાનું નામ : રૂપલબેન હિતેન્દ્ર શેલત
ભાઈ/બહેન : –
મોસાળ : દક્ષાબેન વસંતલાલ દવે, નડિયાદ
પિતા : હિતેન્દ્ર મનુપ્રસાદ શેલત
સરનામું : ૧૧, દર્શન રેસિડેન્સી, ક્રિષ્ના એવન્યુ પાસે, વિનુકાકા માર્ગ, લાંભવેલ રોડ, આણંદ–૩૮૮૩૧૫
ફોન નં. : ૯૪૨૬૪૬૯૧૬૬ (પિતા–હિતેન્દ્રભાઈ)
૬૩૫૨૯૬૨૩૭૦ (માતા–રૂપલબેન)
ઈ–મેઈલ : –
સંપર્ક : –
સરનામું : –
ફોન નંબર : –
પસંદગી : –
નોંધ : મંગળ સાદો

ગોત્ર : ઉપમન્યસ
નક્ષત્ર : મઘા
રાશિ : સિંહ
નાડી : અંત્ય
ગણ : રાક્ષસ
વર્ણ : ક્ષત્રિય
યોનિ : મૂષક
વર્ગ : ઉંદર



| | | |
|---|---|---|
| Name | : | Chi. Jayraj Rudradutt Shelat (Greencard Holder) |
| Height | : | 5‘-6’’ |
| Weight | : | 68 Kg. |
| Birth Date | : | 01-12-2000 |
| Birth Time | : | 10.38 a.m. |
| Birth Place | : | Anand |
| Education | : | B.Pharm (ARCP), M. Pharm in Industrial Pharmacy & Cosmetic Science Long Island University, Brookly, NYC |
| Profession | : | Job |
| Monthly Income | : | - |
| Native Place | : | Umreth |
| Mother Name | : | Gayatri Rudradutt Shelat |
| Borther/Sisters | : | 1-Sister-Unmarried |
| Maternal Place | : | Babubhai Chimanlal Bhatt (USA Citizen) |
| Father | : | Rudradutt Shubhashchandra Shelat |
| Address | : | 8, Meghdoot Society, Oddb Road, Ganesh Chokdi, Anand-388001 |
| Phone No. | : | - |
| Mobile No. | : | 9427063490 (Father),<br>9428903773 (Mother, What’s APP)<br>+1(716)5470440 (Mother USA) |
| Address | : | Jayraj’s Address : Jersey City, NJ, USA |
| Note | : | શનિ મંગળ નથી |
| Gotra | : | ઉપમન્યસ |
| Nakshatra | : | શ્રવણ |
| Rashi | : | મકર |
| Nadi | : | અંત્ય |
| Gan | : | દેવ |
| Varna | : | વૈશ્ય |
| Yoni | : | વાનર |
| Varg | : | માર્જર |



## લઘુવાર્તા – ભાઈ બહેન

સંજયભાઈ મને જમીનમાં મારો ભાગ આપી દો હું બીજું કાંઇ ના જાણું !

હમજુ તું કેમ નથી હમજતી ? તારો ભાગ જમીનમાં હવે થાતો નથી એટલે આ બાબતની તો તું કોઈ વાત જ ના કરતી ! આ જમીન મારા બાપની છે. તારા લગન મફત થઈ ગયા ? એમાં કાંઈ ખર્ચો નહીં થયો હોય ? તને અડધા ભાગની જમીન આપી દઉં તો મારી વાંહે હું વધે ? તારે ઘરે ખાધા પીધા જેટલી જમીન છે, પછી અહીં હું કરવા ભાગ માંગવા આવી ?

કેમ અડધી જમીન વધે નઈ ? અને તમારા બાપની જમીન છે તો મારા બાપની નથી ? મારા લગનમાં ખરચ કઈરો તો તમારા લગન મફત થઈ ગયા છે ? વારસદારમાં મારું નામ છે જ એટલે અડધો ભાગ તો લઈને જ રઈશ.

આવી ખબર હોત તો તારું નામ ચડાવત જ નહીં.

તો હું વારસદાર મટી જાત ? ના ચડાઈવું હોત તો કોરટ મારફત ચડાવત બાકી મારો ભાગ તો નથી મૂકવાની ! સીધી રીતે દઈ દો નઈંતર કોરટથી લઈશ.

તારે જવું હોય ન્યાં જા હું તને જમીન નથી દેવાનો !

છેવટે જરૂરી આધાર પુરાવા સાથે હમજુએ સોગંદનામુ કરી મામલતદાર કચેરીમાં પોતાના ભાગમાં આવતી જમીનમાં અડધા ભાગે ૧૦ વીઘા જમીનનું ખાતું નોખું કરી પોતાના નામે ચડાવવા અરજી આપી. એન્ટ્રી નંખાતા સંજયે વાંધા અરજી આપી ત્યારે તકરારી રજીસ્ટરે નોંધ લેવાતા કેસ ચાલી જઈ ખાતા નોખા કરવાની નોંધ મંજૂર કરવામાં આવી. અપીલમાં પણ સંજય હારી જતા સિવિલ કોર્ટમાં ગયો. ત્યાં પણ સંજય હારી ગયો. ૧૦ વીઘા જમીન હમજુનાં નામે ખાતે અને કબજે આવી ગઈ.

આ બનાવ પછી ભાઈ બહેન વચ્ચે અબોલા થઈ ગયા.

દુશ્મનાવટનું સ્વરૂપ ધારણ કરી લીધું. સંજયે ઘરમાં પણ ફરમાન કરી દીધું કે, બેન સાથે કોઈ વ્યવહાર રાખવાનો નથી. બાળકોને પણ સખત તાકીદ અપાઈ ગઈ. સમય વ્યતીત થતો જાય છે. સંજયનો દીકરો સાક્ષર ભણવામાં હોશિયાર એચએસસીમાં ૯૦ ટકા સાથે જિલ્લા ફર્સ્ટ આવ્યો આ દરમિયાન સંજય પાસે કટકે કટકે દોઢ વિઘાના ખરાબાના ટુકડા સિવાય જમીન વહેંચાઈ ગઈ હતી.

આગળ અભ્યાસ કરતા સાક્ષર ગ્રેજ્યુએશન પૂર્ણ કરી અનુસ્નાતક થયો, સાથે સાથે જીપીએસસીની તૈયારી પણ કરતો હતો. ફળસ્વરૂપે જીપીએસસીની પરીક્ષા આપી અને પ્રથમ અજમાયશે રેક્ન સાથે પાસ થઈ જતા સીધી ડેપ્યુટી કલેકટરની જગ્યા પર પસંદગી થઈ. પોતાના સમાજમાં અત્યાર સુધી કોઈપણ વ્યક્તિ ક્લાસ ૧ની પોસ્ટ પર પહોંચેલ ના હોય સમાજે તેના સન્માનનો કાર્યક્રમ રાખ્યો.

સમાજ એકત્રિત થયો જનમેદની હકડેઠઠ હતી. આજુબાજુનાં ગામોમાંથી નાતીલાઓ આવેલ. સાક્ષર સાથે તેના મા –બાપનું પણ સન્માન કરવાનું હોય તેઓ પણ સ્ટેજ પર બિરાજમાન હતા.

સભા ચાલુ થતાં ફૂલહાર અને શાલથી સન્માનિત થયા બાદ પ્રમુખ સહિત અનેક વક્તાઓ દ્વારા ઉદબોધન કરવામાં આવ્યું. હરેક વક્તાએ યથાયોગ્ય પ્રસંગને અનુરૂપ ઉદબોધન કરેલ.

ત્યારબાદ ઉદઘોષકે જાહેરાત કરી કે, ભાઈશ્રી સાક્ષરભાઈ આ સન્માન સંદર્ભે પોતાનો પ્રતિભાવ આપશે. આપણે એમને વિનંતી કરીએ કે, તેઓ પોતાની સંઘર્ષમય સફરનો ચિતાર આપે એમણે જે ઉપલબ્ધિ હાંસલ કરી છે તે મેળવવા શું કરવું જોઈએ તે વિશે માર્ગદર્શન આપણને આપે, જેથી આપણા જ્ઞાતિના બાળકોને એમાંથી પ્રેરણા મળે. હું સમાજ વતી વિનંતી કરું છું કે, તેઓ આપણને તેમના અનુભવોના અજવાળાથી આપણને અવગત કરી પ્રકાશિત કરશે.

સાક્ષર પ્રતિભાવ આપવા ઉભો થયો એ પહેલા એમના માતા–પિતાને પગે લાગી, સમાજના વડીલોને પગે લાગ્યો. સમસ્ત સમાજને ઝૂકીને પ્રણામ કરી વક્તવ્ય આપવાનું ચાલુ કર્યું. હાજર આપણા સમાજના સર્વેજનોનો આભારી છું કે, મારુ તેમજ મારા મમ્મી–પપ્પાનું સન્માન કરી મને આપનો ઋણી બનાવી દીધો. આ સ્ટેજે પહોંચવાની નેમમાં મારી મહેનત કામ કરી ગઈ, એટલો જ મારા મમ્મી–પપ્પાનો ભોગ કામ કરી ગયો છે. એમણે મારી પ્રગતિ માટે જે ભોગ આપ્યો છે એનું જ આ પરિણામ છે. મને આજ આ લાયક બનાવવામાં મારી મહેનત અને મારા મમ્મી–પપ્પાનો ભોગ આમ ત્રણેયનો ત્રિકોણ કામ કર્યો એવું સમાજને લાગે છે. પરંતુ મારી પ્રગતિમાં ત્રિકોણ નહીં પણ ચતુષ્કોણનો પણ ફાળો છે. એ ચોથો ખૂણો મારા જીવનમાં ના હોત તો હું સંપૂર્ણપણે અધૂરો હોત. એનો આજ મારે સમાજ સમક્ષ ખુલ્લા દિલે એકરાર કરવો છે. અને એ ચોથો ખૂણો એ મારા હમજુ ફઈ. આ નામ સાંભળતાં જ સ્ટેજ પર બેસેલા તેમજ સમાજનાં તમામ લોકો ચોંકી ગયા કે, સાક્ષર આવું કેમ બોલે છે?

તમો સર્વેને ખબર છે કે, મારા હમજુ ફઈએ પોતાનો ભાગ મેળવવા અમારા સામે કોર્ટનો આશરો લઈ અડધી જમીન પોતે લઈ લીધી હતી. અમારા તેમની સાથેના તમામ સંબંધો કોરવાણ થઈ કટ થયા હતા. અમારા સંબંધોમાં એટલી બધી કડવાસ આવી ગઈ હતી કે, અમે એમના મુખારવિંદના દર્શન કરવા પણ ઇચ્છતા નહોતા. મને પણ મારા ફઈ માટે ભારોભાર નફરત હતી. એટલે તમને આ વાતથી નવાઈ લાગી ને? સભામાંથી હા શબ્દનો હોંકારો આવતા સાક્ષર બોલ્યો, તો સાંભળો આજ એની કહાની જણાવું.

હું હાઈસ્કૂલમાં આવ્યો, અમારી આર્થિક પરિસ્થિતિ નબળી. હું ફીનાં પૈસા ભરી શકું એમ નહોતો ત્યારે આચાર્યશ્રીએ મને બોલાવીને કહેલ કે, "સાક્ષર તારા ધોરણ ૧૨ સુધીની ફીનાં પૈસા ભરાઈ ગયા છે. અને તારા પાઠ્યપુસ્તકો અને નોટબુકો પણ અત્રેથી આપવામાં આવશે. તને ડ્રેસ પણ અત્રેથી આપવામાં આવશે." "આ બધું તને સ્કૂલ તરફથી એટલા માટે આપવામાં આવે છે કે, તું એકદમ હોશિયાર વિદ્યાર્થી છે." મારા જન્મદિવસે સ્કૂલના તમામ વિદ્યાર્થીઓને ચોકલેટો મળતી. બારમા ધોરણમાં હું જિલ્લામાં ફર્સ્ટ આવ્યો ત્યારે અમારા શિક્ષકોને પગે લાગવા ગયો. આચાર્યશ્રીને પગે લાગવા ગયો ત્યારે મારા મનમાં એક પ્રશ્ન ઘોળાતો હતો એ જણાવ્યો; અને સમ દઇ સત્ય જવાબની અપેક્ષા રાખી. સાહેબે જે જવાબ આપ્યો એ સાંભળી મારા પગ નીચેથી ધરતી સરકી ગઈ. સીધો હું મારા ફઈને ઘરે જઈ એમના પગમાં પડી રડવા લાગ્યો.

મારા ફોઈએ મને બેઠો કરી છાનો રાખ્યો. ૯૦ ટકા માર્ક આવતા મને અભિનંદન આપી મીઠું મોઢું કરાવ્યું. બેસાડી બધાનાં ખબર અંતર પૂછ્યા. મેં ફઈની માફી માંગી અને પૂછ્યું,

ફઈ તમે મારી ફી ભરી દેતા મારો જન્મદિવસ યાદ રાખતા અને હરેકના મોં મીઠા કરાવતા, ચોપડાઓ આપતા આ બધું મારી જાણ બહાર કરેલ એ તો સમજી શકાય. કારણ અમે તમને નફરત કરતા હતા. જેથી અમે ના સ્વીકારીએ તો? પરંતુ મારા માટે આટલો બધો પ્રેમ લાગણી હતી તો પછી મારા પપ્પા સામે કોર્ટમાં કેસ કરી જમીન કેમ લઈ લીધી હતી? એ નથી સમજાતું!

દીકરા એ જાણીને તારે શું કરવું છે?

ના ફઈ આજ તો તમારે મને આ વાત કરવી જ પડશે, ના કહો તો તમને મારા સમ છે.

તો સાંભળ દીકરા, તારા પપ્પા એકદમ ભોળા છે. એના ભોળપણનો લાભ લેવા એના મિત્રોએ એની સાથે રમત રમી. એને ધીમે ધીમે જુગારના રવાડે ચડાવ્યા. મિત્રો તો બધા કાબેલ અઠંગ  ખેલાડી ધીમે ધીમે તેઓ એને ઝાળમાં ફસાવતા ગયા અને પૈસા પડાવતા ગયા. આ જાણ મને થઈ મને થયું આ લોકો ભાઈની તમામ જમીન પચાવી પાડશે. ભાઈ એ લોકોની વાતમાં એટલા બધા આવી ગયા હતા કે, હું એને સમજાવું તો પણ માને એમ નહોતા. હવે જમીન બચાવવા મારે શું કરવું? અને મેં આ રસ્તો લીધો. જયેં આ કામ કઈરું તઇયેં મારો જીવ બળતો હતો; પરંતુ બીજો કોઈ રસ્તો નો તો. આ કામ માટે  ભાઈ–ભાભી અને તું મને માફ કરી દેજે. આમ કહીને એ રડવા લાગ્યા. મને પણ અફસોસ થયો કે, મારા અંબા સ્વરૂપા ફઈને ખોટા સમજી મોટો ગુનો કરેલ છે, અમારા અપરાધની માફી મળે એમ નહોતી છતાંય મેં એની માફી માંગી. મને એક શરતે એણે માફી આપી કે, હું તને ભણાવવામાં મદદ કરું છું એ વાત ઘરમાં કોઈને ના કે તો. નઈંતર એ બંધ કરાવશે. હવે તારે ભણવાનો ખર્ચો વધુ આવશે એ બધું હું આપીશ. તારા પપ્પા પાસે એક રૂપિયો પણ ના લેતો. અને કહેજે કે, સરકારમાંથી મદદ મળે છે.

આવી રીતે હું આ પાયરીએ પહોંચ્યો, હવે સમાજ નક્કી કરો કે મારી પ્રગતિમાં આ ચોથો ખૂણો ના હોત તો હું ભણીને આ કેટેગરીએ પહોંચી શક્ત ખરો? આખો સમાજ સ્તબ્ધ થઈ સાંભળી રહ્યો હતો. અનેકની આંખમાંથી આંસુ ટપકી રહ્યા હતા. ટાંચણી પડે તો પણ અવાજ સંભળાય એવી નીરવતા ફેલાઈ હતી. બે મિનિટ બાદ સભામાંથી અવાજ આવવા ચાલુ થઈ ગયા કે, હમજુબેનને બોલાવો અમારે સન્માનના સાચા હકદારને સન્માનિત કરવાં છે. ત્યારે સાક્ષર બોલ્યો મેં ફઈને બોલાવી લીધેલ છે સભામંડપની બહાર જ બેઠા હશે.

સમાજની ચાર બહેનો બહાર આવી હમજુને અંદર લઈ આવી. દરવાજામાં પ્રવેશતા જ સંજયની નજર એમના પર ગઈ અને સ્ટેજેથી દોટ મૂકી બેનને ભેટીને મોકળા  સાદે રડી પડ્યો. આ ભાવુક દ્રશ્ય જોઈ સભામાં બધા ઊભા થઈ રડવામાં સંજયને સાથ દેવા લાગ્યા. સભામાં હમજુબેન... હમજુબેનનાં નારા લાગવા માંડ્યા. ભાવનાના દરિયામાં હરેક તણાતા હતા. શાંતિ થયા બાદ લોકોએ હમજૂને બે શબ્દો બોલવાની હિમાયત કરી.

એટલે હમજુ માઈક પાસે આવી બોલી મને ઝાઝુ તો બોલતા નથી આવડતું; મારે ભાઈની મિલક્ત નઈ મારે ભાઈ જોતો તો. સાક્ષર સાહેબ બની ગયો એ જાણીને બીજા દિવસે ઓફિસમાં જઈને ભાઈની જમીનનું ભાઈના નામનું દસ્તાવેજ કરી દીધેલ એ લેતી આવી છું. આમ કહી થેલીમાંથી દસ્તાવેજ કાઢી ભાઈને આપી દીધું; ત્યારે સભામાંથી ફૂલોની વર્ષા થઈ જાણ્યે દેવોએ આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરી હોય એવું લાગતું હતું. મેં ભાઈની જમીન વાવી એનો અલગ

હિસાબ રાખેલ સાક્ષરને ભણાવવાના ખરચાનાં બાદ જાતા ચાર લાખ રૂપિયા વધેલ છે; આમ કહી થેલીમાંથી પાકીટ કાઢી એ ભાઈના હાથમાં મૂકી દીધું. આજ રક્ષાબંધનનો દિવસ છે, હર સાલ હું પાણિયારે દીવો કરી રાખડી મૂકી દેતી તી. મેં ગુમાવેલ ભાઈ આજ મળી ગયો એટલે રાખડી લઈને આવી છું, આમ કહી ભાઈના ઓવરણા લઇ રાખડી બાંધતા બોલી આજ મને દુનિયાનું તમામ સુખ મળી ગયું છે.

ત્યારે સંજય એટલું જ બોલી શક્યો, ભાઈને કાંડે બેન રાખડી બાંધી પોતાની રક્ષાની માગણી કરે પણ આજ તો મારા કાંડે બેને રક્ષા બાંધી અને મારી રક્ષા પણ કરી. આને જ તો બેન કેવાય ને?.. આ રૂપિયા પર બેન તારો હક છે અને રૂપિયા પરત આપ્યા ત્યારે બહાર વગડતા રેકોર્ડરમાં ગીત વગડી રહ્યું હતું, ફુલોંકા તારોંકા સબકા કહેના હૈ,

એક હજારોંમેં મેરી બહેના હૈ,
સારી ઉંમર હમેં સંગ રહેના હૈ.

---

## ઓહો.... ૭ વાગી ગયા ...

અચાનક ટીના નું ધ્યાન પોતાના લેપટોપ પરની ઘડિયાળ પર ગયું. તેને આજુબાજુ નજર કરી તો ઓફિસમા થી મોટાભાગના લોકો જતા રહ્યા હતા. બહુ મોડું થઇ ગયું, ઘરે પહોંચતા હજુ ૧ કલાક ઉપર નીકળી જશે ને આજે ફરીથી મમ્મી ખીજાશે કે આટલું બધું કામ શું કરવા કરે છે? કામની પાછળ તને સમયનું પણ ભાન નથી રહેતું. ટીના સમજતી હતી કે તે એક માં ની ચિંતા અને પ્રેમ હતો, એટલે એ હસી ને મમ્મીની કેહતી કે હા, ખીજાઇ લે, ખીજાઇ લે...પણ જોજે એક દિવસ હુ જીવનના એક એવી ટોચ પર પહોંચીશ કે તુ ગર્વથી કહીશ આ મારી દીકરી છે. તેના મમ્મી–પપ્પાને તો અત્યારે પણ તેની શ્રમતા અને મહેનત પર ગર્વ હતો, જોકે ટીના એ વાતથી અજાણ નહોતી.

ટીના આવા વિચારોની વચ્ચે ઘરે જવા પોતાની બેગ પેક કરતીજ હતી ત્યાં એક ઇમેલ નુ નોટિફિકેશન આવ્યું. પહેલા તો થયું કે ઘરે જઇ ને જોઇ લઇશ, ફરી યાદ આવ્યું કે હું જે પ્રોજેક્ટના પાસ થવાની રાહ જોવ છું ક્યાંક એજ નહિ હોય ને? અરે હા એજ હશે, અત્યારે અમેરીકામા તો દીવસ હશે ને. પછી તો કઈ રાહ જોવાતી હશે, એને ફટાફટ ભગવાનનુ નામ લઇ ઇમેલ ઓપન કરીજ નાખ્યો. ઇમેલમાં ઉપરજ લખેલ "Congtaulations" વાંચતા જ તેની ખુશીનો પાર ના રહ્યો. કેમ ના હોય આ પ્રોજેક્ટ માટે તે તનતોડ મેહનત કરી રહી હતી અને પોતાના સપનાઓ સુધી પહોંચવાની સીડીમાં આ પ્રોજેક્ટ એક પગથિયાનું કામ કરવાનું હતું.

ખુબ ખુશ થતા તેને પોતાનું લેપટોપ બંધ કરી, ફટાફટ ઘરે જવા નીકળી. ઘરે જઇને મમ્મી–પપ્પાને આ ખુશખબરી રૂબરૂ આપવી હતી એટલે ફોન કરવાનું પણ માંડી વાળ્યું, તેને ખબર હતી ફોને કરીશ તો કહ્યા વગર નહિ રહેવાય. રસ્તામાં થી મીઠાઇનો ડબ્બો લઇ જેવી ઘરનો દરવાજો ખોલી અંદર ગઇ તે સામેજ સોફા પર પપ્પા અને તેમને પાસે તેમના પપ્પાના દૂર ના ભાઈ એટલે ટીનાના કાકા પણ દેખાયા. તેમને જોતાવેંત તેને મનોમન વિચારી લીધું કે કાકા જશે પછી મમ્મી પપ્પા ને ખુશખબર આપીશ. પણ પપ્પાની નજર થી મીઠાઇનો ડબ્બો ક્યા છુપાવાનો હતો, એટલે એમણે તરત કહ્યુ, વાહ 'મીઠાઈ' કઈ સારા સમાચાર છે ? તારો પહેલો

પ્રોજેક્ટ પાસ થઇ ગયો લાગે છે. પછી તો ટીના પણ ક્યાં ઝાલી રહે તેમ હતી, તે બેવડી ખુશી સાથે પપ્પાને મીઠાઈ ખવડાવતા બોલી.. હા પપ્પા, હવે જોવો ક્યાં પહોંચ્યું છું. મમ્મી આ સાંભળીને કિચનમાંથી બહાર દોડી આવ્યા, અને દીકરીના માથે હાથ મૂકી ને જીવનમાં ખુબ આગળ વધવાના આશીર્વાદ આપ્યા. ત્રણેય ખુબજ ખુશ હતા.

આ બધું દૂર ના કાકા જોઈ રહ્યા હતા, તેમને સમજાતું નહોતું કે ક્યાં પ્રોજેક્ટ ની વાત કરે છે. ટીનાના પપ્પા તેમના હાવભાવ પરથી તેમના મનમા ચાલતી ગડમથલ સમજી ગયા એટલે તેમને ટીનાના નવા પ્રોજેક્ટ વિશે વાત કરી સાથે એ પણ કહ્યું કે આ પ્રોજેક્ટ માટે તેને અમેરિકા પણ જવાનુ થશે અને ઘણી મોટી કંપની સાથે કામ કરવાનો મોકો પણ મળશે, આ અનુભવ તેને આગળ કેરિયરમા ખૂબ કામ આવશે.

આ બધું ધ્યાનથી સાંભળી રહેલ કાકા એ પહેલા તો બધા ને અભિનંદન આપ્યા. પછી ટીનાના મમ્મીએ બનાવેલ આદુવાળી કડક મીઠી ચા નો ઘૂંટડા ભરતા કહ્યું, પેલા આપણા માસી નો દીકરો છે ને એને દીકરી પણ આવા જ કંઇક પ્રોજેક્ટ પર કામ કરતી હતી. સાંભળ્યું છે કે મહેનત પણ ખુબ કરતી હતી તો પણ પ્રોજેક્ટ સાવ નિષ્ફળ ગયો અને હવે એ અફસોસ કરે છે કે કારણ વગર ના ૩ વર્ષ બગાડ્યા, એ કરતા તો જે જોબ કરતી હતી એજ ચાલુ રાખી હોત તો સારું થાત. હજુ આગળ બોલવા જતા હતા ત્યા તેમનુ ધ્યાન ટીનાના પપ્પા તરફ ગયું તેમના હાવભાવ જોઈ તરત સમજી ગયા કે એમને આ વાત ગમી નથી એટલે ઉભા થતા થતા બોલ્યા હવે હું નીકળું, ઘણું મોડું થઇ ગયું. લ્યો ત્યારે આવજો..

આ વાત ફક્ત ટીનાની જ નથી, આવું ક્યાંક ને ક્યાંક આપણા બધા સાથે ક્યારેય થતુ હોય છે.

ઘણા લોકો આવી વાતો સાંભળી પોતાની શ્રમતા પર શંકા કરવા લાગે છે. જયારે કોઈ નવુ કામ ચાલુ કરો, નવો આઈડિયા, નવા સંબંધ જો શંકા સાથે ચાલુ થાય તો સારા પરિણામો આવવા બહુ મુશ્કેલ બની જાય અને એ ઉભી કરાયેલ શંકાને કારણે જયારે નિષ્ફળ જાઇએ ત્યારે કહેવાતા એ સગા–સબંધી પહેલું વાક્ય કહેશે કે "મેં તો પહેલાજ કહ્યું હતું"

કોઈ પણ નવું કાર્ય ચાલુ કરો ત્યારે પહેલા તો બધી ચકાસણી કરી લેવી જોઈએ ,બધી રીતે માપી–તોલી, ઘરના વડીલો સાથે ચર્ચા કરી કોઇ નિર્ણય કરી લો પછી આવી વાતો થી ડગવું નહી. કઇક નવું કરવા માટે હિમ્મત જોઈએ એ હિમ્મત ક્યારેય આવી વાતો થી તૂટવા દેવી નહિ . પુરી મે

મહેનત અને એકાગ્રતા સાથે એ કામ માં લાગી જવું સપના તમારા છે તો તેને પુરા કરવાની જવાબદારી પણ તમારી છે.

જીવનમા ટીકા કરવાવાળા થોડા લોકો મળશેજ. આપણે સમજવાનુ એ છે કે એ લોકો આપણી ટીકા એટલા માટે નથી કરતા કે તેઓને આપણી આવડત પર શંકા છે, પણ એટલા માટે કરે છે કે તેમને ડર છે કે ક્યાંક આપણે તે કામ થકી સફળતા પ્રાપ્ત કરી લઇશુ જે કદાચ તેઓ મેળવી શક્યા ના હોય.

જીવનમા બીજી બાજુ એવા લોકો પણ મળશે જે તમારા પર ભરપૂર વિશ્વાસ કરતા હશે. જે તમને ખરા અર્થમાં પ્રેમ કરતા હશે, આવા લોકો ને સાથે રાખી જીવનમાં આગળ વાંધો...

યુધિષ્ઠિરે પૂછ્યું, 'બોલો, મારી સામે કોણ રમશે?'

દુર્યોધન બોલ્યો: 'હોડમાં જે ધન અને રત્નો મૂકાશે તે મારાં હશે અને મારા વતી મારા મામા શકુનિ રમશે.'

યુધિષ્ઠિરે કહ્યું, 'એક વતી બીજો માણસ રમે એ વાત મને જરા વિશિષ્ટ લાગી રહી છે, પણ ઠીક છે. મારા વતી તો હું પોતે જ રમીશ.'

અહીં એક અત્યંત મહત્ત્વની આડ વાત, ખરેખર તો મહાભારતની એક મુખ્ય વાત, સમજવા જેવી છે.

જૂગટું રમાયાને ઘણાં વર્ષો વીતી ગયાં હતાં. કૃષ્ણ પોતાનું અવતારકાર્ય પૂરું કરીને વૈકુંઠમાં પાછા ફરવાની તૈયારી કરી રહ્યા હતા. એ વખતે એમણે પોતાના અત્યંત નિકટના સાથી–સહયોગી ઉદ્ધવને કહ્યું, 'લોકોએ તો મારી પાસેથી ખૂબ માંગ્યું, પરંતુ તમે ક્યારેય કશું નથી માંગ્યું. આજે માંગી લો.'

ઉદ્ધવે વસ્તુ માગવાને બદલે એક મૂંઝવણનો ઉકેલ માંગ્યો. એમણે કહ્યું, 'પહેલાં તો મને એ કહો કે સાચો મિત્ર કોણ?'

કૃષ્ણએ કહ્યું, 'જરૂર પડે ત્યારે માંગ્યા વિના મદદ કરે એ સાચો મિત્ર.'

પછી ઉદ્ધવે મૂળ સવાલ પૂછ્યો: 'જો આ જ તમારી વ્યાખ્યા હોય તો એ દિવસે તમે હસ્તિનાપુરમાં યુધિષ્ઠિરને જૂગટું રમતાં કેમ ન રોક્યા? એ રમતમાં પાસા યુધિષ્ઠિરના પક્ષમાં પડે એવું કેમ ન કર્યું? તમે તો કહો છો કે માંગ્યા વિના જે મદદ કરે તે સાચો મિત્ર, પણ એ દિવસે તમે પાંડવોને માંગ્યા વિના મદદ નહોતી કરી. તો પછી તમને પાંડવોના સાચા મિત્ર ગણી શકાય ખરા?'

કૃષ્ણએ હસીને જવાબ આપ્યો: 'સૃષ્ટિનો નિયમ છે કે જેનામાં વિવેક હોય એ જીતે. એ દિવસે દુર્યોધને વિવેકબુદ્ધિ વાપરી એટલે એ જીત્યો અને યુધિષ્ઠિરે ન વાપરી એટલે એ હાર્યા. દુર્યોધનને સમજાયું કે દ્યૂતમાં એ બહુ સારો ખેલાડી નથી એટલે એણે પોતાના બદલે પાક્કા ખેલાડીને રમાડ્યો. એ જ રીતે યુધિષ્ઠિરને પણ ખબર હતી કે એ પોતે બહુ સારા ખેલાડી નથી અને છતાં એ જાતે જ રમ્યા. એમણે એમના વતી મને રમાડવાનો વિચાર કર્યો નહીં. બાકી તમે જ કહો ઉદ્ધવ, દુર્યોધન વતી શકુનિ રમ્યો એ જ રીતે સામે પક્ષે યુધિષ્ઠિર વતી હું રમ્યો હોત તો કોણ જીત્યું હોત? પાસા મારી તરફેણમાં પડ્યા હોત કે શકુનિની? ચાલો, એ વાત પણ જવા દઈએ કે યુધિષ્ઠિરે મારી મદદ લેવા જેટલી વિવેકબુદ્ધિ ન દાખવી, પરંતુ એમણે એનાથી પણ મોટી ભૂલ એ કરી કે મનોમન પ્રાર્થના કરીને મને દ્યૂતસભાથી દૂર રાખ્યો. એ નહોતા ઇચ્છતા એ દ્યૂત રમવા બેઠા છે એવું હું જાણું. એમણે એમની પ્રાર્થના વડે મને બાંધી દીધો હતો. બાકી હું તો મદદ કરવા તૈયાર જ બેઠો હતો. એ દ્યૂતસભામાં છેવટે જ્યારે દ્રૌપદીએ મને યાદ કર્યો કે તરત હું મદદ કરવા પહોંચી ગયો હતો. હવે બોલો ઉદ્ધવજી, આમાં મારો શું વાંક?'

ઉદ્ધવ આસાનીથી માની જાય એવા નહોતા. એ બોલ્યા: 'તમારી દલીલ મજબૂત છે, પરંતુ આનો અર્થ તો એવો થયો કે ભક્ત ઇશ્વરની મદદ માગે તો જ ઇશ્વર મદદ કરવા જાય. ભક્ત મદદ ન માગે તો ઇશ્વર સામે ચાલીને ન જાય. એ ભક્તને હેરાન થતો જોયા કરે.'

કૃષ્ણએ ફરી હસીને જવાબ આપ્યો: 'આ સૃષ્ટિમાં સૌનું જીવન પોતપોતાનાં કર્મફળ પર આધારિત હોય છે. એ જીવનને હું દોરવણી નથી આપતો. હું એમાં હસ્તક્ષેપ નથી કરતો. હું કેવળ એક સાક્ષી છું. હું સતત માનવીની અત્યંત નિકટ રહીને એને જોતો રહું છું. આ જ ઇશ્વરનો ધર્મ છે.'

ઇશ્વરનો ધર્મ. આ વાત ગજબની છે. માણસનો તો ધર્મ હોય, ઇશ્વરનો પણ હોય? શું ઇશ્વર પણ પોતાના ધર્મથી બંધાયેલો હોય?

કૃષ્ણ સ્પષ્ટપણે કહે છે કે ઇશ્વરે પણ પોતાના ધર્મને અનુસરવાનું હોય. કૃષ્ણ અહીં જે ધર્મની વાત કરે છે એમાં મૂળ તો કર્તવ્યના ક્ષેત્રની વાત છે. કૃષ્ણ ઉદ્ધવજીને કહે છે કે જુગારમાં યુધિષ્ઠિરને હું સામે ચાલીને મદદ કરવા ન જઈ શકું, કારણ કે એ મારા કર્તવ્યના ક્ષેત્રની બહારની વાત છે.

ત્યારે ઓધાજીએ વ્હાલા કૃષ્ણને સહેજ વઢીને કહ્યું, 'વાહ, તમે ભારે જબરા. તમારા કહેવાનો અર્થ તો એવો થયો કે તમે અમારી એકદમ નજીકમાં ઊભા રહીને અમારાં દુષ્કર્મો જોતાં રહો છો. અમે પાપનાં પોટલાં બાંધીએ ત્યારે તમે કશું કર્યા વિના, અમને રોક્યા વિના, ચૂપચાપ સાક્ષી બનીને તમાશો જુઓ. અને પછી જ્યારે અમે પોટલાં બાંધી લઈએ ત્યારે તમે અમને સજા કરો. આ કેવું?'

આ વખતે કૃષ્ણએ હસીને નહીં, એકદમ ગંભીર થઈને કહ્યું, 'ઉદ્ધવ, તમે શબ્દોના ઊંડા અર્થને બરાબર સમજો. હું તમારી એકદમ નજીકમાં હાજર છું એવું તમે અનુભવના સ્તરે સમજો ત્યારે શું તમે કશું ખોટું કરી શકો ખરા? ના, મારી નિકટતાની ઉત્કટ અનુભૂતિ થતી હોય ત્યારે તમે કશું ખોટું કરી જ ન કરી શકો, પરંતુ તમે જ્યારે મારી ઉપસ્થિતિને ભૂલી જાઓ છો અને એવું સમજવા લાગો છો કે મારાથી છુપાવીને તમે કશુંક કરી શકો છો, ત્યારે તમે મુશ્કેલીમાં મુકાઓ છો. ધર્મરાજ (યુધિષ્ઠિર) આ અજ્ઞાનને કારણે મુશ્કેલીમાં મુકાયા. એમણે માની લીધું કે એ જુગાર રમશે અને મને ખબર નહીં પડે. જો યુધિષ્ઠિરમાં એવી સાચી, ઊંડી અને મજબૂત સમજ હોત કે હું સૌ કોઈની સાથે પ્રત્યેક પળે સાક્ષી તરીકે હાજર હોઉં છું તો હે ઉદ્ધવ, શું તમને નથી લાગતું કે એ દિવસે જુગારની રમતનું રૂપ કંઈક જૂદું જ હોત?'

–અને અહીંથી પછી આગળ ચાલતો કૃષ્ણ–ઉદ્ધવ વચ્ચેનો એક લાંબો સંવાદ હિન્દુ સંસ્કૃતિનો એક મહાન ગ્રંથ રચે છે, જેનું નામ છે ઉદ્ધવ ગીતા. એ હંસ ગીતા તરીકે પણ ઓળખાય છે. કુરુક્ષેત્રના મેદાનમાં અર્જુનને કહેવાયેલી ભગવદ્ ગીતા પછીની આ નેક્સ્ટ લેવલની ગીતા છે, જેમાં જ્ઞાન, ભક્તિ અને કર્મની ચર્ચાને વધુ આગળ લઈ જવામાં આવી છે.

નાસ્તિકોની વાત જુદી છે. ઇશ્વરમાં ન માનવાનો એમને અધિકાર છે. ઇશ્વરને વચ્ચે લાવ્યા વિના નાસ્તિકો સાચા રસ્તે ચાલી જ શકે છે, પરંતુ જેઓ આસ્તિક છે એમને ભગવાન શ્રીકૃષ્ણ પૃથ્વી પરથી વિદાય લેતાં પહેલાં અંતિમ સંદેશ રૂપે એવું કહે છે કે જો તમે ભક્ત છો તો પૂરી ભક્તિથી અને જ્ઞાનમાર્ગી છો તો પૂરી સમજથી ઇશ્વરને તમારી પડખે અનુભવો. બાકી જો અધવચ્ચે રહેશો અને એવું માનશો કે ઇશ્વરની જાણકારી વિના હું અમુક ખેલ ખેલી શકીશ, તો તમે ભેખડે ભેરવાશો, યુધિષ્ઠિરની માફક.

## તમને શું લાગે છે !?

હમણાં મારા મામાના દીકરાના દીકરાની વહુનું સીમંત રાખવામાં આવેલ હતું. જે માટે મારા મામાના દીકરાએ સગાંવહાલાંસહિત ઘણાને આમંત્રણ આપ્યું હતું.! સૌને ફોન કરીને પણ જણાવ્યું હતું. કાર્યક્રમ માટે તેણે એક મોટો બેક્વેટ ખંડ પણ નક્કી કર્યો હતો!

આમ ,એકંદરે જોવા જઈએ તો એક વ્યક્તિ દીઠ ઓછામાં ઓછી રૂપિયા ૪૦૦ની પડતર બેઠી હશે !!

હવે જે દિવસે પ્રસંગ હતો તે દિવસે વરસાદ પણ ન હતો,અન્ય કોઈ પ્રતિકૂળ સંજોગો પણ ન હતા, છતાં પણ ૮૪થી ૯૦ આમંત્રિત મહેમાનોએ આ પ્રસંગમાં હાજરી આપી નહીં, એટલું જ નહીં પણ કોઈએ પણ પોતે આવશે કે નહીં આવે તેની જાણ પણ કરી નહીં. પરિણામે તેણે હોટલના માલિકને તો પૂરેપૂરી રકમ ચૂકવી દેવી પડી.

આમ એક સામાન્ય વ્યક્તિને રૂપિયા ૩૬,૦૦૦નું( ૯૦ x ૪૦૦) નુકસાન ગયું . ૯૦ વ્યકિતઓના ભોજનનો બગાડ થયો.

હવે આપ સૌ વિચારો કે જે વ્યક્તિઓ આ કાર્યક્રમમાં સામેલ થવા ઇચ્છતી ન હતી, અથવા આવી શકે તેમ ન હતી ,તેઓએ જો આગોતરી જાણ કરી દીધી હોત તો મારા મામાના દીકરાને વ્યવસ્થા કરવાની સમજ પડત. નુકસાનમાંથી બચી જાત.

આપને શું લાગે છે?! આપણે સૌએ હવે આ વાતનું ધ્યાન રાખવાની જરૂર નથી કે જ્યારે પણ આપણને કોઈ પણ કાર્યક્રમ (નાના કે મોટા) માટે આમંત્રણ મળે ત્યારે ઓછામાં ઓછા ચારથી સાત દિવસ પહેલાં આપણી હાજરીની જાણ કરીએ?!

તમને શું લાગે છે?! સમાજમાં આ પરિવર્તન લાવવાની જરૂર નથી?!.

– નીતિન રામી

---

અમદાવાદની આ ઘટના પછી મારે ગુજરાતની દરેક સ્કૂલને, સ્કૂલનાં ટ્રસ્ટીઓને એક સવાલ પૂછવો છે કે–તમારે ત્યાં શિક્ષકો પાસે પ્રેઝન્સ ઓફ માઇન્ડ છે? તમારી શાળામાં ભણતો કે તમારી શાળામાં ન ભણતો કોઇ છોકરો લોહી લૂહાણ થઇ તમારા કેમ્પસમાં આવે તો તમારા શિક્ષકો લોહી જોઇ સ્તબ્ધ થયા વિના પ્રેઝન્સ ઓફ માઇન્ડ વાપરી ૧૦૮ કે રિક્ષામાં એને હોસ્પિટલ લઇ જઇ શકે એટલા સક્ષમ છે ખરા? કે તમારી શાળાનાં શિક્ષકોને પણ પાણીનાં ટેક્રરમાં જ રસ છે? તમારી શાળામાં ફર્સ્ટ એઇડ કીટ છે? એ ફર્સ્ટ એઇડ કીટ ક્યાં મૂકાય છે અને એનો કેવી રીતે ઉપયોગ કરવો જોઇએ એની તમારા શિક્ષકોને ખબર છે ખરી? હવે–સ્કૂલ પસંદ કરતી વખતે મા–બાપે એવું પણ ધ્યાન રાખવું પડશે કે આ સ્કૂલનાં શિક્ષકો જરૂર પડ્યે મારા સંતાનને હોસ્પિટલ પહોંચાડી શકશે કે કેમ? મને એવું લાગે છે કે અમદાવાદની એ સ્કૂલનાં શિક્ષકો કે આચાર્ય કરતા વધારે પ્રેઝન્સ ઓફ માઇન્ડ લોહીલૂહાણ દોસ્તારને રીક્ષામાં હોસ્પિટલ લઇ જનાર દોસ્તારમાં હતી !

આઠમા ધોરણનો એક વિદ્યાર્થી દસમા ધોરણમાં ભણતા બીજા વિદ્યાર્થીનાં પેટમાં ચાકૂ કે ફિઝીક્સનું કોઇપણ સાધન હુલાવે ત્યારે આંગળી સ્કૂલ અને મા–બાપ બંને સામે ચીંધાવી જોઇએ ! પોતાનું સંતાન દફતરમાં શું લઇ જાય છે–એની જાણ દરેક મા–બાપને હોવી જોઇએ.

જરૂર પડયે સંતાનની જાણમાં અથવા તો સંતાનની જાણ વિના મા–બાપે એનાં દફતર તપાસવા જોઇએ–કારણ કે તમારું સંતાન જ્યાં સુધી અઢાર વર્ષનું નથી થતું ત્યાં સુધી તમે જ એનાં ગાર્ડિયન છો !!

"મારો દિકરો તો આવું કરે જ નહીં !!!" કે "એ તો એનું ગ્રૂપ સારું નથીપ!" વગેરે વગેરે વહેમમાંથી હવે મા–બાપે બહાર આવી જવાની સખ્ત જરૂર છે. તમારા માટે તમારું સંતાન જગતનું સવર્શ્રેષ્ઠ સંતાન હશે જ, પણ ગાંધારીનો પાટો બાજુએ મૂકી એકવાર એવું પણ ચકાસજો કે તમારું સંતાન આ જગત માટે સવર્શ્રેષ્ઠ છે ખરું?

બાકી, જે શાળા ગુંડાગર્દીનો અડ્ડો બની ગઇ હોય–જ્યાં એક સામાન્ય ધક્કાનો જવાબ લોહીથી અપાતો હોય એ સ્કૂલે શિક્ષણમાંથી રાજીનામું આપી દેવું જોઇએ !

–એષા દાદાવાળા

---

## મા

"તું તો નીકળી જાય નવ થી નવની નોકરી પર ગાડી ભગાવીને પણ પાછળ ઓલી તારી ડોસીપ.. જવા દે. તમે જુવાનીયાઓને શું કહેવું."

"તારા ઘરે ચાર વાર ગયેલી માજી પાસે બેસવા પણ બધી વખતે તારી રૂપાળી રાધાએ કંઇક ને કંઇક બહાનું કાઢી ને મને આવવા ના દીધી."

"સાહેબ, આજે અધવચ્ચે તમને રોકીને કહું છું. હવે કામ પર નહીં અવાય મારાથી. બા ને ભાભી જે રીતે રાખે છે એ જોયું નથી જતું."

"ડીયર, મમ્મીની ચિંતા છોડ. એ તો રોજ વહેલા જમીને સૂઈ જાય છે. હવે સીધા સવારે ઊઠશે. ચાલ ને આપણે ક્યાંક બહાર જઈએ, પ્લીઝ ડીયર." "આજે હું મમ્મી પાછળ થાકી છું. મારો મૂડ નથી સારો. ચાલ ને આપણે ક્યાંક બહાર હોટલમાં જઈએ."

મયુરની ગાડી સાથે એના વિચારો એનાથી બમણી ગતિએ દોડી રહ્યા હતા. આજે અચાનક, વહેલા પહોંચીને એણે સર્પ્રાઇઝ ખબર લેવાનું નક્કી કરી લીધું હતું. રોજ નવ વાગે ઘરે પહોંચતો મયુર આજે સાત વાગતામાં ઘરે આવી ગયો. એણે ડુપ્લીકેટ ચાવીથી ઘર ખોલ્યું અને જોયું તો એની, હંમેશા ફૂલફટાક થઈને રહેતી પત્ની ટેબલ પર પગ લાંબા કરીને, સોફા પર પથરાઈને બેઠેલી. મયુરને જોતાં જ એ થોડી ઝંખવાઈ ગઈ.

"અરે આટલો જલ્દી આવી ગયો આજે. કેટલું સારું. ચાલ, હવે જલ્દી જ આવ્યો છે તો એક નવું મુવી જોવા જઈએ અને બહાર જ ડીનર પતાવીનેપ.." "મા ક્યાં છે"મયુરના મોંમાંથી સવાલ છૂટ્યો અને જવાબની રાહ જોયા વગર એ સીધો પોતાની મા ના રૂમ તરફ દોડ્યો.

અંદરનું દ્રશ્ય જોઈ ના શકાય એવું હતું. મા લઘરવઘર દશામાં હતી. રૂમમાં ભયંકર વાસ મારતી હતી. મા એ પહેરેલા કપડાં સાવ ગંધાતા હતા. બાજુમાં ટેબલ પર સૂકાઈ ગયેલી રોટલી અને એક મરચુ હતું. પાણીનાં માટલામાં પૂરતું પાણી પણ નહોતું. મયુરની આંખો ક્રોધ અને દુ:ખથી વહેવા લાગી હતી. એક મિનિટનો વ્યય કર્યા વગર એણે એક ફોન કર્યો. મા ના કપડાં બદલાવી, એને સ્વચ્છ કરી, એને ઊંચકીને પોતાની ગાડીમાં સુવાડી. પત્ની પાછળ બૂમો પાડી રહી હતી પણ મયુરને જાણે કંઈજ સંભળાતું નહોતું. મયુરે તો ગાડી ભગાવી મૂકી.

ગાડી ખાસ્સી શહેરથી દૂર જઈને એક વૃધ્ધાશ્રમ આગળ અટકી. મયુર ત્યાંના સંચાલકને મળ્યો. પોતે જ ફોન કરેલો અને હવે પોતાની મા ને એ વૃધ્ધાશ્રમમાં દાખલ કરવાની વાત કરી. સંચાલક કહે, “દાખલ તો કરશું પણ તમારી મા તમારા વીશે પૂછે તો શું કહેવાનું છે? કયું બહાનું બનાવવાનું છે? તમે પરદેશ ગયા છો એમ? કે બહાર ફરવા ગયા છો ને પછી એમને લઈ જશો એમ?”

મયુરથી ધ્રૂસકું મૂકાઈ ગયું. માંડ સંયમ કેળવીને એ એટલું જ બોલી શક્યો કે, “મારે મારી મા ની સાથે અહીં જ રહેવું છે. હું મારી મા ની સાથે જ દાખલ થવા આવ્યો છું.”

– સુચિતા ભટ્ટ

---

## શું તમે તમારા ગોત્રની વાસ્તવિક શક્તિ જાણો છો...!!

તે કોઈ પરંપરા નથી. તે કોઈ અંધશ્રદ્ધા નથી. તે તમારી પ્રાચીન સંહિતા છે.

આ આખો લેખ એ રીતે વાંચો જાણે તમારો ભૂતકાળ તેના પર આધારિત હોય.

થ્રેડ

૧. ગોત્ર એ તમારી અટક નથી. તે તમારો આધ્યાત્મિક ડીએનએ છે.

તમે જાણો છો કે સૌથી વિચિત્ર શું છે?

મોટાભાગના લોકો જાણતા પણ નથી કે તેઓ કયા ગોત્રના છે.

અમને લાગે છે કે તે ફક્ત એક પંક્તિ છે જે પંડિતજી પૂજામાં કહે છે. પરંતુ તે ફક્ત એટલું જ નથી.

તમારું ગોત્ર બતાવે છે કે તમે કયા ઋષિ સાથે જોડાયેલા છો.

લોહીથી નહીં, પરંતુ વિચાર, ઉર્જા, સ્પંદન અને જ્ઞાનથી.

દરેક હિન્દુ આધ્યાત્મિક રીતે ઋષિ સાથે જોડાયેલો છે.

તે ઋષિઓ તમારા બૌદ્ધિક પૂર્વજો છે. તેમના વિચાર, ઉર્જા અને ચેતના હજુ પણ તમારામાં વહે છે.

૨. ગોત્રનો અર્થ જાતિ નથી.

આજે લોકો તેને મૂંઝવણમાં મૂકે છે. ગોત્ર બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્રનો ઉલ્લેખ કરતું નથી.

તે જાતિઓ પહેલાં, અટક પહેલાં, રાજાઓ પહેલાં અસ્તિત્વમાં હતું.

તે ઓળખનું સૌથી પ્રાચીન સ્વરૂપ હતું – જ્ઞાન પર આધારિત, શક્તિ પર નહીં.

દરેક વ્યક્તિનું એક ગોત્ર હતું.

ઋષિઓ તેમના શિષ્યોને ગોત્ર આપતા હતા જ્યારે તેઓ તેમના ઉપદેશોનું નિષ્ઠાપૂર્વક પાલન કરતા હતા.

તો, ગોત્ર કોઈ લેબલ નથી – તે આધ્યાત્મિક વારસાની મહોર છે.

૩. દરેક ગોત્ર એક ઋષિ સાથે જોડાયેલું છે – એક "સુપરમાઇન્ડ" ધારો કે તમે વસિષ્ઠ ગોત્રમાંથી છો – તમે વસિષ્ઠ ઋષિ સાથે જોડાયેલા છો, જેમણે શ્રી રામ અને દશરથને માર્ગદર્શન આપ્યું હતું.

ભૃગુ ગોત્ર?

તમે ઋષિ સાથે જોડાયેલા છો જેમણે વેદોનો ભાગ લખ્યો હતો અને યોદ્ધાઓને તાલીમ આપી હતી.

કુલ ૪૯ મુખ્ય ગોત્ર છે – દરેક ઋષિ સાથે જોડાયેલા છે જે જ્યોતિષી, ચિકિત્સક, યોદ્ધા, મંત્રદ્રષ્ટા અથવા કુદરતી વૈજ્ઞાનિક હતા.

૪. વડીલોએ એક જ ગોત્રમાં લગ્ન કરવાની મનાઈ કેમ કરી?

આ શાળામાં શીખવવામાં આવતું નથી.

પ્રાચીન ભારતમાં, ગોત્ર એક આનુવંશિક ટ્રેકર હતું.

તે પિતૃવંશ દ્વારા ચાલે છે – એટલે કે પુત્રો ઋષિની વંશાવળીને આગળ ધપાવે છે.

તેથી જો એક જ ગોત્રના બે લોકો લગ્ન કરે છે, તો તેઓ ભાઈ અને બહેનની જેમ આનુવંશિક રીતે સમાન હશે.

આનાથી સંતાનમાં માનસિક અને શારીરિક વિકૃતિઓ થઈ શકે છે.

ગોત્ર પ્રણાલી = પ્રાચીન ભારતીય ડીએનએ વિજ્ઞાન

અને આપણે આ હજારો વર્ષ પહેલાં જાણતા હતા – જ્યારે પશ્ચિમી વિજ્ઞાનને આનુવંશિકતાનો કોઈ ખ્યાલ નહોતો.

૫. ગોત્ર = તમારું માનસિક પ્રોગ્રામિંગ

ચાલો તેને વ્યક્તિગત બનાવીએ. કેટલાક લોકો ઊંડા વિચારકો હોય છે. કેટલાકને ઊંડી આધ્યાત્મિક ભૂખ હોય છે. કેટલાકને પ્રકૃતિમાં શાંતિ મળે છે. કેટલાક નેતાઓ અથવા સત્ય શોધનારા હોય છે. શા માટે?

કારણ કે તમારા ગોત્રના ઋષિનું મન હજુ પણ તમારામાં ગુંજતું રહે છે.

જો તમારું ગોત્ર યોદ્ધા ઋષિનું છે – તો તમે હિંમત અનુભવશો.

જો તે વૈદ્ય ઋષિ સાથે સંબંધિત છે, તો તેને આયુર્વેદ અથવા દવામાં રસ હોઈ શકે છે.

આ કોઈ સંયોગ નથી, તે એક ઊંડો જોડાયેલો કાર્યક્રમ છે.

૬. પહેલાં, ગોત્રના આધારે શિક્ષણ આપવામાં આવતું હતું

પ્રાચીન ગુરુકુળોમાં, બધાને એકસરખું શીખવવામાં આવતું ન હતું.

ગુરુનો પહેલો પ્રશ્ન હતો:

"પુત્ર, તારું ગોત્ર શું છે?"

કેમ?

કારણ કે આ દ્વારા, ગુરુ સમજી શકતા હતા કે વિદ્યાર્થી કેવી રીતે શીખે છે, તેના માટે કયું જ્ઞાન યોગ્ય છે.

અત્રિ ગોત્ર ધરાવતો વિદ્યાર્થી – ધ્યાન અને મંત્રોમાં તાલીમ પામતો હતો.

કશ્યપ ગોત્ર ધરાવતો વિદ્યાર્થી – આયુર્વેદમાં ઊંડા ઉતરતો હતો.

ગોત્ર માત્ર એક ઓળખ નહોતી, તે જીવનનો માર્ગ હતો.

૭. અંગ્રેજોએ તેની મજાક ઉડાવી, બોલીવુડે તેની મજાક ઉડાવી, અને આપણે તેને ભૂલી ગયા

જ્યારે અંગ્રેજો ભારતમાં આવ્યા, ત્યારે તેઓએ તેને અંધશ્રદ્ધા કહી.
પછી તે ફિલ્મોમાં મજાક બની ગઈ –
"પંડિતજી ફરીથી ગોત્ર વિશે પૂછી રહ્યા છે!" – જાણે કે તે કોઈ અર્થહીન વિધિ હોય.
ધીમે ધીમે, અમે અમારા વડીલોને પૂછવાનું બંધ કરી દીધું.
અમે અમારા બાળકોને કહેવાનું બંધ કરી દીધું.
૧૦,૦૦૦ વર્ષ જૂની સિસ્ટમ ૧૦૦ વર્ષમાં અદૃશ્ય થઈ રહી છે.
કોઈએ એવું કર્યું નથી. અમે તેને મરવા દીધું છે.

૮. જો તમને તમારું ગોત્ર ખબર નથી, તો તમે નકશો ગુમાવી દીધો છે
કલ્પના કરો કે તમે કોઈ પ્રાચીન રાજવી પરિવારમાંથી છો પણ તમારી અટક જાણતા નથી. તમારું ગોત્ર = તમારા આત્માનું GPS છે. સાચો મંત્ર
સાચો સાધના – સાચો લગ્ન – સાચો માર્ગદર્શન
આ વિના, આપણે આપણા પોતાના ધર્મમાં આંધળા થઈને ચાલી રહ્યા છીએ.

૯. ગોત્ર બોલાવવું એ ફક્ત એક ધાર્મિક વિધિ નથી
જ્યારે પંડિત પૂજામાં તમારા ગોત્ર બોલાવે છે, ત્યારે તે ફક્ત ઔપચારિકતા નથી કરી રહ્યો. તે તમને તમારી ઋષિ ઊર્જા સાથે ફરીથી જોડી રહ્યો છે. તે એક પવિત્ર વાતચીત છે: "હું, ભારદ્વાજ ઋષિનો વંશજ, મારા આધ્યાત્મિક વંશજોની હાજરીમાં આ સંકલ્પ કરું છું." તે સુંદર છે. તે પવિત્ર છે. તે સાચું છે.

૧૦. તેને પુનર્જીવિત કરો – તે ઝાંખું પડે તે પહેલાં
તમારા માતાપિતાને પૂછો
તમારા દાદા-દાદીને પૂછો
સંશોધન કરો, પણ તેને જવા દો નહીં
તેને લખી લો, તમારા બાળકોને કહો. ગર્વથી કહો
તમે ફક્ત ૧૯૯૦ કે ૨૦૦૦ માં જન્મેલા વ્યક્તિ નથી
તમે હજારો વર્ષ પહેલાં ઋષિ દ્વારા પ્રગટાવવામાં આવેલી જ્યોતના વાહક છો.

૧૧. તમારું ગોત્ર = આત્માનો પાસવર્ડ
આજે આપણને વાઇ-ફાઇ પાસવર્ડ, નેટફ્લિક્સ લોગિન યાદ છે...
પણ આપણે આપણું ગોત્ર ભૂલી જઈએ છીએ.
તે એક શબ્દ – તમારી આંતરિક ચેતના
આદતો
ભૂતકાળના કર્મ
આધ્યાત્મિક શક્તિઓ બધું ખોલી શકે છે.
તે કોઈ લેબલ નથી – તે ચાવી છે.

૧૨. લગ્ન પછી સ્ત્રીઓ પોતાનું ગોત્ર "ગુમાવતી" નથી
લોકો માને છે કે લગ્ન પછી સ્ત્રીનું ગોત્ર બદલાય છે. પરંતુ સનાતન ધર્મ સૂક્ષ્મ છે.

શ્રાદ્ધ વગેરેમાં, સ્ત્રીનું ગોત્ર તેના પિતા પાસેથી લેવામાં આવે છે. કારણ કે ગોત્ર પુરુષ રેખા (રૂ–રંગસૂત્રમાંથી) દ્વારા પસાર થાય છે.

સ્ત્રી ઉર્જા વહન કરે છે, પરંતુ તેને આનુવંશિક રીતે પસાર કરતી નથી.

તેથી સ્ત્રીનું ગોત્ર સમાપ્ત થતું નથી – તે તેનામાં શાંતિથી રહે છે.

૧૩. દેવતાઓ પણ ગોત્રનું પાલન કરતા હતા

રામાયણમાં, શ્રી રામ અને સીતાના લગ્નમાં પણ ગોત્રની તપાસ કરવામાં આવી હતી:

રામ: ઇક્ષ્વાકુ વંશ, વસિષ્ઠ ગોત્ર

સીતા: જનકની પુત્રી, કશ્યપ ગોત્ર.

---

## જીવનના આ ત્રણ તબક્કામાં દુ:ખી ન થશો

**(૧) પહેલો પડાવ :– ૫૮ થી ૬૫ વર્ષ**

કાર્યસ્થળ તમને દૂર કરે છે. તમારી કારકિર્દી દરમ્યાન તમે ગમે તેટલાં સફળ અથવા શક્તિશાળી છો, તમે એક સામાન્ય વ્યક્તિ કહેવાશો. તેથી, તમારી ભૂતકાળની નોકરી સમયની માનસિકતા અને શ્રેષ્ઠતાની ભાવનાને વળગી ન રહો.

**(૨) બીજો પડાવ :– ૬૫ થી ૭૨ વર્ષ**

આ ઉંમરે, સમાજ તમને ધીમે ધીમે દૂર કરે છે. તમે જે મિત્રો અને સહકાર્યકરોને મળો છો અને તેમની સાથે સામાજિક રીતે મળતાં હતાં તે ઓછાં થઈ જશે અને તમારા અગાઉના કાર્યસ્થળ પર ભાગ્યેજ કોઈ તમને ઓળખે છે.

એવું ન કહો કે "હું હતો..." અથવા "હું એક સમયે હતો..." કારણ કે યુવા પેઢી તમને ઓળખશે નહીં, અને તમારે તેના વિશે અસ્વસ્થતા અનુભવવી જોઈએ નહીં!

**(૩) ત્રીજો પડાવ :–૭૨ થી ૭૭ વર્ષ**

આ પડાવે, કુટુંબ તમને ધીમે ધીમે દૂર કરશે. જો તમારી પાસે ઘણાં બાળકો અને પૌત્રો હોય, તો પણ મોટાભાગે તમે તમારા જીવનસાથી સાથે અથવા તમારી જાતે એકલાં રહેતાં હશો.

જ્યારે તમારાં બાળકો પ્રસંગોપાત મુલાકાત લે છે, ત્યારે તે સ્નેહની અભિવ્યક્તિ છે. તેથી ઓછીવાર આવવા માટે તેમને દોષ ન આપો. કારણકે તેઓ તેમના પોતાના જીવનમાં વ્યસ્ત છે!

**અને છેલ્લે ૭૭+ પછી**

પૃથ્વી તમને ખતમ કરવા માંગે છે. આ સમયે, ઉદાસી અથવા શોક ન કરો. કારણ કે આ જીવનનો અંતિમ પડાવ છે અને દરેક વ્યક્તિ આખરે આ માર્ગને અનુસરશે ! તેથી, જ્યારે આપણું શરીર હજી સક્ષમ છે, સંપૂર્ણ જીવન જીવો ! તમને જે ગમતું હોય તે ખાઓ, જે જોઈએ તે પીવો, રમો અને બધી ગમતી વસ્તુઓ કરો. આનંદમાં રહો, મોજથી જીવો. આત્મીય સીનીયર સીટીઝન ભાઈઓ–બહેનો, ઉપરનો લેખ બનાવનારે સરસ બનાવ્યો છે.

લખનારના દરેક શબ્દ અને વિચાર સાથે સહમત છું.

કંઈ સાથે લઈ જવાનું નથી કે કાંઈ ભેગું આવશે નહીં. તો પછી શું દુ:ખી થવાનું!

૫૮+ પછી મિત્રોનું ગ્રુપ બનાવી અવાર–નવાર નિયત સ્થળે, નિયત સમયે મળવાનું રાખો. ટેલિફોનીક સંપર્કમાં રહો. સદાય મોજમાં રહો.

# બેટા હું લપસી ગયો છું પણ પડ્યો નથી..

ગાડી ને વરસાદી વાતવરણમા પાર્કિંગમાંથી મેં બહાર કાઢી.

અમારા વર્કશોપ સુપરવાઇઝર ભટ્ટ સાહેબ ને જેને હું પ્રેમ થી ભટ્ટ કાકા કહેતો

ધીમા પગે વરસાદ મા તેમની જાત ને બચવતા તે ચાલતા હતા...

મેં કાર ને બ્રેક મારી ભટ્ટ સાહેબ ને કિધુ કાકા ગાડી મા બેસી જાવ. તમે કહેશો ત્યાં ઉતારી દઇશ.

કાર રસ્તા વચ્ચે દોડતી હતી.

મેં કીધું કાકા ખરાબ ના લગાડતા.. પણ આપની ઉમ્મર હવે આરામ કરવાની નથી ?

કાકા ધીરૂ પણ માર્મિક કારની બારી બહાર વરસાદ જોતા ધીરેથી બોલ્યા બેટા જરૂરિયાત વ્યક્તીને કા તો લાચાર બનાવે છે અથવા આત્મનિર્ભર થતા શીખવાડે છે. જીવવું છે તો રડી રડી યાચના અને યાતના ભોગવી ને જીવવું તેના કરતાં સંઘર્ષ કરી લેવો.

મતલબ હું સમજ્યો નહીં ભટ્ટ કાકા આપની ઉમ્મર ?

બેટા મજબૂરી માણસ ને વગર ઉમ્મરે ઘરડું કરી નાખે છે.

પણ હું ઉમ્મર લાયક હોવા છતાં યુવાન જેવું કામ કરૂં છું.

કારણ કે લાચારી સામે ફક્ત તમારી લાયકાત જ લડી શકે છે અથવા તમારૂ મનોબળ અને જે મારી પાસે છે.

મારે ૭૨ પુરા થયા ભટ્ટ સાહેબ મીઠું સ્માઈલ સાથે બોલ્યા.

મારાથી બોલાઈ ગયું સાહેબ દીકરા પાસે અમેરિકા જતા રહો આ ઉંમરે શાંતી થી જીવો.

ભટ્ટ સાહેબ થોડા ગંભીર થઈ બોલ્યા.

કચ્છી ભાષાના સર્વકાલીન ઉત્તમ કવિ તેજપાલનું એક મુક્તક યાદ આવ્યું બેટા સંસાર સભર સ્વારથી કેંકે ડિને ડોસ ?

હલેં તેં સુંધે હકલ પેઓ, છડે હરખ ને સોસ.

અર્થ : સંસાર સ્વાર્થ થી ભરપૂર છે. તુ કોને દોષ આપીશ ? જ્યાં સુધી ચાલે ત્યાં સુધી હર્ષ અને શોક છોડીને ચલાવ્યે રાખ.

કાકા ની હસ્તી આંખો પાછળ દુ:ખ નો દરિયો છલકાતો હતો.

બેટા.. મારે પણ ફેક્ટરી હતી.

ભૂલ માત્ર એટલી કરી. મેં મારા પુત્ર ને ખોટા સમયે વહીવટ કરવા સોંપી હું નિવૃત થઈ ગયો. યુવાનીની ના થનગનાટ મા ખોટા નિર્ણયો લેવાથી એક દિવસ ફેક્ટરીને મારી જાણ બહાર વેચી રૂપિયા રોકડા કરી. અમેરિકા ભેગો થઈ ગયો.

એકાદ વર્ષ પછી અમેરિકાથી ફોન આવ્યો. પપ્પા ઘર કેમ ચલાવો છો ? દર મહિને જરૂર હોય તો રૂપિયા મોકલું ?

મેં કીધું બેટા હું લપસી ગયો છું પણ પડ્યો નથી. તને એક વર્ષે તારા બાપા ની યાદ આવી. એક વર્ષ તારો બાપ મંદિરે નથી બેસ્યો સમજ્યો.

ફોન મુક શરમ જેવું હોય તો બીજી વખત ફોન ના કરતો.

તારા કાકી એ મારી સામે દયા ની નજરે જોયું. મેં તારી કાકી ને કિધુ.

અરે ગાંડી મુંઝાય છે શા માટે ?

લૂંટવા વાળા તો ભલે લૂંટી જાય. એને તો ફક્ત બે હાથ જ છે. દેવા વાળો મારો મહાદેવ છે. જેને હજારો હાથ છે.

ભટ્ટ કાકા તમને તમારા પુત્ર તરફ કોઈ ફરિયાદ ખરી ?

જો બેટા બધા લેણાદેવી ના ખેલ છે. મારી પાસે પૂર્વજન્મનું કંઈક માંગતો હશે તો લઇ ગયો. કેમ લઈ ગયો તેનું દુ:ખ નથી આમે તે હક્કદાર અને મારો વારસદાર હતો પણ લેવાની રીત, સમય અને વર્તન યોગ્ય ન હતું.

બસ બેટા ગાડી આ મહાદેવના મંદિર પાસે ઉભી રાખ. મહાદેવને સવાર અને સાંજે મળ્યા વગર ઘરે નથી જતો.

હવે બોલતા સંબધો સાથે નફરત થઈ ગઈ છે. તેના કરતાં વગર બોલે કામ કરતો મારો મહાદેવ સારો.

ભટ્ટકાકાને ગાડી બંધ કરી. મેં હાથ પકડી મંદિર સુધી લઇ જવા પ્રયતન કર્યો.

પણ ભટ્ટ કાકા બોલ્યા બેટા હું ઘણા વખત થી કોઈ નો હાથ પકડતો નથી.

કારણ કે પકડેલો હાથ કોઈ પણ વ્યક્તી વગર કારણે જયારે છોડી દે છે. એ સહન નથી થતું.

તેના કરતાં ધીરૂ અને સંભાળી ને પણ આપણા પગે ચાલવું.

એ ફરીથી હસ્તા હસ્તા બોલ્યા બેટા હું લપસી ગયો છું પણ હજુ પડ્યો નથી.

મારો મહાદેવ છે ને નહીં પડવા દે.

ચલ બેટા જય મહાદેવ. પ્રભુ ઉપર અતૂટ વિશ્વાસ.અને પોતાની મક્કમ પણ ધીરી ગતિથી ચાલતા ભટ્ટકાકાને હું જોઈ રહ્યો.

મિત્રો, દુ:ખ એ અંદર ની વાત છે. સમાજને તેનાથી મતલબ નથી. સમાજને હંમેશા હસ્તો ચેહરો ગમે છે.

ગમે તેટલું દુ:ખ પડે અંદરથી તૂટી જશો તો ચાલશે. પણ બહારથી તો વાઘ જેવું વ્યક્તીત્વ રાખજો.

સમાજ નીચોવી નાખવા બેઠો છે. તૂટેલી ભગવાનની મૂર્તિને તો લોકો ઘરમા પણ નથી રાખતા તો આપણી તો શું હેસિયત છે.

રડવું હોય તો ભગવાન સામે રડી લેજો બધા ના ખભા એટલા મજબૂત નથી હોતા.

જેમ સિંહણનું દૂધ ઝીલવા સુવર્ણનું પાત્ર જોઇએ. તેમ આપણી આંખના આંસુ ઝીલવા. સજ્જન માણસ નો ખભો જોઇએ.

સમાજ અને કુટુંબમાં મંથરા અને શકુની મામા ઘણા ફરે છે. ત્યાં હળવા થવાની કોશિશ ના કરતા.

મેં ગાડી ચાલુ કરી થોડો ફ્રેશ થવા રેડિયો ચાલુ કર્યો.

કિશોરકુમારનું ગીત વાગતું હતું.

આપણી વ્યક્તિ જ જીંદગી ઉજ્જડ કરે તો દોષ કોને દેવો એક પિતાએ તેના પુત્રના નામે દોલત લખતા પેહલા કીધેલા શબ્દો યાદ આવ્યા.

બેટા હું તારા ઉપર આંધળો વિશ્વાશ મુકું છું.

જવાબદારી તારી છે. મને આંધળો સાબિત ન કરવાની જીંદગીમાં બધી ચાલ ચાલજો પણ કોઈનો વિશ્વાશ તોડતા નહીં કારણ કે એ વ્યક્તિ માટે તો તમારા ઉપર મુકેલ વિશ્વાશ જ તેની મરણ મૂડી હોય છે. અને એ ગુમાવ્યા પછી મોતની રાહ જોવા સિવાય તેની પાસે કશુ બચતુ નથી.

## અભાગિયો સમય

ભૂલી જાઓ એ દિવસો જ્યારે બાંધી દેતા હતા આપણે નદીને મન ફાવે તેમ ચલાવતા એને ઘણું સહન કર્યું એણે હવે નદીને દયા નથી આવતી એ ગમે ત્યાં પહોંચીને લઈ શકે છે બદલો ભણાવી શકે છે.

પાઠ પહાડ તો પહેલેથી રહ્યો આકરો આપણા અનેક ઘા સહન કરીને ચુપ રહ્યો અત્યાર લગી કે બિચારો માણસ છે, સમજી જશે જ્યારે ન સમજ્યો તો તૂટી પડવું પડ્યું એને બંધ કરવા પડ્યા આપણા રસ્તા આપણે માનતા હતા.

જંગલમાં ઊગેલા સીધા સાદા ઝાડ શું બગાડી લેશે આપણું આપણી કુહાડી વીંઝાતી રહી. હવે સમજાયું વૃક્ષો ટુકડે ટુકડે વહેંચાઈને નદી સાથે ભળીને પણ મચાવી શકે છે તાંડવ આપણે તપાવતા રહ્યા ધરતી અને દરિયો પીગળાવતા રહ્યા હિમનદીઓ વિશાળ અને મજબૂત થતા ગયા વાદળ ડૂસકાં ભરતા પહાડો અને નદીઓની હાલત જોઈ એ ફાટી પડ્યા જ્યાંને ત્યાં દાટી ગયા માટી હેઠળ આપણને આપણા બાળકો સહિત કેવો અભાગિયો છે આ સમય જ્યારે સાચવવી જોઈતી હતી નદી પસવારવા જોઈતા હતા પહાડ ઉછેરવા જોઈતા હતા વૃક્ષ ઘટાડવો જોઈતો હતો ધરતીનો તાપ બચાવવું જોઈતું હતું પોતાનું અસ્તિત્વ દુનિયાભરના નેતાઓ લડી રહ્યા છે.

થોડીક જમીન વ્યાપાર, ધન, સત્તા માટે અને લોકો વ્યસ્ત છે મોબાઈલમાં..

– મોહન સાહિલ

## સાસરીયુ

ઉપરાઉપરી ડોરબેલ વાગતા જ લલિતાબેન રસોડામાંથી ભાગતા બહાર આવ્યાં અને આ તરફ મોહનભાઈએ ફટાફટ દરવાજો ખોલ્યો. જોયું તો, બહાર એમની દીકરી રીના, હાથમાં બેગ પકડીને, ઊભેલી. એ ખૂબ ગુસ્સામાં લાગતી હતી.

અંદર આવતાની સાથે જ બેગને સોફા પર ફેંકતા, એ બેસી પડી અને બોલી, "આજ પછી "એ"ઘરમાં હું જવાની નથી. હું અહીં જ રહીશ. સમજી શું રાખ્યું છે એમણે!! હું કાંઇ એ લોકો કહે એમ નાચતી કઠપૂતળી છું?"

"પણ થયું શું એ તો બોલ. એમનો કાંઈ વાંક હોય તો હમણાં જ જઈને એમની સાત – પાંચ કરી આવું" મોહનભાઇ બોલ્યા. મમ્મી લલિતાબેન દીકરી રીનાની પીઠ પર હાથ ફેરવવા લાગ્યા.

"આખો દિવસ ઘરમાં મહેમાનોનો આવરો–જાવરો!! દર વખતે માથે ઓઢીને પ્લાસ્ટિક્યુ સ્માઇલ આપવાનું. નાસ્તા – પાણી તો ખરા જ. ઊંચા અવાજે બોલાય નહીં. જીન્સ – ટીશર્ટ તો ક્યારેય પહેરવા ના મળે. ગૂંગળામણ થાય છે એ ઘરમાં હવે."

"હમમમ, તો એમ વાત છે."મોહનભાઇ બોલ્યા, "મને યાદ છે ત્યાં સુધી એ લોકો જ્યારે પહેલીવાર મળવા આવેલા ત્યારે આ વાત એમણે કરેલી જ." લલિતાબેને પણ કહ્યું, "હા, એ વખતે તો તું બધી રીતરસમ માનવા તૈયાર થઈ ગયેલી તો હવે કેમપ.?" "હું કહું છું શું વાત છે એ." મોહનભાઇએ વાત આગળ વધારતા કહ્યું, "પૈસો, સમૃદ્ધિ, ગાડી, બંગલા અને દેખાવડો પતિ જોઇને બેનબાએ હા પાડી દીધી એમ વિચારીને કે એ તો પછી થઈ પડશે અને હવે જ્યારે પગ તળે રેલો આવ્યો છે ત્યારે વાસ્તવિકતા સ્વીકારી શકાતી નથી."

"નાપ નાપ પપ્પા એવું નથી. તમે તો કોઈ મારી વાત જ સમજતા નથી." લલિતાબેન બોલ્યા, "બેટા, એમાં સમજવા જેવું છે જ શું!!! તને પૂછીને જ પરણાવી છે. એમણે કોઈ વાત તારાથી છાની નહોતી રાખી. અને હવે એ બાબતે તારું રીસાવું બરાબર નથી જ. સમજી?"
"મમ્મી, તું પણ પપ્પાની જેમ જ બોલે છે?"

ત્યાં જ ફોનની ઘંટડી વાગી. મોહનભાઈ ફોન ઉપાડતા જ બોલ્યા, "હા, મીતેષકુમાર, રીના અહીં જ આવી છે. એને થોડા કપડાં અહીંના દરજીને રીફીટીંગ કરાવવા આપવા હતા એટલે ઉતાવળમાં બેગમાં જ લઈને આવી. તમે આવો એને લેવા અને હા, જમવાનું પણ અહીંયા જ રાખજો, હોંકે"

ફોન મૂકતાની સાથે જ એક કડક નજર એમણે રીના પર નાખી. રીના સમજી ગઈ કે હવે એણે મમ્મી – પપ્પા કહે એમ જ કરવાનું છે. એ ઊઠીને ચૂપચાપ રસોડામાં જતી રહી.

–સુચિતા ભટ્ટ

## ઈશ્વરમાં અડગ શ્રદ્ધા

બેટા, આજે અમે શ્રીનાથજી જઇએ છીએ, તારે આવવું છે? મેં મારી દિકરીઓને કીધું.

દિકરીઓ બોલી : ભગવાન તો સર્વત્ર છે તો મંદિરે જવું જરૂરી છે?

હું દિકરીઓની બાજુમાં બેસી ગયો અને કહ્યું : બેટા, તારી કારના ટાયરમાં હવા ઓછી થઈ ગઈ હોય તો તું ભરાવવા ક્યાં જાય છે?

હવા ભરાવવાની દુકાને, દિકરીઓ બોલી.

કેમ હવા તો સર્વત્ર છે, છતાં દુકાને જ કેમ?

દિકરીઓ મારી સામે જોઈ રહી.

મને લાગે છે, તમને તમારા સવાલનો જવાબ મળી ગયો લાગે છે. બેટા, ટાયરમાં હવા ઓછી થાય ત્યારે હવા ભરવાની દુકાને જવું પડે એવી જ રીતે દરેક વ્યક્તિમાં સમયે સમયે જરૂર કરતાં વધારે હવા ભરાઈ જતી હોય છે ત્યારે તે હવામાં ઉડવા લાગે છે. આ હવા એટલે ઘમંડ. આ ઘમંડ રૂપી હવાને વખતો વખત ઓછી કરવા મંદિરે જવું પડે. હવાનું યોગ્ય લેવલ નહિ સાચવો તો ટ્યૂબ કે ટાયર ફાટવાની પુરી શક્યતા છે.

એવીજ રીતે દરેક વ્યક્તિઓ અસંખ્ય દુર્ગુણોથી ભરેલ હોય છે. આ દુર્ગુણો રૂપી હવા

કાઢવા અથવા નિયંત્રિત કરવા વખતો વખત મંદિરે જવું ખૂબ જરૂરી છે.

બેટા, એક વખત દરિયાને ઘમંડ હતો, હું આખી દુનિયાને ડુબાવી શકું. ભગવાને ફક્ત એક તેલનું ટીપું દરિયામાં નાખી કીધું : તારી તાકાત હોય તેટલી અજમાવી લે.

પ્રભુ કહે છે હું છપ્પન ભોગ ખાતો નથી, નથી હું કોઇના કપડાં ઉતારતો, હું તો ફક્ત લોકનો ઘમંડ ઉતારું છું.

યાદ રાખજે બેટા : નસીબથી સંપતિ મળે છે. સુખ શાંતિ અને આનંદ તો પ્રભુની કૃપા હોય તેને જ પ્રાપ્ત થાય છે. પ્રભુ સ્મરણ વગર આત્મા ઊંઘમાં પણ અશાંતિનો અનુભવ કરે છે. શરીરનો ખોરાક અન્ન છે. આત્માનો ખોરાક પ્રભુનું નામ છે.

સુખ અને દુ:ખની વ્યાખ્યા દરેક વ્યક્તિ પોતાની જરૂરિયાત પ્રમાણે અલગ અલગ કરે છે. કોઈ વ્યક્તિ પાસે મોંઘી કાર, ઘર અને બેન્ક બેલેન્સ હોય એટલે એ સુખી છે તેવું પણ માનવું નહિ બેટા.

આપણી પાસે દુનિયાનું દરેક સુખ હોય, પણ મન અશાંત રહેતું હોય તો સમજી લ્યો આત્મા ભુખ્યો છે. તેને નામસ્મરણ રૂપી ખોરાક આપવાથી એ શાંત થશે. આત્મા એ પરમાત્માથી વિખૂટો પડેલ એક અંશ છે. આત્મા અને પરમાત્માનું મિલન જીવન દરમિયાન થાય તો મોક્ષ, બાકી ૮૪ લાખ ફેરા તો લમણે લખ્યા જ છે.

આ બધું કહેવાનો મતલબ મારો એટલોજ છે આ સંસાર નાસ્તિક અને આસ્તિક વચ્ચે વહેંચાયેલ છે. નાસ્તિક વ્યકિતના સંપર્કમાં આવીએ તો તે ભગવાનની મૂર્તિ માત્ર પત્થર છે તેવું સમજાવવા તમને નિર્થક પ્રયતન કરશે અને આસ્તિક વ્યક્તિ તેને જાગતા દેવ દેવી ગણશે. જેને જેવા અનુભવ તેવી તેની વાતો હોય બેટા.

જે પવિત્ર જગ્યાએ માથું ટેકવવાથી અશાંત વ્યક્તિને શાંતિ મળે, હિંમત્ત હારી ગયેલ વ્યક્તિને હિંમત મળે, સંસારે જ્યારે ઘરનાં દરવાજા બંધ કર્યા હોય ત્યારે એક આશાનું કિરણ જ્યાંથી ફૂટે, એ જગ્યા કોઈ સામાન્ય જગ્યા ન હોય.

ઈલેક્ટ્રીક પ્લગ સાથે ચાળો કરતા પહેલાં જોઈ લેવું, કે કરંટ ચાલુ છે કે નહીં.

ભગવાન તો દરરોજ આપણી રાહ જોઈને બેઠો જ છે. પણ, આપણે સમાજની ચાપલુશીમાંથી બહાર આવીએ તો જ્યારે એજ સમાજ તમને ઠેબે ચઢાવે ત્યારે આપણે મંદિરના પગથિયા ચઢિયે છીએ. ભગવાન પણ ભોટ નથી, પછી ભગવાન પણ તમને ઠેબે ચઢાવશે.

તું જાણે છે કે આપણે જ્યાં જઇએ છીએ એ જગ્યા એ લાખો લોકો માથા ટેકવે છે. ત્યાં તું માથું નહિ ટેકવે તો ભગવાનને કોઈ ફેર પડવાનો નથી. આ બધી જગ્યાએ ભગવાન જાગૃત અવસ્થામાં બિરાજમાન હોય છે. ઘણાંની ભીડ ભાંગી છે, તો ઘણાનો ભ્રમ.

સુદામા ભાવે ભજશો, તો દરવાજા સુધી તેડવા આવશે. બાકી, તો અંતિમ શ્વાસ સુધી ઝાંખી પણ નહિ કરાવે.

ચલો પપ્પા, હું તમારી સાથે આવું છું.

બેટા ઈચ્છા વગર કોઈ પણ કાર્ય કરીયે, તેમાં આનંદ ન હોય.

ના પપ્પા, અમે તમારી વાત સમજી ગયા છીએ. અમને અમારા પ્રશ્નનો સંતોષ કારક જવાબ મળી ગયો છે.

અમે જયારે મંદિરે કાર પાર્ક કરી, ત્યાં બાજુમાં જ મ્સઉ કાર પાર્ક થઈ રહી હતી. એક દંપતી નીચે ઉતર્યું, પાછળની સીટ ઉપર એક સુંદર બાળક બેઠું હતું. ડ્રાઈવરે પાછળની ડીકી ખોલી બે ઘોડી કાઢી, કારનો પાછળનો દરવાજો ખુલ્યો, દંપતીને અંદરથી બાળકને બહાર લાવવા પ્રયત્ન કરતા જોઈ હું અને દિકરીઓ તેમની બાજુ મદદ માટે ગયા.

એ બાળકને જયારે ચાલવા માટે ઘોડી આપી ત્યારે મારાથી રહેવાયું નહીં, મેં હાથ જોડી કીધું : માફ કરજો આટલું સુંદર બાળક આ જન્મથી તકલીફ નથી લાગતી.

ત્યારે એ દંપતી આંખમાં પાણી સાથે બોલ્યા : સાચી વાત છે. કાર અકસ્માત થયો હતો.

મંદિર સામે જઈએ દંપતી બોલ્યું, આ બધો ચમત્કાર મારા લાલાનો છે. બચી ગયો. પગની તકલીફ છે પણ ડોક્ટરે કીધું છે એક વર્ષમાં દોડવા લાગશે.

અશક્ય લાગતી વાતો જયારે શક્ય બને, તો સમજી લેવું પ્રભુ કૃપા વગર શક્ય નથી. અમે દર પૂનમ અહીં ભરવા આવીએ છીએ.

મેં હાથ જોડીને કીધું : શ્રદ્ધાનો વિષય છે. કોઈને મૂર્તિમાં પથ્થર દેખાય, તો કોઈને પરમાત્મા. જેવી જેની દ્રષ્ટિ, તેવી તેને સૃષ્ટિ.

પાર્કિંગમાંથી મંદિર તરફ જતા મેં દિકરીઓને કીધું : તમારા દરેક સવાલનો જવાબ મેં નહીં ભગવાને આપી દીધો છે. રૂપિયાના મૂલ્યાંકનથી કોઈ પણ વ્યક્તિ સુખી છે કે દુ:ખી તેવું અનુમાન કદી લગાવવું નહિ.

બેટા, એકલવ્ય એ પોતાના ગુરુની પથ્થરની મૂર્તિ બનાવી સાધના કરી સંસારને સંદેશ આપ્યો – પથ્થરમાં પણ ચેતના છે. બસ, સાધકમાં ધીરજ અને સંયમ હોવો જોઈએ.

બેટા, મોત જયારે માંગ્યું ન મળે ત્યારે આત્માએ બે હાથ જોડી પરમાત્માને કરગરવું પડે છે. આવા દિવસો ન આવે એટલેજ પ્રભુની નજીક રહેવું.

મજાની વાત તો એ છે કે આપણને એ ખબર પડવી જોઇએ કે હવા કેટલી મગજમાં રહેવી જોઇએ કારણ કે એનું મીટર ક્યાંય મળતું નથી

---

એક મોટું શહેર હતું. એની બહારના વિસ્તારમાં દર રવિવારે એક ખેડૂતની બઝાર ભરાતી હતી. ખેડૂતો અવનવી વસ્તુઓ જેમ કે મગફળી, ખેતરના તાજા શાકભાજી અને ફળો, તેલ અને દવાઓ, લાકડાના રમકડા વગેરે લઈને આ બઝારમાં વેચવા આવતા. સ્ત્રીઓ અને પુરુષો પંરપરાગત વસ્ત્રોમાં આવતા, વાતો કરતા અને હસતા. બજારમાં ભાવતાલ કરીને લોકો વસ્તુઓ ખરીદતા, ભારે કોલાહલ થતો.

આ ભીડમાં એક માસ્ટર હોશકોર્ન હતો, એ બાજુના બ્રેઓતે ગામનો વૃદ્ધ ખેડૂત હતો. તે બહુ કંજૂસ પણ ચતુર અને અલગ પડતો હતો. લોકો કહેતા કે એક તૂટેલા નખની કિંમત માટે પણ ઝગડી પડે અને કિંમતી વસ્તુઓ ચોરી લ્યે.

આ હોશકોર્ન પણ આ બઝારમાં ચાલીને જતો હતો. આગળ જતા એની નજર એક મજબૂત દોરીના ટુકડા પર પડી. હોશકોર્નએ આ ટુકડો જોયો અને થયું કે આ કંઈક બાંધવા માટે કામ આવશે ચાલને લઈ લઉં. એ દોરી લઈને સરખી કરવા માંડ્યો.

પણ એટલામાં જ એની નજર સામે ઊભેલા માલંદા નામના માણસ પર પડી. એ આ જ ગામનો હતો અને મગફળી વેચતો હતો. બંને વચ્ચે કોઈ વાતને લઈને બે વર્ષ પહેલા ઝગડો

થયેલો અને ત્યારથી વેર ચાલતું હતું. માલંદાને જોતા જ પોતે પકડાય ગયો હોય એવો ભાસ થયો અને એને દોરી ઝટપટ એના ચોરી ખિસ્સામાં સંતાડી દીધી અને કાઈ ના થયું હોય એમ આગળ જતો રહ્યો.

બપોરે જ્યારે બધા ભોજન કરી રહ્યા હતા ત્યાં માર્કેટમાં એક જાહેરાત થઈ કે "એક દોરીવાળું પાકીટ ખોવાણું છે જેમાં પાંચસો ફ્રાન્ક્સ અને અગત્યના ડોક્યુમેન્ટ્સ છે. જે કોઈને આ પાકીટ મળે એ મેયરની ઓફિસમાં જમા કરાવે."

આ સાંભળીને બઝારમાં ખુશફૂસ શરૂ થઈ ગઈ. પાંચસો ફ્રાન્ક્સ એટલે ત્યારે બહુ મોટી રકમ ગણાતી હતી.

ભોજન પૂરું થયા પછી અચાનક બે સૈનિકો હોશકોર્ન પાસે આવ્યા અને એને મેયરની ઓફીસમાં લઈ ગયા. આખી બજારની આંખો અને કાન એ તરફ જ હતા. મેયરની ઓફિસમાં હોશકોર્ને જોયું તો માલંદા બેઠો હતો. માલંદાએ મેયરને કહ્યું કે એણે હોશકોર્નને બજારમાંથી કાંઈક ઉઠાવતા જોયો હતો.

હોશકોર્નએ કહ્યું કે "હા સાચું છે, એ એક દોરીનો ટુકડો હતો"

મેયરે આશ્ચર્ય અને ગુસ્સાથી પૂછ્યું "દોરીનો ટુકડો? તું સાચું બોલે છે?"

હોશકોર્ને કહ્યું " હા સાહેબ, ભગવાનના સમ ખાઈને કહું છું દોરીનો ટુકડો જ હતો... આ જુઓ" એણે ખિસ્સામાંથી કાઢીને બતાવ્યો.

મેયરે ઠપકો આપ્યો " તો પછી એમાં છુપાવવા જેવું શું હતું? ચોરી ખિસ્સામાં રાખવાની શું જરૂર હતી?"

હોશકોર્ન સમજાવતા બોલ્યો "કે આ માલંદા જોતો હતો, એને એમ કે એ આ જોઈને એ બધાને કહેશે અને મારા પર હસશે"

પણ આખી બજારમાં વાત ફેલાઈ ગઈ કે " હેશકોર્ને જ પર્સ ચોર્યું છે"

કોઈ પ્રૂફ ના હતું તો પણ આ જ સાચું થઈ ગયું. લોકો એના પર હસતા હતા, ગોસીપ કરતા હતા. હેશકોર્ન કહે ' હું સાબિત કરી આપીશ કે મેં પર્સ નથી ચોર્યું '

બીજા જ દિવસે ખોવાયેલું પર્સ મળી ગયું. બીજો મારિયસ નામનો ખેડૂત પર્સ લઈને મેયરને આપી ગયો, એને પર્સ રસ્તા પર ખૂણામાં પડેલું જોયું હતું. હોશકોર્ન ખુશ ખુશ થઈ ગયો. બધાને કહેવા લાગ્યો કે "જુઓ મે દોરીનો ટુકડો જ લીધો હતો પર્સ નહોતું લીધું".

પણ વાત ફેલાઈ ગઈ હતી અને હવે બધાએ એ જ સાચું માની લીધું હતું. કોઈ એ વાત સાંભળવા જ તૈયાર નહોતું. બધા વાતો કરતા હતા કે હોશકોર્ને જ આરોપમાંથી બચવા ચોરેલું પર્સ ફેંકી દીધું હશે કે મારિયસને આપી દીધું હશે, હવે એ નાટક કરે છે. વળી કોઈ કહેતું જે સતત નિર્દોષ છે એમ બોલે છે એટલે એ જ દોષી છે.

આ બધું સાંભળીને હોશકોર્ન દિવસે દિવસે તૂટતો ગયો. એ સતત બબડતો રહેતો કે " હું નિર્દોષ છું, એ ફક્ત દોરીનો ટુકડો હતો... માત્ર દોરીનો ટુકડો".

શિયાળો આવ્યો બહુ ઠંડી પડવા માંડી. અશક્ત થઈ ગયેલો હોશકોર્ન એ જ શબ્દ બોલતો રહ્યો " દોરીનો ટુકડો.." એમ જ એ દુનિયા છોડીને જતો રહ્યો. એ વૃધ્ધાવસ્થા કે બીમારીથી નહીં પણ અફવાથી, શંકાથી, અવિશ્વાસના ભારથી તૂટી ગયો!

દોરીનો ટુકડો (મુપાંશાની વાર્તા પરથી)

આ વાર્તા પરથી શીખવા મળે છે કે લોકો અફવા જલ્દી માની લે છે જ્યારે સચ્ચાઈ સાબિત કરો તો પણ શંકા દૂર થતી નથી. માનવીની ઈમાનદારી બહુ નાજુક હોય છે એકવાર ડાઘ પડે પછી એ સાબિત કરવો બહુ મુશ્કેલ હોય છે.

## ઉંમર, આયુષ્ય અને જિંદગી

**લેખક – ડો. દિનકર જોષી**

લાંબું જીવવું દરેક માણસને ગમે છે. શા માટે ગમે છે એ કદાચ કોઈને ખબર નથી. લાંબું જીવવું છે, પણ શા માટે જીવવું છે એ વિશે લગભગ દરેક માણસ અજ્ઞાત હશે.

તમારી ઉંમર કેટલી થઈ? એવો પ્રશ્ન જો કોઈ અચાનક પૂછે તો કોણ જાણે કેમ એનો ઉત્તર આપતાં પહેલાં એક ક્ષણ તમે અટકી જાઓ છો. ખોટો જવાબ આપવાનું કોઈ કારણ નથી, તમે ખોટો જવાબ આપવાના પણ નથી અને આમ છતાં આ પ્રશ્નનો ઉત્તર તત્કાળ હોઠની બહાર આવ્યા પહેલાં એક પાતળું પડ ચડી જાય છે. ૪૮ વરસનો માણસ ભૂલેચૂકે ૪૯ નહીં કહે, પણ ખાતરીબંધ ૪૭ કહેશે. માણસને ઉંમરમાં નાના રહેવું ગમે છે. આવું શા માટે છે એનો ખુલાસો પણ સત્વર જ મળે છે. ઉંમર જેમ વધે એમ મૃત્યુની લગોલગ પહોંચે છે એવી માન્યતા જડબેસલાક છે. ૭૦ કે ૮૦ વરસનો માણસ મૃત્યુ પામે એ જ રીતે ૫૦ કે ૬૦ અથવા તો ૩૦ કે ૪૦ની ઉંમરે પણ માણસનું આયુષ્ય પૂરું થઈ જાય છે એવું આપણે ધારી લઈએ છીએ. આ ધારણા સાવ ખોટી પણ નથી, પણ ઉંમરને આયુષ્ય સાથે સાંકળી દેવામાં ઉતાવળ પણ થાય છે. ઉંમર દેહધર્મ છે. આ દેહધર્મ આપોઆપ વ્યક્ત થઈ જતો હોય છે. બિગ બી અને સુપરસ્ટાર અમિતાભ બચ્ચને આ વિષયમાં એક મજાની વાત કરી છે. તેમણે કહ્યું કે 'મને પૅન્ટ પહેરવામાં ભારે મુશ્કેલી પડે છે. હવે પૅન્ટ પહેરતી વખતે મારાથી એક પગ ઊંચો નથી થતો. ક્યાંક બેસી જવું પડે છે અથવા ક્યાંક ટેકો લેવો પડે છે.' આવું આપોઆપ થાય છે. ઉંમર એનો પ્રભાવ દેખાડે છે, આપણને ગમે કે ન ગમે.

લાંબું જીવવું દરેક માણસને ગમે છે. શા માટે ગમે છે એ કદાચ કોઈને ખબર નથી. લાંબું જીવવું છે, પણ શા માટે જીવવું છે એ વિશે લગભગ દરેક માણસ અજ્ઞાત હશે. ૫૦ વરસની ઉંમરે કોઈ ચોક્કસ પ્રશ્નનો જવાબ તમે તત્કાળ આપી દેતા હતા. આજે ૭૦ વરસની ઉંમરે એ જ પ્રશ્નનો જવાબ તમારી પાસે એનો એ જ છે. તમને એ આવડે પણ છે, પણ એ જવાબ આપતાં પહેલાં તમે એક ક્ષણ રોકાઈ જશો. ૫૦ વરસની ઉંમરે આ જવાબ આપતી વખતે તમે રોકાયા નહોતા. આવું કેમ બને છે એની આપણને જાણ નથી, બને છે એટલું જ જાણીએ છીએ.

જીવવું એટલે શું?

હાસ્યકલાકાર શાહબુદ્દીન રાઠોડ એક મજાની વાત કરે છે. તે કહે છે કે તમારા પલંગ પાસે ટિપાઈ પર પહેલાં ચાર્લી કે એવા કોઈ સુગંધી પદાર્થોની બૉટલો પડી રહેતી હતી; હવે જો હરડે, સુદર્શન કે કબજિયાતની કોઈ દવા પડી રહેતી હોય તો આપોઆપ ઉંમરમાં વધારો પ્રગટ થઈ જાય છે. દીર્ઘાયુષ હોવું એ ખોટું નથી, પણ એ દીર્ઘ આયુષ્ય સાથે કર્મોનો જે ઉઘાડ થાય છે એનું મહત્ત્વ વધારે છે. ૮૫ કે ૯૦ વરસનો માણસ પોતાની ૩ પેઢી જુએ છે એ વાત

સાચી, પણ ૩ પેઢી જોવી એ હંમેશાં કંઈ સુખદ નથી હોતું. આ ૮૫ કે ૯૦ વરસના માણસે પોતાના કેટલાય સ્વજનો, પુત્ર, પુત્રી, અરે પૌત્ર સુધ્ધાં ચાલ્યાં જતાં જોવાં પડે છે! આવું જોયા પછી પણ જો તમને લાંબું આયુષ્ય સુખદ લાગતું હોય તો સુખની વ્યાખ્યા થોડીક સમજવી પડે. વૈદિક યજ્ઞમાં યજ્ઞદેવતા પાસે વૈદિક ઋષિ એવું વરદાન માગે છે કે હે દેવ! મારા પછી આવેલા ક્યારેય મારા પહેલાં ન જાય એવું વરદાન આપો. આ પછી અને પહેલાંની વાત સમજી લેવા જેવી છે.

૫૦ વરસની ઉંમરનો એક માણસ દોડવાની સ્પર્ધામાં ૩૦ વરસના માણસને પરાજિત કરે છે. ૩૦ વરસના માણસને શ્વાસ ચડી ગયો છે. ૫૦ વરસનો માણસ હજી એવી ને એવી તાજગીથી દોડે છે. એનો અર્થ એવો નથી થતો કે ૫૦ વરસનો આ માણસ લાંબું જીવશે અને ૩૦ વરસનો આ માણસ વહેલો મૃત્યુ પામશે. એવું બને કે પેલો ૩૦ વરસનો માણસ ૨૫, ૩૦ કે ૪૦ વરસ જીવી જાય અને પેલા ૫૦ વરસના માણસનો બીજા જ દિવસે દેહાંત થઈ જાય. એનું કારણ કોઈ જ જાણતું નથી. આપણને એટલી જ ખબર છે કે ઈશ્વરે જે શરીર આપ્યું છે એ શરીર કેટલું ચોક્કસ સામગ્રી સાથે આપ્યું છે. અમિતાભ બચ્ચનના હાથમાં તેણે બૅટ–બૉલ નથી આપ્યાં, કારણ કે અમિતાભને સચિન તેન્ડુલકર બનવાનું કામ સોંપાયું નથી. જો તેમને સચિન તેન્ડુલકર બનવાનું કામ સોંપાયું હોત તો ઈશ્વરે તેમના હાથમાં બૉલ અને બૅટ આપ્યાં હોત. આથી ઊલટું સચિન તેન્ડુલકરને ઈશ્વરે અભિનય–કલા નથી આપી, કારણ કે એ સામગ્રી તેના ખપની નહોતી. હવે અહીં એક સરસ સવાલ પણ પેદા થાય છે. ઈશ્વરે ટ્રસ્ટી તરીકે આપણને સોંપેલી સામગ્રી આપણે ઉચિત ધોરણે વાપરીએ છીએ ખરા? ધારો કે અમિતાભ બચ્ચન બૉલ–બૅટ લઈને ક્રિકેટ રમવા ઊતરી પડ્યા હોત તો શું તે સચિન તેન્ડુલકર બની શક્યા હોત ખરા?

બસ, જેવો છું એવો રહું

ઉંમર, આયુષ્ય અને જિંદગી આ ત્રણ શબ્દો એકાર્થી નથી. આમ છતાં કોણ જાણે કેમ આ ત્રણ પૈકીનો એક શબ્દ પણ બોલતાં કે સાંભળતાંવેંત આ ત્રણેયની અર્થછાયા એકસાથે સંકળાઈ જતી હોય એમ લાગે છે. બાવડાના ગોટલા એ કંઈ ઉંમર નથી અને ઉંમર એ કંઈ આયુષ્ય નથી. એ સાથે જ અલ્પાયુષી હોવું કે દીર્ઘાયુષી હોવું એ કંઈ જિંદગી નથી. માણસ સફેદ વાળ ન દેખાય એ માટે જાતભાતની હિકમત કરતો હોય છે. વાળ સફેદ હોય કે કાળા એનાથી જિંદગીમાં શું ફરક પડે છે? માણસને કોઈ પણ ભોગે આકર્ષક રહેવું છે અને આપણે કાળા વાળને આકર્ષક માની લીધા છે. ૩૫ વરસનો એક માણસ સ્વાસ્થ્ય ન સાચવી શકવાને કારણે પંચાવનનો દેખાય તો તેણે ૨૦ વરસ મેળવ્યાં છે એમ ન કહેવાય, પણ પંચાવન વરસનો એક માણસ સ્વાસ્થ્ય ન સાચવી શકવાને કારણે ૩૫નો દેખાય તો તેણે ૨૦ વરસ ગુમાવ્યાં છે એમ જરૂર કહી શકાય.

૨૦, ૪૦ કે ૬૦ બૉલ–બૅટ કે અભિનયકલા, ઉપરવાળાએ અહીં મોકલતી વખતે ભલે મુઠ્ઠી ખુલ્લી રાખી હતી, પણ એ ખુલ્લી મુઠ્ઠીમાં ચિતરામણ તો જરૂર કર્યું હતું. એ ચિતરામણ જો સમયસર દેખાઈ જાય તો ઉંમર, આયુષ્ય અને જિંદગી બધું એક જ છે.

## દર્શન કર્યા પછી આપણે મંદિરની બહાર કેમ બેસીએ છીએ ?

વડીલો કહે છે કે જ્યારે પણ આપણે દર્શન માટે મંદિરમાં જઈએ છીએ, ત્યારે દર્શન કર્યા પછી આપણે બહાર આવીને મંદિરના પાદરી અથવા આટલા પર થોડીવાર બેસીએ છીએ.

શું તમને આ પરંપરા પાછળનું કારણ ખબર છે ?

આજકાલ લોકો મંદિરના પાદરી પર બેસીને પોતાના પરિવાર, વ્યવસાય કે રાજકારણની ચર્ચા કરે છે, પરંતુ આ પ્રાચીન પરંપરા એક ખાસ હેતુ માટે બનાવવામાં આવી હતી.

ખરેખર, આપણે મંદિરના પાદરી પર બેસીને શ્લોકનો પાઠ કરવો જોઈએ.

આજના લોકો આ શ્લોક ભૂલી ગયા છે. તમારે આ શ્લોક સાંભળવો જોઈએ અને આવનારી પેઢીને પણ જણાવવો જોઈએ.

આ શ્લોક આવો છે ????

અનયસેન મૃત્યુ, આપ્યા વિનાનું જીવન. દેહંત તવ સાનિધ્યમ્, શરીરમાં ભગવાન.

આ શ્લોકનો અર્થ છે :

સ્વયંસ્ફુરિત મૃત્યુ એટલે કે, આપણે કોઈ પણ મુશ્કેલી વિના મૃત્યુ પામવું જોઈએ અને આપણે ક્યારેય બીમાર ન પડીને પથારી પર સૂઈ જવું જોઈએ નહીં, આપણે દુ:ખ સહન કરીને મૃત્યુ પામવું જોઈએ નહીં અને ચાલતા ચાલતા આપણું જીવન પસાર થઈ જવું જોઈએ.

આપ્યા વિનાનું જીવન એટલે કે, નિર્ભરતાનું જીવન ન હોવું જોઈએ, જેનો અર્થ છે કે આપણે ક્યારેય કોઈના પર નિર્ભર રહેવું ન જોઈએ. જેમ કોઈ વ્યક્તિ લકવાગ્રસ્ત થઈ જાય ત્યારે બીજા પર નિર્ભર બની જાય છે, તેમ તેણે નિર્ભર કે લાચાર ન રહેવું જોઈએ. ઠાકુરજીની કૃપાથી, વ્યક્તિ ભીખ માંગ્યા વિના જીવન જીવી શકે છે.

દેહંત તવ સાનિધ્યમ્ એટલે કે જ્યારે પણ તમે મૃત્યુ પામો છો, ત્યારે તમારે ભગવાનની સામે હોવું જોઈએ. જેમ ભીષ્મ પિતામહના મૃત્યુ સમયે, ઠાકુરજી પોતે તેમની સામે ઉભા હતા. તેમને જોતા જ તેમણે અંતિમ શ્વાસ લીધા.

દેહી મેં પરમેશ્વરમ્ હે ભગવાન, અમને આવું વરદાન આપો.

આ પ્રાર્થના કરો ગાડી, લાડી, છોકરો, છોકરી, પતિ, પત્ની, ઘર, ધન – તમારે આ માંગવાની જરૂર નથી, ભગવાન પોતે તમને તમારી યોગ્યતા અનુસાર આ આપે છે.

એટલા માટે દર્શન કર્યા પછી, તમારે બેસીને આ પ્રાર્થના કરવી જોઈએ.

આ પ્રાર્થના છે, ભીખ નથી. ભીખ માંગવી એ ઘર, વ્યવસાય, નોકરી, પુત્ર, પુત્રી, સાંસારિક સુખ, ધન અથવા અન્ય વસ્તુઓ જેવી સાંસારિક વસ્તુઓ માટે છે, તે વિનંતી છે, તે ભીખ માંગવી છે.

આપણે પ્રાર્થના કરીએ છીએ, પ્રાર્થનાનો એક ખાસ અર્થ છે, એટલે કે, ખાસ, શ્રેષ્ઠ. અર્થનો અર્થ વિનંતી છે. ઠાકુરજીને પ્રાર્થના કરીએ છીએ અને પ્રાર્થના શું કરવી તે છે આ શ્લોકનો પાઠ કરવો.

સૌથી મહત્વની વાત જ્યારે આપણે મંદિરમાં દર્શન માટે જઈએ છીએ, ત્યારે આપણે ખુલ્લી આંખોથી ભગવાનને જોવા જોઈએ, આપણે તેમને જોવું જોઈએ. આપણે દર્શન કરવા જોઈએ.

કેટલાક લોકો ત્યાં આંખો બંધ કરીને ઉભા રહે છે. આપણે આંખો કેમ બંધ કરવી જોઈએ, આપણે દર્શન કરવા આવ્યા છીએ. ભગવાનના સ્વરૂપ, તેમના ચરણ, તેમના ચહેરા, તેમના શણગારનો સંપૂર્ણ આનંદ માણો. તમારી આંખોને સ્વરૂપથી ભરો. દર્શન કરો અને દર્શન કર્યા પછી, જ્યારે તમે બહાર આવો અને બેસો, ત્યારે તમારી આંખો બંધ કરો અને તમે જે સ્વરૂપ જોયું છે તેનું ધ્યાન કરો. મંદિરમાં તમારી આંખો બંધ ન કરો. બહાર આવ્યા પછી, જ્યારે તમે પગથિયાં પર બેસો અને ઠાકુરજીનું ધ્યાન કરો, ત્યારે તમારી આંખો બંધ કરો અને જો ઠાકુરજીનું સ્વરૂપ મનમાં ન આવે, તો ફરીથી મંદિરમાં જાઓ અને ભગવાનના દર્શન કરો. આંખો બંધ કર્યા પછી, ઉપરોક્ત શ્લોકનો પાઠ કરો.

## વહૂ દીકરી

–સુચિતા ભટ્ટ

"તેં વરીયાળીવાળુ પાણી બનાવી રાખ્યું છે ને?"

"હા, ફ્રીઝમાં થોડી વાર માટે મૂક્યું છે."

"જમવાનું તેં ઓવનમાં ગોઠવી દીધું?"

"અરે હા ભાઈ હા, તમેય શું રોજ એકના એક સવાલ કર્યા કરો છો."

"તો તું ફ્રીઝમાં ઠંડા પાણીની બોટલ ભરી રાખવાનું તો ભૂલી જ ગઈ હોઈશ."

"અરે,એ પણ મૂક્યું છે. આટલી ગરમીમાં, ભર બપોરે આપણી વહૂ સ્કૂલે ભણાવીને જ્યારે આવતી હોયપ થાકેલી હોય, ત્યારે એટલું તો હું રોજ કરું જ ને એના માટે."

ભરતભાઈ અને સંગીતાબેન વચ્ચે ચાલતા આ રોજનાં વાક્યો હતાં. બન્નેને સવાલ અને જવાબ ખબર જ રહેતાં છતાંપ.

બહાર અવાજ આવતા જ સંગીતાબેને દરવાજો ખોલ્યો. પરસેવે રેબઝેબ થયેલી, થાકેલી અનીતા ઘરમાં આવી. આવતા વેંત એણે પૂછ્યું, "મમ્મી – પપ્પા, તમે જમ્યા કે?"

ભરતભાઈ કહે, "હા, અમે જમી લીધું અને તું હવે આ પંખા નીચે બેસ અને થોડો થાક ખા."

"હાશ, એટલું સારું લાગે છે ને. ગરમીમાં, સ્કૂલમાં છોકરાંઓ પણ અકળાયા છે. તોય ભણાવવા તો પડે ને. મા, આજે તો માથું સખત ફાટે છે." એમ કહેતાં જ અનીતાએ પોતાનું માથું સંગીતાબેનના ખોળામાં મૂકી દીધું. સંગીતાબેન ખૂબ પ્રેમથી એનું માથું દબાવવા લાગ્યા. અને એટલી વારમાં તો ભરતભાઈ અંદરથી વરીયાળીવાળુ ઠંડુ શરબત પણ અનીતા માટે લઈ આવ્યા. "લે બેટા, આ શરબત પી. તને સારું લાગશે."

"હાશ,ઉતાવળા તો એવા ને. જરા અનીને હાશકારો તો લેવા દો."

"પણ એમાં મેં શું ખોટું કર્યું? એનું માથું દુ:ખે છે એટલે લઈ આવ્યો!!"

" અરે, બસ બસ. મારી બાબતમાં તમે બન્ને રોજ ઝઘડી પડો એ મને નથી ગમતું. મને તો તમે બન્ને ખૂબ ખુશ અને હસતાં રહો એ ગમે છે" અનીતા બોલી.

લાગ જોઈને સંગીતબેને સોગઠી મારી જ દીધી. "બેટા, જો તું અમને બન્નેને ખુશ જોવા ઈચ્છતી હોય તો લગ્ન કરી લેને !!"

"જુઓ મા, પાછી તમે એ વાત કાઢી? હું તમને બન્નેને મૂકીને ક્યાંય જવાની નથી." કહેતા જ અનીતાએ ફરી પોતાનું માથું સાસુના ખોળામાં મૂકી દીધું. અને આગળ બોલી, "મારે તમારી વહૂ નહીં પણ દીકરી બનીને રહેવું છે."

હવે બોલવાનો વારો ભરતભાઈનો હતો. સોગઠી મારવાનું એ પણ શું કામ ચૂકે? એમણે કહ્યું, "તું અમારી દીકરી જ છો. એટલે જ તો તારા લગ્નની વાત કરીએ છીએ. દીકરીને વળાવવી તો પડશે ને?"

"હા બેટા, અમારી ખુશી, હવે તું તારા જીવનમાં ઠરીઠામ થાય એ જોવાની છે. બહુ થયું. તારી એકલતા અમને કોરી ખાય છે."સંગીતાબેન , અનીતાનું માથું પસવારતા બોલ્યા.

" અને લગ્ન પછી આ ઘર અને અમને છોડીને જ જવાનું અમે ક્યાં કહીએ છીએ?? અમને તો ઘર જમાઈ પણ ચાલશે." ભરતભાઈ વાતને હળવી કરતા બોલ્યા અને ક્ષોભ અનુભવતી અનીતા ઝડપથી ઊભી થઈ અંદરના રૂમમાં દોડી ગઈ.

## આખાબોલી વહુ

–શરદ મણિયાર

શ્રેયા વહુ, માંડલિયા પરિવારની નાની વહુ, લગ્ન કરીને આવ્યા ના છ મહિનામાં જ "આખાબોલી વહુ" ના નામે પરિવારમાં અળખામણી બની ગઈ. જોકે એની સ્પષ્ટ વાતો એના સાસુમા અંજનાબેન અને સસરા સુબોધભાઈ ને એટલા માટે પણ ખટકતી હતી કે એમની મોટી વહુ માધવી ક્યારેય એમને એમની કોઈ વાતનો સામો જવાબ આપતી ન હતી કે આપી શકતી ન હતી. માધવી ના આ ઘરમાં આવ્યા ના પાંચ પાંચ વર્ષમાં અંજનાબેને કોઈ કારણ કે વગર કારણે, જાણતા કે અજાણતા એને કંઈ પણ સાચું કે ખોટું કહ્યું હશે તો પણ એ ચૂપચાપ મૂંગે મોઢે સહન કરી લેતી હતી. માધવીભાભીની આ સાલસતા થકી શ્રેયા ને એમના પ્રત્યે ખૂબ માન તો હતું જ પણ સાસુમા ના વજૂદ વગરના માનસિક અત્યાચારનો વિરોધ કરવા એમને વારંવાર પ્રેરતી તો પણ માધવી એ ક્યારે એ હિંમત કેળવી જ નહીં. તેનાથી વિપરીત શ્રેયા ને ક્યારે પણ સાસુમાની કોઈ ટકોર વિના કારણે લાગતી તો એ વિના સંકોચે એમને જવાબ આપી દેતી. આ બાબત ઘણીવાર એમના વચ્ચે નાના મોટા ઘર્ષણનું કારણ બની જતું તેથી એ એમની નજરમાં કણાની જેમ ખટકતી અને આખા ઘરમાં અળખામણી બની ગઈ હતી. જોકે શ્રેયાએ ઘણીવાર એના પતિ અનિકેત ને સમજાવવાની કોશિશ કરી, પણ અનિકેત પોતાની મમ્મીને જુનવાણી ગણાવીને એમનો પક્ષ લેતો. એટલે શ્રેયા પણ આ વિશે વધુ કાંઈ કરી શકે એમ નહતી.

આજે જોકે શ્રેયાએ સવારના ઉઠતા વેંત એવું મન બનાવી લીધું હતું કે કંઈ પણ થાય એ એના સાસુમા સાથે કોઈપણ વાદ વિવાદ નહીં જ થવા દે ભલે પછી એને હંમેશની મુજબ અકારણ ટોકવામાં આવે. કારણ કે આજે એના લગ્નના પૂરા છ મહિના પછી એના મમ્મી પપ્પા આવવાના છે એટલે કમ સે કમ આજે એમની સામે કોઈ પણ તમાશો કરીને એમને વ્યથિત કરવા નહોતી ઈચ્છતી. એટલે એ વહેલી સવારથી જ પોતાના મમ્મી પપ્પાના ભાવતા વ્યંજનો બનાવવામાં વ્યસ્ત થઈ ગઈ હતી અને એની જેઠાણી માધવી પણ એટલા જ ઉત્સાહથી એને મદદ કરવા જોડાઈ ગઈ હતી.

ત્યાં અચાનક સાસુમા રસોડામાં ધમકી પડ્યા અને બોલ્યા, " ઓહો, હો, હો, આજે કોના માનમાં આ છપ્પનભોગ બનાવાઈ રહ્યા છે?". સાસુમા નો આ ટોણો શ્રેયા ને સોંસરવો ઉતરી ગયો એટલે તરત એનો પ્રત્યુતર આપવા ગઈ તો માધવી ભાભી એને ઇશારાથી ચૂપ રહેવા કહ્યું અને એણે પોતે જવાબ આપ્યો, "અરે મમ્મી, આપણી તો કાલે જ વાત થઈ ગઈ હતી ને કે શ્રેયાના મમ્મી પપ્પા આજે એના લગ્ન પછી પહેલીવાર આપણા ઘરે આવી રહ્યા છે". માધવીની વાત સાંભળીને સાસુમાએ મોઢું વાંકું કર્યું અને એક તીરછી નજરે શ્રેયા તરફ જોતા મનોમન બોલ્યા, "આવવા દે એના માબાપને. આજે તો એની બધી ચરબી ન ઉતારી દઉં તો મારું નામ અંજના નહીં."

શ્રેયાના મમ્મી પપ્પાનું આગમન, સ્નેહમિલન અને પ્રીતિ ભોજન બાદ સૌ કોઈ વાતો એ વળગ્યા. અહીં તહીંની કૌટુંબિક ઔપચારિક વાતોના અંતે શ્રેયા ના પપ્પાએ ખૂબ જ સહજતાથી પોતાની જીજ્ઞાસા ને સંતુષ્ટ કરવા વેવાઈને પૂછ્યું, "તો કેમ લાગે છે અમારી દીકરીનું પરફોર્મન્સ? ઘરના કામકાજમાં તો એ નિપુણ તો છે જ પણ શું બાકી બીજી બધી વાતો એ તમારી અપેક્ષામાં ખરી ઉતરે છે કે નહીં? તમારા બંનેનું સરખું ધ્યાન રાખે છે કે નહીં?" પપ્પા ના આવા અકલ્પનીય સવાલો સાંભળીને શ્રેયાના પેટમાં ફાળ પડી. એને એક અણધાર્યા ઝંઝાવાત ના આગમનના એંધાણ થઈ આવ્યા. કારણકે એ જાણતી જ હતી કે છેલ્લા છ છ મહિનાઓ દરમ્યાન એવું ક્યારેક જ બન્યું હશે કે સાસુમા સાથે કોઈપણ જાતની નાની મોટી વાત ઉપર વિવાદ ન થયો હોય. એટલે હવે તો એનું આવી જ બનશે. અંજનાબેનને પણ જાણે "બગાસું ખાતા મોઢામાં પતાસું આવી ગયું" હોય એવા હર્ષોલ્લાસની લાગણી થઈ આવી, તેમ છતાંય પોતાના મનોભાવ પર કાબુ રાખીને ચહેરા પર કરડાઈ લાવીને બોલી ઉઠ્યાં, "માફ કરજો આશિષભાઈ, અમારી સેવા કરવાનું તો દૂર રહ્યું પણ અમારી વાતનો સામો જવાબ આપવાની એક પણ તક ચૂકતી નથી આ તમારી દીકરી. ઘરના કામકાજમાં એ ભલે નિપુણ હશે પણ સાસરામાં વાત, વર્તન અને વ્યવહારની સમજણ લગીરે માત્ર એનામાં નથી." "શું વાત કરો છો તમે અંજનાબેન?". આશિષભાઈ હતપ્રભ થઈને બોલ્યા. "ગુજરાતીમાં જ વાત કરું છું, તમારી દીકરીની જેમ હું અંગ્રેજી માધ્યમમાં નથી ભણી". સાસુમા ના આવા ક્રૂર કટાક્ષથી શ્રેયા એકદમ હચમચી ગઈ અને તરત કાંઈ બોલવા ગઈ એ પહેલા બાજુમાં બેઠેલી માધવીભાભીએ એની હથેળીને દબાવીને એને ચૂપ રહેવાનો સંકેત આપ્યો તો એ સમસમીને બેસી ગઈ. સાસુમાને તો જાણે હવે ખુલ્લુ મેદાન મળી ગયું હોય એમ છેલ્લા છ મહિનાની બધી ભડાસ કાઢી નાખી.? સાચી, ખોટી, જાણી, અજાણી બધી વાતોમાં મીઠું મરચું ભભરાવીને સાસુમાએ પોતાના મનને ટાઢક મળે એ રીતે પોતાની વાત રજૂ કરી.? આ સાંભળીને આખા ઘરમાં સોંપો પડી ગયો. કાપો તો લોહી ન નીકળે એવી પીડા અને ક્ષોભ અનુભવતા આશિષભાઈ એ પહેલા એક નજર શ્રેયા પર નાખી જે ખૂબ જ ગુસ્સામાં આ બધી વાત સાંભળી રહી હતી પણ તરત અંજનાબેન ને સંબોધીને બોલ્યા, "માફ કરજો વેવાણ, અમે શ્રેયાના આવા વર્તનથી તદ્દન અજાણ હતા." આશિષભાઈ વધુ આગળ બોલે એ પહેલાં જ શ્રેયા બોલી ઉઠી, "પણ પપ્પા", પણ આશિષભાઈએ ગુસ્સામાં એની વાત કાપી, "ના બેટા, હવે એક પણ શબ્દ તું નહીં બોલે. શું અમે તારા વિશે

આ બધી વાતો સાંભળવા આજે આવવાના હતા? શું અમે તને બચપણથી જ નથી જાણતા કે તું કેવી આખાબોલી છે પણ અમારા લાડ પ્યારમાં તું આટલી ઉદ્ધત બની જશે એવી અમને કલ્પના ન હતી. તારા આવા આખાબોલા સ્વભાવને કારણે આજે અમારે નીચું જોવાનો વારો આવ્યો છે. પણ બસ હવે જે થઈ ગયું એ થઈ ગયું. આજ પછી તારા વિશે આવી કોઈ ફરિયાદ ન આવવી જોઈએ એની ખાતરી આપ અને આમની માફી માંગ એટલે હવે અમે અહીંથી થોડાક સન્માનપૂર્વક જઈ શકીએ." શ્રેયા ને હવે લાગ્યું કે જો આજે એ બોલવાની હિંમત નહીં કરે તો ચૂપ રહેવાની બહુ મોટી કિંમત ચૂકવવી પડશે. એ તરત જ માધવી ભાભીએ દબાવી રાખેલી એની હથેળીને એક ઝાટકે છોડાવીને ઊભી થઈ અને મક્કમ સ્વરે બોલી, "પપ્પા મને માફ કરજો પણ હું માફી નહીં માંગુ. કારણ કે તમે ફક્ત એક તરફી વાત સાંભળીને કેમ માની લીધું કે બધો વાંક મારો જ છે? મારી પણ વાત સાંભળ્યા વગર તમે આવો ન્યાય કરશો તો એ જ મોટો અન્યાય કહેવાશે. તમારા બધાની નજરમાં હું ભલે શત્ પ્રતિશત ગુનેગાર હોઈશ પણ જેમ અદાલતમાં પણ સાચા ગુનેગારને પોતાની વાત કહેવાનો અધિકાર હોય છે તેમ મને પણ મારી વાત કહેવાનો હક હોવો જ જોઈએ."

ઘણા લાંબા સમયથી ચૂપ બેઠેલા આશિષભાઈ ના પત્ની સુધાબેન પોતાની દીકરીની વ્હારે આવ્યા, "ઠીક છે બેટા તારે પણ આ વિશે જે સ્પષ્ટતા કરવી હોય એ તું કરી શકે છે". પોતાની મમ્મીના આ લાગણીસભર શબ્દો સાંભળીને શ્રેયાએ સંપૂર્ણ આત્મવિશ્વાસથી સાસુમા ના એક એક આક્ષેપોને ખૂબ જ વ્યવસ્થિત રીતે છણાવટ કરીને જે જવાબો આપ્યા એ સાંભળીને બધા સ્તબ્ધ થઈ ગયા. શ્રેયા એ જ્યારે બોલવાનું શરૂ કર્યું અને એની વાત સ્પષ્ટપણે પૂરી કરી એ દરમિયાન સૌ કોઈએ, ખાસ કરીને આશિષ ભાઈએ જોયું કે એના સાસુ સસરા હજુ થોડી વાર પહેલા જે રીતે શ્રેયા ઉપર આક્ષેપો કરી રહ્યા હતા અને એ બધા આક્ષેપોનું શ્રેયા જે રીતે એ ખંડન કરી રહી હતી એ સાંભળતા તેઓ ખૂબ જ શરમજનક લાગણી અનુભવી રહ્યા હતા અને મુક પ્રેક્ષક બનીને શ્રેયાની વાત કાપવાની હિંમત પણ નહોતા કરી રહ્યા અને એકબીજાની સામે ગંભીર મુદ્રાએ ફક્ત જોયા જ કર્યું હતું.? જેથી તેમને હવે ચોક્કસ ખાતરી થઈ ગઈ હતી કે એ લોકોએ જાણીબુઝીને શ્રેયા ને માનસિક ત્રાસ આપવા બધી વાતો ઉપજાવી કાઢેલી હતી. એટલે હવે પોતાના અવાજમાં ગર્વની લાગણી સાથે શ્રેયા ને સંબોધીને બોલ્યાં, "બેટા, તારી બધી સ્પષ્ટતા સાંભળીને જે રીતે આ લોકો ચૂપ થઈ ગયા છે એ જ બતાવે છે કે તે કાંઈ પણ ખોટું કર્યું નથી પણ ખોટું તો તારી જ સાથે થયું છે. એટલે હવે એનો ન્યાય કરવાનો હક્ક પણ તને જ મળે છે. તુ જે નક્કી કરીશ એમાં અમે તારી સાથે જ છીએ." અને પછી એનાં સાસુ સસરા ને સંબોધીને બોલ્યા, "માફ કરજો વેવાણ, અમે શ્રેયાના મા બાપ તરીકે નહીં પણ એવી દરેક વહુના મા બાપ તરીકે તમારા જેવા સાસુ સસરાઓને પૂછવા માંગીએ છીએ કે કોઈ પારકી છોકરી પોતાનું સર્વસ્વ છોડીને જ્યારે તમારા દીકરાનો ઘર સંસાર આગળ વધારવા તમારા કુટુંબમાં જોડાય છે ત્યારે શા માટે તમે એને પણ પોતાની સગી દીકરી જેવું સન્માન નથી આપી શકતા? અને જો પૂરેપૂરું સન્માન ન આપી શકતા હોય તો શા માટે આવી રીતે એના ઉપર માનસિક ત્રાસ ગુજારો છો?"

પણ અંજનાબેન ની અકડ હજુ એમની એમ જ હતી, "અમારે આ બાબત વધુ દલીલો નથી કરવી. તમને અને તમારી દીકરીને જે યોગ્ય લાગે એ કરવાની તમને છૂટ છે". આ સાંભળીને આશિષભાઈ થોડા વધુ ઉગ્ર બન્યા અને શ્રેયા ને સંબોધીને બોલ્યા, "જો બેટા, અમને એમ લાગે છે કે તારી વાતોની આ લોકો પર કોઈ અસર પડી નથી અને કદાચ તેઓ એમનું તારા તરફનું વર્તન બદલશે જ નહીં. અને જો આમ જ ચાલવાનું હોય તો બેટા હવે તારે નિર્ણય લેવાનો છે કે તારે આ લોકોની માનસિક યાતના સહન કરવી છે કે એમાંથી મુક્ત થવું છે?".

"મુક્ત થઈને મારે ક્યાં જવું પપ્પા?". શ્રેયાએ પોતાની લાચારી રજૂ કરી. પણ એની મમ્મીએ દ્રઢતાપૂર્વક એનો હાથ પકડીને એને જવાબ આપ્યો, "અરે બેટા ક્યાં એટલે? અમે તારા માવતર આજે પણ એટલા જ મજબૂત છીએ, જો તારે પાછા આવવું હોય તો અમે તને સહહૃદયે સ્વીકારવા તૈયાર જ છીએ". "પણ મમ્મી, હું પાછી આવી જાવ તો સમાજમાં તમારી આબરૂ જાય એનું શું?" "બેટા એવી ખોખલી આબરૂના ભોગે અમે તારો ભોગ ન લેવા દઈએ." "ના પપ્પા," શ્રેયાએ એની દલીલ આગળ વધારી, "મારા પાછા આવી જવાથી સમાજમાં ફક્ત તમારી જ આબરૂ નહીં જાય પણ આ ઘરની આબરૂ પણ એટલી જ ખરાબ થશે જો હું અહીંથી પાછી જતી રહીશ તો ". આ સાંભળીને શ્રેયાના સાસુ સસરા એકદમ અચંબિત થઈને એકબીજાની સામે જોવા લાગ્યા. પણ આશિષભાઈ બોલ્યા, "જો એ લોકોને એમની આબરૂની ચિંતા હોત તારી સાથે આવો ગેર વર્તાવ તો ન જ કર્યો હોત ને? બેટા અમે તને લડાયક બનાવી છે પણ સ્વરક્ષણ માટે અને અન્યાય સામે લડવા, અન્યાય સહન કરવા માટે નહીં. તેમ છતાં આ તારી પોતાની લડાઈ છે એટલે તું જ નક્કી કર કે હવે તારે શું કરવું છે, જો પાછા આવવું હોય તો અમે અત્યારે જ તને પાછી લઈ જવા તૈયાર જ છીએ, કારણ કે હવે આ ઘરમાં તને એક પળ માટે માનસિક ત્રાસ આપવામાં આવશે તો એ હવે અમે નહીં જ સહન કરી શકીએ". "પપ્પા", શ્રેયા બોલી, "સંતાનોની કેટ કેટલીય ભૂલો મા-બાપ જતી કરતા હોય છે તો ક્યારેક સંતાનો પણ પોતાના માબાપની ભૂલો કેમ જતી ન કરી શકે? મારા સાસુ સસરા એ મારા પ્રત્યે જે વલણ અપનાવ્યું એ એમની ભૂલ સમજીને એમને વધુ એક તક આપવા માંગુ છું. મને પાછી અપનાવી લેવા માટે આપ તૈયાર જ છો એ તમારા પીઠબળ સાથે હું અહીં જ રહીશ અને વધુને વધુ કોશિશ કરીશ કે મારા આ મમ્મી-પપ્પાનો મારા માટેનો અભિગમ બદલાય".

એક ખૂબ જ આત્મસંતોષ અને સન્માનની લાગણી લઈને શ્રેયા ના મમ્મી પપ્પા જતા રહ્યા.

આ વાતને ત્રણ મહિના વીતી ચૂક્યા હતા અને ખૂબ જ આશ્ચર્ય રીતે શ્રેયાના ઘરમાં આ ત્રણ મહિના દરમ્યાન એની સાસુ સાથે ક્યારે કોઈપણ વાતનો વિવાદ નહોતો થયો એટલું જ નહીં પણ માધવીભાભી સાથે પણ ખૂબ જ સન્માનપૂર્વક વ્યવહાર કરવામાં આવતો હતો એ જોઈને માધવી સ્વગત બોલી, "આ પરિવર્તનનો બધો શ્રેય શ્રેયા ને, આખાબોલી વહુને જ જાય છે.

## ત્રણ ઉદાહરણો:

૧. એક શ્રેષ્ઠ જીપ/કાર બનાવવા ઇજનેરો રાત દિવસ મથેલા. અંતે, એ ગાડી તૈયાર થઈ અને એના મોડલના પ્રદર્શન માટે ભવ્ય સમારોહ આયોજિત થયો. પણ આયોજન સ્થળે દરવાજો/ગેટ/ કમાન ગાડીની હાઇટ કરતા સહેજ નીચા હતા! હવે ઇજનેરો ગૂંચવાયા કે ગાડીને પ્રદર્શનમાં સ્ટેજ સુધી લઈને કેમ જાય? માથે સ્ક્રેચ પડે એ તો પોસાય નહી.. ગેટ કે કમાન પણ કેમ કરીને કાઢવી. ઇજનેરો, અધિકારીઓ ગૂંચવાયા પણ ત્યાં જ ત્યાંના સિક્યોરિટી વાળા ભાઈએ કહ્યું કે અરે મુંઝાવ મા... ચારેય વ્હીલમાંથી હવા કાઢી નાખો.. આ ગાડી સરળતાથી જતી રહેશે! ??

૨. એક સાબુની ફેક્ટરીમાં ફાઇનલ પત્તા ઉપર રેપરની અંદર સાબુની ગોટી મૂકતા અને છેલ્લું પેકિંગ કરી નાખતા. કઈક લોચાને લીધે, સો દોઢસો નંગે, બે ત્રણ સાબુ વગરના ખાલી રેપર પેકિંગમાં જતા રહેતા. કંપનીની દુકાનદારોમાં શાખ બગાડવા લાગી કે સો ને બદલે અઠ્ઠાણું જ સાબુ મળે છે! ફેક્ટરીના માલિક સાથે ભલભલા લોકો ગોટે વળ્યા કે શું કરવું? સેન્સર લઈ આવવું કે એક માણસને સતત પેકિંગ જોવા બેસાડવો ! ત્યાં ચા લઈને આવતા બલકે કહ્યું સાહેબ, ટેબલફેન રાખી દેજો.. ખાલી રેપર હઇશે તો એમનેમ ઊડી જાહે.

૩. ભારતની સારી ટૂથપેસ્ટ કંપનીનું વેચાણ મહત્તમ કક્ષા આવી પહોંચ્યું.. પણ છેલ્લા છ મહિનાથી વેચાણ એના પછી વધવાનું અટકી ગયેલું. ઘરેઘરે પહોંચી ગયા બાદ પણ કંપનીના માણસોને અસંતોષ હતો કે હજુય વેચાણ વધવું જોઈએ.. એમણે અનેક મિટિંગ કરીને સોલ્યુશન લાવવા પ્રયત્નો કર્યા! મિટિંગમાં ગરમ ગરમ ચા આપવા જે ભાઈ આવતા તેઓ કહી ગયા કે આમાં કાઈ ના હોય.. પેસ્ટ નું મોઢું સહેજ એકાદ મિલીમીટર જેટલું જ મોટું કરી દેવાનું..રોજ પેસ્ટ વધારે નીકળશે, મહિનાને બદલે પચીસ દિવસમાં પૂરી થશે..તમારું વેચાણ વધશે..અને કહેવાય છે કે વેચાણ લગભગ ત્રણેક ટકા ખરેખર આ કિમિયાને લીધે વધ્યું!!

મને ક્યાંક ક્યાંક વાંચવામાં આવેલ આ પ્રસંગો અહીંયા મેં સ્મૃતિ આધારે જ મૂક્યા છે..

જીવનમાં મુશ્કેલી બહુ મોટી લાગતી હોય ત્યારે, ઠંડા કલેજે નાના નાના સોલ્યુશન ઉપર ધ્યાન આપવું. મહદ અંશે, ત્યાંથી જ સમસ્યાનું સાચું સમાધાન મળી રહેતું હોય છે.

આપણે કોને મૂરખ, અભણ અને કોને એક્સપર્ટ માનીએ છીએ એ જરાય અગત્યનું નથી.. અનેક વાર સોલ્યુશન તમે જેમને મૂરખ કે અભણ માનો છો એમની પાસેથી જ મળતું હોય છે.??

ઉપરના ત્રણેય ઉદાહરણોમાંથી શીખીએ કે,

આપણામાં પણ ઝાઝી હવા ભરવા દેવી જ નહીં... કોઈ પણ કમાનમાંથી નીકળી શકશો.. સાવ ખાલી પણ ન રહેવું, નહિતર સમયની એક ઝાપટે ઊડી જશો અને જરીક વધારે આપતા શીખવું.. તો હરદમ ડિમાન્ડમાં રહેશો??

**–ડૉ. અશ્વિની જોશી**

## કાકાવટું

હા ના કરતાં કરતાં પચીસે પહોંચેલી કમુને માએ સમજાવી.

દિકરી, તારે પગે ખોડ છે એટલે સારા માંગા તો આવે નહીં ઘર સારું છે. છોકરામાં થોડી અક્કલ ઓછી છે એટલે તારું માંગું નાખ્યું છે. આવા ધણીને પઢાવીને પોપટ બનાવી શકાય તું હા પાડી દે.

કમુએ હા પાડી, પરાગને પરણી ગઈ. બીજા ભાઈઓ જાણે રાહ જ જોતા હોય, તેમ પરાગને ઘર ખેતીનો ભાગ આપી જુદો કરી દીધો. કમુ પરાગને સમજાવી પઢાવી ઘર સંસાર ચલાવવા માંડી.

એકવાર કોઈએ ભોળા પરાગની ગંદી મશ્કરી કરી. કમુએ જાહેરમાં એવો ટંટો કર્યો કે તે પછી પરાગને કોઈ સતાવતું નહીં.

પણ અચાનક આફત આવી. પરાગને સર્પદંશ થયો. ચાર વરસનો દિકરોને બે વરસની દિકરી, કમુને આશરે છોડી ગુજરી ગયો.

દેર, જેઠ અને કુટુંબીઓએ કમુને સમજાવી. "જમીન મકાનને બદલે, અમે રોકડ આપી દઈએ. તમે છોકરાંને લઈને બીજું ઘર કરી લો. પણ કમુએ ના પાડી નારાજ થયેલા એ બધા, કમુને મદદ કરવાને બદલે, દરેક વાતમાં વિરોધ કરવા લાગ્યા.

કમુના ખેતરની અડોઅડ, દુરના કાકાજીનું ખેતર હતું. એ કમુની ખેતીમાં મદદ કરવા લાગ્યા. બેયનુ ઘર પણ એક જ ફળીમાં એટલે કમુનો કંચનકાકી પાસે આવરો જાવરો વધી ગયો. કંચન કાકીને કંઈ સંતાન હતું નહીં.

એક દિવસ કમુને જેઠાણી સાથે માથાકુટ થઈ. કાકી વચ્ચે પડ્યા તો જેઠાણી ના બોલવાનું બોલી. "કાકી, તમે તો રહેવા દો માથે રહીને કાકાજીને આ લંગડીને કાળા કામ કરવા દ્યો છો શરમાવ."

ઘરે આવી કમુ રોઈ કાકીએ છાની રાખી "એકલી જુવાન બાઈ પર બધા ખરાબ નજર જ રાખે ને ખોટા આળ નાખે."

કાકી, એ બધાને મારા જમીન ખોરડાં પડાવી લેવા છે. મને જમીનનો મોહ નથી પણ બીજે ઘરઘું તો હું લંગડીને બે છોકરાંના સચવાઈએ ને વધારે દુખી થઈએ એટલે અહીં પડી છું ને તમે મને ટેકો આપો છો એટલે એ બધા આવું બોલે છે. અમે ઘણીવાર ખેતરે એકલાં હોઈએ પણ મારા કાકાજીએ મારી સામે કોઈદી ઉંચુ ઉપાડીને જોયું નથી. માતાજીના સમ ખાઈને કહું છું."

કાકી થોડીવાર વિચારતા રહ્યા કમુ, સાચી વાત છે. અમારા જમીન મકાન પર પણ બધાની આવી જ નજર છે ને બીજી વાત તને ત્રીસેક વરસ થયાં હશે. હજી ઘણી જીંદગી બાકી છે. તું તારા મન શરીર પર કાબુ રાખી શકીશ ? આપણી નાતમાં દેરવટું, જેઠવટું વળવાનો રિવાજ છે. તું કાકાવટું વળી જા આમેય લોકોએ આળ તો નાખ્યું જ છે. અમારું ઘડપણ સચવાશે તને ઢાંકણું મળશે. છોકરાને આપણા બેયના ખેતી ખોરડાં મળશે અને ઉમરમાં તો એ લગભગ પીસ્તાલીસના હશે."

થોડીવાર પછી, નીચું જોઈ કમુ બોલી પણ એ હા પાડશે ?

એને મનાવવા એ મારું કામ કાકીએ કહ્યું – બીજે દિવસે ચડના માર્યા કંચનકાકી ફળિયામાં પેંડા વેંચવા નિકળ્યા. લ્યો, મીઠું મોં કરો મેં કમુને કાકાવટું વળાવી, મારું ઘરને વર સોંપી દીધા છે.

લેખક – જયંતિલાલ ચૌહાણ

---

મનોવિજ્ઞાની હિદેકી વાડાએ "ધ ૮૦–યર–ઓલ્ડ વોલ" નામનું પુસ્તક પ્રકાશિત કર્યું છે. પુસ્તક પ્રકાશિત થતાંની સાથે જ તેનું વેચાણ ૫,૦૦,૦૦૦ નકલોને વટાવી ગયું, જે તે સમયે સૌથી વધુ વેચાતું પુસ્તક બની ગયું. જો આ વેચાણનો ટ્રેન્ડ ચાલુ રહેશે, તો તો પુસ્તકનું વેચાણ ૧૦ લાખ નકલોને વટાવી જશે, અને તે જાપાનનું વર્ષનું સૌથી વધુ વેચાતું પુસ્તક બનશે.

૬૧ વર્ષના ડૉ. વાડા વૃદ્ધોમાં માનસિક બીમારીઓના નિષ્ણાત ડૉક્ટર છે. તેમણે ૮૦ વર્ષના વૃદ્ધો માટે "ભાગ્યશાળી" જીવનના રહસ્યોને ૪૪ વાક્યોમાં સંક્ષિપ્ત કર્યા છે, જે નીચે સૂચિબદ્ધ છે:

૧. ચાલતા રહો.
૨. ગુસ્સે થાય ત્યારે ઊંડો શ્વાસ લો.
૩. પૂરતી કસરત કરો જેથી તમારું શરીર કડક ન થાય.
૪. ઉનાળામાં એર કન્ડીશનીંગનો ઉપયોગ કરતી વખતે વધુ પાણી પીવો.
૫. ડાયપર ગતિશીલતા વધારવા માટે મદદરૂપ થાય છે.
૬. તમે જેટલું વધુ ચાવશો, તેટલું તમારું મગજ અને શરીર વધુ સક્રિય થશે.
૭. યાદશક્તિ ઓછી થવી એ ઉંમરને કારણે નથી પણ મગજના ઉપયોગના અભાવને કારણે છે.
૮. વધારે પડતી દવા લેવાની જરૂર નથી.
૯. બ્લડ પ્રેશર અને સુગરને બિનજરૂરી રીતે ઓછું કરવાની જરૂર નથી.
૧૦. એકલા રહેવું એ એકલતા નથી; તે શાંતિથી સમય પસાર કરવાનો છે.
૧૧. આળસ એ શરમજનક બાબત નથી.
૧૨. ડ્રાઇવિંગ લાયસન્સ પર પૈસા ખર્ચવાની જરૂર નથી (જાપાનમાં વરિષ્ઠ નાગરિકોને તેમના લાઇસન્સ પરત કરાવવા માટે એક ઝુંબેશ ચાલી રહી છે).
૧૩. તમને જે ગમે છે તે કરો; તમને જે ન ગમે તે ન કરો.
૧૪. વૃદ્ધાવસ્થામાં પણ કુદરતી ઇચ્છાઓ રહે છે.
૧૫. કોઈ પણ સંજોગોમાં, આખો સમય ઘરે ન બેસો.
૧૬. તમને જે ગમે છે તે ખાઓ; હળવી સ્થૂળતા વધુ સારી છે.
૧૭. બધું કાળજીપૂર્વક કરો.
૧૮. તમને જે લોકો ગમતા નથી તેમની સાથે સંગત ન કરો.
૧૯. આખો સમય ટીવી ન જુઓ.
૨૦. બીમારી સામે લડવાને બદલે, તેની સાથે જીવતા શીખો.

૨૧. જ્યારે ગાડી પર્વત પર પહોંચે છે, ત્યારે રસ્તો દેખાય છે – આ વૃદ્ધો માટે ખુશીનો જાદુઈ વાક્ય છે.
૨૨. તાજા ફળો અને સલાડ ખાઓ.
૨૩. નહાવાનો સમય ૧૦ મિનિટથી વધુ ન હોવો જોઈએ.
૨૪. જો તમે સૂઈ શકતા નથી, તો તમારી જાતને દબાણ ન કરો.
૨૫. આનંદ લાવતી પ્રવૃત્તિઓ મગજની પ્રવૃત્તિમાં વધારો કરે છે.
૨૬. તમને જે લાગે છે તે કહો; વધુ પડતું વિચારશો નહીં.
૨૭. શક્ય તેટલી વહેલી તકે "ફેમિલી ડૉક્ટર" શોધો.
૨૮. વધુ પડતા ધીરજવાન કે બળવાન ન બનો; "બોલ્ડ સિનિયર" બનવું પણ ખરાબ નથી.
૨૯. ક્યારેક તમારો વિચાર બદલવો ઠીક છે.
૩૦. જીવનના અંતિમ તબક્કામાં, ડિમેન્શિયા એ ભગવાન તરફથી ભેટ છે.
૩૧. જો તમે શીખવાનું બંધ કરશો, તો તમે વૃદ્ધ થઈ જશો.
૩૨. ખ્યાતિની ઝંખના ન કરો; તમારી પાસે જે છે તે પૂરતું છે.
૩૩. નિર્દોષતા વૃદ્ધો માટે હોય છે.
૩૪. કોઈ વસ્તુ જેટલી મુશ્કેલ હોય છે, તેટલી જ તે વધુ રસપ્રદ બને છે.
૩૫. સૂર્યસ્નાન કરવાથી ખુશી મળે છે.
૩૬. એવા કાર્યો કરો જેનાથી બીજાઓને ફાયદો થાય.
૩૭. આજનો દિવસ આરામથી વિતાવો.
૩૮. ઇચ્છા એ દીર્ઘાયુષ્યની ચાવી છે.
૩૯. ખુશખુશાલ જીવો.
૪૦. સરળતાથી શ્વાસ લો.
૪૧. જીવનના સિદ્ધાંતો તમારા પોતાના હાથમાં છે.
૪૨. શાંતિથી બધું સ્વીકારો.
૪૩. ખુશખુશાલ લોકો બધાને પ્રિય હોય છે.
૪૪. સ્મિત સૌભાગ્ય લાવે છે.

વૃદ્ધ થવું એ કોઈ મર્યાદા નથી – તે એક ભેટ છે. યોગ્ય દ્રષ્ટિકોણ અને દૈનિક ટેવો સાથે, ૬૦ વર્ષ પછીના વર્ષો તમારા જીવનના સૌથી ફળદાયી વર્ષોમાંના એક હોઈ શકે છે. ચાલો વૃદ્ધત્વને ડરથી નહીં, પરંતુ કૃપા, કૃતજ્ઞતા અને ડૉ. વાડા દ્વારા ઉદારતાથી શેર કરવામાં આવતી શાણપણથી સ્વીકારીએ.

## ઝુમણાની ચોરી

**– ઝવેરચંદ મેઘાણી**

પચાસ વરસ પહેલાં ખુમાણ પંથકના ખડકાળા ગામમાં કાળા ખાચર નામના એક કાઠી રહેતા હતા. આપા કાળાને ઘેરે આઠ સાંતીની જમીન હતી, પણ એંશી સાંતીના ધણીને પાલવે એવી પરોણાચાકરી પોતાને આંગણે રાખવાનું આપાને બંધાણ થઈ ગયું હતું, એટલે આપો

આજ આધેડ અવસ્થામાં પૈસેટકે ડૂબી ગયા હતા. ડેલીએ બેઠાં બેઠાં કસૂંબાની કેફ કરીને કાઠી પોતાનું દુઃખ વીસરતા હતા.

પણ ઓરડે બેઠેલી કાઠિયાણીને તો પોતાની આપદા વીસરવાનો એકેય ઉપાય નહોતો. મહેમાનોનાં ભાણાં સાચવવાં અને મોળપ કહેવાવા ન દેવી, એવી એવી મૂંઝવણો દિવસરાત આઈને ઘેરી લેતી. એમાંય સાત ખોટના એક જ દીકરા લાખાને હવે પરણાવ્યા વિના આરોવારો નહોતો. વેવાઈ ઘોડાં ખૂંદી રહ્યા હતા. વહુ મોટાં થયાં હતાં. પણ વેવાઈની સાથે કાંઈક રૂપિયા ચૂકવવાનો કરાર હતો તે વિઘ્ન હતું.

“કાઠી !” આઈએ આપા કાળા ખુમાણને ધધડાવ્યા. “કાઠી, આમ કાંઈ આબરૂ રે'શે ? તમારું તો રૂંવાડુંય કાં ધગતું નથી ? વેશવાળ તૂટશે તો શું મોઢું દેખાડશો ?”

“ત્યારે હું શું કરું ?”

“બીજું શું ? ભાઈબંધોને ઊભે ગળે ખવરાવ્યાં છે, તે આજ તો એકાદાને ઉંબરે જઈ રૂપિયા હજારનું વેણ નાખો ! આપણે ક્યાં કોઈના રાખવા છે? દૂધે ધોઈને પાછા દેશું."

આપા કાળાને ગળે ઘૂંટડો ઊતર્યો. એણે નજર નાખી જોઈ. મનમાં થયું કે, “વંડે પહોચું. ભૂવો આયર તો મારો બાળપણનો ભાઈબંધ છે, ઘોડિયાનો સાથી છે. ભગવાને એને ઘરે માયા ઠાલવી છે. લાવ્ય, ત્યાં જ જાવા દે.”

વંડાએ ખુમાણ પંથકમાં એક ગામડું છે. ઘોડીએ ચડીને આપા વંડે ગયા. ભૂવો આયર મોટો માલધારી માણસ હતો. એના ઘરમાં લક્ષ્મીનો વાસ હતો. આપા કાળાને આવે વખતે એ ટેકો આપેય ખરો. પણ જઈને જુએ તો ભાઈબંધ ઘેર ન મળે. ગામતરે ગયેલા.

ઘરમાં આયરાણી હતાં. તેણે આપાને તાણ કરીને રાત રોક્યા. વાળુ કરતાં કરતાં આપાએ વાત ઉચ્ચારી : “બાપ! બેન ! લાખાને વિવા કરવાની ઉતાવળ છે. રૂપિયા હજાર સારુ થઈને મારે જમીન મેલવા ન જાવું પડે તેવી આશાએ હું આંહીં ભાઈને મોઢે થવા આવ્યો, પણ ભાઈ તો ન મળે.”

રસોડામાંથી આયરાણીએ કહેવરાવ્યું : “આયર તો લાંબે ગામતરે ગયા છે.”

“હશે, બાપ, જેવાં મારાં તકદીર. સવારે તો હું વહેલા ઊઠીને ચડી નીકળીશ.”

રાતે બાઈએ વાળંદને કહ્યું : “આપાને માટે હું વાપરું છું તે ગાદલું નાખજે, અને મારો ઓછાડ કાઢી લઈને નવો આછાડ પાથરજે.”

વાળંદ ગાદલું ઢાળીને ઓછાડ ઉપાડે, ત્યાં ગાદલાની અંદર સોનાનું એક ઝૂમણું દેખ્યું. સ્રીઓનો નિયમ છે કે ઊંઘતી વખત ડોકના દાગીના ઉતારીને ઓશીકે મૂકે. બાઈ એ આગલી રાતે ઝૂમણું કાઢીને ઓશીકે મૂકેલું, પણ સવારે ઝૂમણું સરતચૂકથી ગાદલામાં જ રહી ગયેલું. વાળંદે પથારી કરી. આપાને પોઢાડી, ઝૂમણું સંતાડીને પડખે જ પોતાનું ઘર હતું ત્યાં ચાલ્યો ગયો, જઈને બાયડીને કહ્યું : “આ લે, આ સંતાડી દે.”

“આ ક્યાંથી લાવ્યા ? આ તો માનું ઝૂમણું !” બાઈ ચોંકી ઊઠી.

“ચૂપ રે, રાંડ ! તારે એની શી પંચાત ! ઝટ સંતાડી દે.”

“અરે પીટ્યા, આ અણહકનું ઝૂમણું આપણને નો ઝરે."

હજામે બાયડીને એક થપાટ લગાવી દીધી. ઝૂમણું કઢીના પાટિયામાં નાખ્યું, અને આખો પાટિયો ચૂલાની આગોણમાં દાટી દીધો.

ભળકડું થયું એટલે કાળો ખુમાણ તો બાઈને મોઢે થયા વગર ઘોડીએ ચડીને ચાલી નીકળ્યા. ઘેર જઈ આઠ સાંતીમાંથી ચાર સાંતી જમીન વાણિયાને થાલમાં માંડી દીધી. જમીન માથે રૂપિયા હજાર લીધા અને દીકરાનાં લગ્ન કર્યાં.

આંહીં, વંડાના દરબારમાં શું બન્યું ? કાળા ખુમાણ સિધાવી ગયા ત્યાર પછી બાઈને પોતાનું ઝૂમણું સાંભર્યું. એણે ગાદલામાં તપાસ કરી, પણ ઝૂમણું ન મળે. વાળંદને બોલાવ્યો; પૂછ્યું : "એલા, ઝૂમણું ગાદલામાં જ હતું એ ક્યાં ગયું ?"

હજામ કહે : "માડી, મને ખબર નથી."

બાઈ સંભારવા લાગ્યાં : "તઈં કોણે લીધું હશે ?" વાળંદ બોલ્યો : "હેં મા, આપો કાળો ખુમાણ તો નહિ લઈ ગયા હોય ને ?"

"ઈ શું કામ લ્યે ?"

"રાતે વાત કરતા'તા કે દીકરાના લગ્નમાં એક હજાર રૂપિયાની જરૂર હતી."

"હા, વાત ખરી, પણ કાંઈ છાનામાના લઈ જાય ?"

"એમાં શું, માડી ? મારા બાપુ ને એને ભાઈબંધી ખરી ને ! પૂછીને લેતાં શરમ આવે. મનમાં એમ હોય કે પછી કાગળ લખી નાખીશ. બાપડાને જરૂર ખરી ને ! એટલે બહુ વિચાર નયે કર્યો હોય !"

"હા, વાત તો ખરી લાગે છે." બાઈને ગળે ઘૂંટડે. ઊતરી ગયો !

થોડે દિવસે ભૂવો આયર ગામતરેથી ઘેરે આવ્યા. બાઈએ એને બધી વાત કહી. ઝૂમણાની વાત એને પણ ગળે ઊતરી ગઈ. એના મનમાં મિત્રને માટે બહુ માઠું લાગ્યું. પણ રૂપિયા એક હજારનું ઝૂમણું ! કળવળથી કઢાવી લેવું જેઈએ. એણે ખેપિયો કરીને કાગળ મોકલ્યો.

ધામધૂમથી દીકરાનાં લગ્ન પતાવીને, જાણે નવ ખંડની બાદશાહી સાંપડી હોય તેવા સંતોષથી કાળો ખુમાણ ડેલીમાં બેઠા બેઠા ડુંઘાની ઘૂંટ તાણતા હતા. દીકરાનાં વહુ કોઈ સારા કુળમાંથી આવેલાં એટલે લગ્નની સુખડીમાંથી જે બાકી વધેલું તેમાંથી રોજ સવારે ને બપોરે સસરાજીને કસુંબા ઉપર ઠુંગો કરવા માટે તાંસળી ભરી ભરી મોકલતાં અને સસરાજી બેઠા બેઠા સુખડી ચાવતા. ચાર સાંતીની જમીન ચાલી ગઈ તેનો કાંઈયે અફસોસ નથી રહ્યો – દીકરો પરણાવીને બાપ જે સંતોષ પામે છે, તેની જાણે જીવતી મૂર્તિ ! ખેપિયે ભરડાયરા વચ્ચે આવીને આપાના હાથમાં કાગળ મેલ્યો. અંદર લખ્યું હતું : "ગાદલામાંથી ઝૂમણું લઈ ગયા છો, તે હવે જરૂર ન હોય તો પાછું મોકલજો. અને જો ખરચાઈ ગયું હોય તો એની કિંમતના રૂપિયા એક હજાર વેળાસર પહોંચાડજો."

ભરનીંદરમાં પોઢેલા કોઈ નિર્દોષ માણસને મધરાતે સરકારી સિપાઈ આવીને હાથકડી પહેરાવે, તેમ આપા કાળાને આ કાગળ વાંચીને થઈ ગયું. માનવીને માથે આભ તૂટી પડે એ વાત એને ખરી લાગી. ધરતી જાણે એની નજર આગળ ચકર ચકર ફરવા લાગી. પણ

કાઠીનો દીકરો, ઘૂંટડો ગળતાં આવડે. ખેપિયાને જવાબ લખી આપ્યો – લખ્યું : "હા, ઝૂમણું લાવ્યો છું, ઘરેણે મુકાઈ ગયું છે. છોડાવીને થોડા વખતમાં આવું છું."

બાકીની જે ચાર સાંતીની જમીન રહી હતી તે માંડી કાઠીએ બીજા એક હજાર રૂપિયા ઉપાડ્યા. નવું સોળવલા હેમનું ઝૂમણું ઘડાવ્યું. ઝૂમણું લઈને ઘોડે ચડી એણે વંડાનો રસ્તો લીધો. રસ્તે ચાલતાં એને વિચાર આવે છે કે, "આ ઝૂમણું અમારું નહિ, એમ કહેશે તો ! ઝૂમણા ઉપરવટ કાંઈ રકમ માગશે તો ? તો આ ઘોડી આપીશ. અને એટલેથી પણ નહિ માને તો ? એથીય એના ઝૂમણાની વધારે કિંમત માગશે તો ? મરીશ !" પડખામાં તલવાર તૈયાર હતી.

ડેલીની ચોપાટમાં ભૂવો આયર બેઠા હતા. તેણે ઊઠીને હાથ લંબાવ્યા : "ઓહોહો ! આવો, આવો, કાળા ખુમાણ ! પધારો." એમ આવકાર દીધો, બેસાડ્યા.

ઉતાવળા થઈને કાળા ખુમાણે તો ફાળિયાની ગાંઠ છોડવા માંડી; બોલ્યા : "ભાઈ ! આ તમારું ઝૂમણું, સંભાળી લ્યો."

"ઊભા રહો. ઊભા રહો. ડાયરાને કસૂંબા લેવા બોલાવીએ. ઝૂમણાની ક્યાં ઉતાવળ છે, આપા કાળા?"

કાળા ખુમાણના રામ રમી ગયા. એને પૂરેપૂરો ધ્રાસકો પડી ગયો કે ભાઈબંધ આજ ભરડાયરામાં મારું મોત ઊભું કરશે.

દરમિયાનમાં વાળંદ ત્યાંથી સરકી ગયો.

ડાયરો ધીમે ધીમે ભરાવા લાગ્યો, તેમ તેમ કાળા ખુમાણના ટાંગા તૂટવા મંડયા. હવે વાર નહોતી. ત્યાં ભૂવો આયર ઊભા થઈને પડખાની એક પછીતે નાડાછોડ કરવા બેઠા. અચાનક એના કાન ચમક્યા. પછીતની અંદર આ પ્રમાણે વાતો થતી હતી :

"કાં રાડ ? કે'તી'તી ને કે નહિ જરે ?"

"શું છે ?"

"ઝૂમણું ઘડાવીને લાવ્યો."

"કોણ ?"

"તારો બાપ – કાળો ખુમાણ."

"અરરર ! પીટ્યા, કાઠીનું મોત ઊભું કર્યું !"

પેશાબ કરતો કરતો ભૂવો આયર ઠરી ગયો. "હાય હાય! હાય હાય !" – એવા ઊના હાહાકાર, ધમણે ધમાતી આગના ભડકાની માફક, એના હૈયામાં ભડભડી ઊઠ્યા. માથાની ઝાળ વ્રેહમંડે લાગી ગઈ. એ ઊભો થયો. એ પરબારો વાળંદના ઘરમાં ગયો. વાળંદ ઊભો ઊભો વાતો કરતો હતો, ત્યાં આયરે એના ગાલ ઉપર એક અડબોત લગાવી દીધી. પોતે પાંચ આંગળીએ સોનાના વેઢ પહેરેલ હતા એની વાળંદના ગાલ ઉપર છાપ ઊઠી આવી. વાળંદે ચીસ પાડી : "એ અન્નદાતા ! તમારી ગૌ !" "કાઢ્ય, ઝૂમણું કાઢ્ય, નીકર કટકા કરી નાખું છું."

આગોણમાંની ખોદીને વાળંદે કઢીનો પાટિયો કાઢ્યો; અંદરથી ઝૂમણું કાઢ્યું. એ જ

ઝૂમણું ! ખૂબ કાળું પડી ગયેલું હતું. ફાળિયામાં વીંટી બગલમાં દાબી, ભૂવો ડાયરામાં આવીને બેઠો. કસૂંબો તૈયાર થયો એટલે નોકરને કહ્યું : " જા ઓરડે, ઓલ્યું જોડ્યવાળું ઝૂમણું લઈ આવ્ય."

કાળા ખુમાણનો શ્વાસ ઘૂંટાવા લાગ્યો. ઝૂમણું ગઢમાંથી આવ્યું, સામે મુકાણું. પછી મોં મલકાવીને ભૂવો આયર બોલ્યો : "આપા કાળા, લ્યો કાઢો ઓલ્યું, તમે લઈ ગ્યા'તા ઈ ઝૂમણું."

કાળા ખુમાણે ઝૂમણું કાઢ્યું. એના હાથ કંપતા હતા. ડાયરાના એકબે ભાઈઓ બોલી ઊઠ્યા : " કાં આપા, અફીણનો બહુ ઉતાર આવી ગયો છે તે ધ્રૂજો છો ?"

ભૂવો આયર બોલ્યો : "હા, હા, આપાને મોટો ઉતાર આવી ગયો છે ! હમણાં કસૂંબો પાઈએ."

કાળા ખુમાણની આંખે અંધારાં આવ્યાં. ભૂવો ઝૂમણું ઊંચું કરીને બોલ્યો : " ડાયરાના ભાઈઓ, અમારા ઘરમાં આવાં બે ઝૂમણાં હતા. તેમાંથી એક આપો કાળા ઉપાડી ગયેલા."

ચમકીને ડાયરાએ પૂછ્યું : "હે ! ક્યાંથી ?"

"ગાદલાના બેવડમાંથી. કેમ ખરું ને, આપા ?"

"અને ભાઈઓ, આપો અમારા બાળપણના ભાઈબંધ થાય છે, હો !"

"અરર !" ડાયરામાં ચીસ ઊઠી.

"આપાને ઉઘરાણી લખી એટલે આ હલકી કિંમતનું ઝૂમણું ઘડાવીને લઈ આવ્યા, ને ઓલ્યું હજાર રૂપિયાનું ઝૂમણું ગળત કરી ગયા." "ભૂવા ભાઈ, આ મારી ઘોડી." કાળા ખુમાણનો સ્વર તૂટી ગયો.

ધીરે રહીને ભૂવા આયરે પોતાની બગલમાંથી ફાળિયું લીધું. ઉખેળીને અંદરથી ઝૂમણું કાઢયું. ત્રણે ઝૂમણાં ડાયરાની વચ્ચે ફગાવ્યાં; બોલ્યો : " લ્યો બા, હવે જોડ્ય મેળવો તો ?"

ડાયરો સજ્જડ થઈ ગયો : અખંડ જોડનાં બે ઝૂમણાં ને ત્રીજું નવીન ! શું થયું ?

આયરની આંખમાંથી આંસુની ધાર હાલી. હિમાલય રુએ ત્યારે એનાં નેત્રમાંથી ગંગા ને જમના વછૂટે. કાળા ખુમાણના પગની રજ લઈને એ બોલ્યો : "કાઠી, ધન્ય હોજો તારી માને ! અને મારી માને માથે – ના, મારી માનો શો વાંક ? મારે પોતાને માથે એક હજાર ખાસડાં હોજો ! ડાયરાના ભાઈઓ, આજ આ લાખ રૂપિયાના ગલઢેરાનું મોત બગાડવા હું ઊભો થયો'તો. મારી બાયડીએ એક વાળંદનું કહ્યું માન્યું ! પણ બાયડીને શું કહું ! મેં પોતે જ આવું કાં માન્યું ? પેશાબ કરવા હું ઊભો ન થયો હોત, તો આજ આ કાઠીને અફીણ ઘોળવું પડત ને !"

પછી પોતે કાળા ખુમાણને બે હાથ જોડી કહ્યું : "ભાઈ ! નવું ઝૂમણું તો તમારું જ છે. અને આ બેમાંથી એક રૂમણું મારી બે'નને કાપડામાં : આ રૂપિયા એક હજાર ભાઈને વધાવાના : ના પાડે એને જોગમાયાના સાગંદ છે."

આજ એ બેય જણાની ત્રીજી પેઢી ચાલે છે.

## બેસણા, બારમાં અને તેરમાની પ્રથા બંધ કરી દેવામાં આવી.

સમયનો દુરુપયોગ. આખી જીંદગી જે વડીલો કારમી ગરીબીમાં મહેનત અને મજૂરી કરી સત્યના માર્ગે ચાલીને આપણને સ્થિર કરી ગયા. આપણી માટે પોતાનું જીવન અર્પણ કરી દીધું. ખેતર, ખરા, વાડા અને વાડીઓ મૂકી ગયા.

પોતાનું બધુ જ આપણને આપી ગયાં એમની માટે એક બે કલાકનો સમય લોકોને આજે બિનજરૂરી ખર્ચા લાગે છે. એ બારમાંની ૧૦૦ થી ૧૫૦ની થાળી મોંઘી લાગે છે.

વિચાર કરજો આ આપણી આપણા પૂર્વજો માટે ની લાગણી જે બધુ જ આપી ગયા છે સાહેબ બધુ જ.

જમાના મુજબ લોકો એનો સ્વીકાર કરી લે છે.

અને હજી તો જન્મ નથી થયો. એની પહેલા પ્રી શૂટ કરીને દસ–વીશ હજારનો ખર્ચો પછી બેબી સાવરના નામથી બે–ત્રણ લાખનો ખર્ચો પછી બાળક જન્મે એટલે નામ કરણ વિધિ વખતે મોટો હોલ લગભગ ૫૦૦થી ઉપરની થાળી બાળકો માટે મનોરંજન અને બધુ જ ઇવેન્ટ હોસ્ટને બોલાવીને ટોટલ કરીએ તો લગભગ બે ત્રણ લાખ નો ખર્ચો.

નાચવું ગાવું અને ધમાલ કરવી.

પાંચ સાત કલાક પણ કદાચ ઓછા પડે પણ જે વડીલો જન્મ થી નામ, સમાજમાં ઈજ્જત આબરૂ સાથે સ્થાન આપી ગયા અને એમની જીવનભરની મહેનત અને કરકસરથી બચાવેલી પાઈ પાઈ ભેગી કરીને મિલક્ત આપી ગયા બધુજ આપી ગયા. પણ એમની માટે એક દિવસ નો પણ સમય નથી અને જે જન્મ્યું પણ નથી કે બર્થડે પાર્ટી અને લગ્નમાં દેખાવ કરવા માટે લાખોનો ખોટો ખર્ચો એની માટે પાંચ સાત કલાક કે આખો દિવસ નો સમય ?

એક વાર પોતાની આત્માં ને પૂછી જુઓ આ યોગ્ય છે ?

આધુનિક સમયમાં કરવું હોય એ બધું જ કરો પણ વડીલોનું સન્માન જળવાઈ રહે અને એમની મોક્ષ ગતિ કરાવવા માટે પણ જે જરૂરી હોય એ કરવું જ જોઈએ.

એ બારમા તેરમાં ના ભોજન પ્રસાદ ગ્રહણ કરવા માં આ જીવ ની હાજરી હોય છે.

એનો એના પરિવાર સાથે નો એ અંતિમ દિવસ હોય છે.

પોતાના પૂરા કુટુંબ પરીવાર સગા વ્હાલાં અને સંતાનો સાથેના પોતાના એ અંતિમ સમયમાં સૌને એકસાથે જોઈને જીવ રાજી થઈ ને મોક્ષ માર્ગે આગળ પ્રયાણ કરે છે.

ખાલી ધર્મ ની વાતો કરવી અને પુસ્તકો વાંચવા એ નો કોઈ અર્થ નથી એની પાછળનું સત્ય પણ જાણવું જોઈએ.

જુની પરંપરા ઓ કોઈ દિવસ બંધ ન કરાય

સુદર્શન સત્ય ?

આજે બહુ સુધરેલા અને કહેવાતા ઉચ્ચ સમાજમા આ બધી બદી છે માં–બાપ ગમતા નથી તો એમની મિલક્ત શુ કામ લ્યો છો એમા વટ નથી ઉચ્ચ અભ્યાસ ઉચ્ચ સમાજમા કાઇગલો થઈ ગયો છે સાળી આવે તો સાડી બહેન આવે તો ઠનઠન ગોપાલ વેકેશન મા સાળા–સાળી ના છોકરા ને મહીનો મહીનો રાખે અમુક તો ભણવા પણ રાખે અને બહેન અને બહેનના ભાણાને રાખવાની વાત એક બાજુ રહી મહીને ફોન કરી બહેન ના હાલચાલ પણ પુછતા નથી શુ આને

ધર્મ કહેવાય તમે પુજાપાઠ કરો કે મંદિર ના પગથીયા ઘશી નાખો કુદરત આમા રાજી નથી પહેલા તમે તમારી ફરજ નિભાવો

મારી વાત ૧૦૦% સત્ય લાગી હોય તો આગળ શેર કરશો તો કોઈ ને પોતાની ભુલ સમજાય અને એનો આત્મા જાગી જાય તો આપણને પુણ્ય મળશે અને આપણી ઉપર ભગવાન રાજી થશે.

## રોંઢો

ઘર સામાન ખટારામાં ભરાઈ રહ્યો, એટલામાં બપોરનું જમવાનું ટાણું થઈ ગયું.

જમ્યા પછી આવજો, આવજો કહેતાં કહેતાં દિકરો વહુ સામાન સાથે રવાના થયા.

દિનેશભાઈ અને આશાબેન થાક ઉતારવા આડા પડ્યા. રોંઢો થયો. ઉઠીને દિનેશભાઈએ કહ્યું. ચા નહીં કર તો ચાલશે, ભૂખ લાગી છે કંઈક ખાવાનું આપ.

આશાબેને પતિને બપોરના વધેલા દાળભાત આપ્યા.

દિનેશભાઈ એકલા, રોજ સાંજે મંદિરે જતા એણે કહ્યું

આજ મંદિરે જવાનું મન નથી નદીના પુલ તરફ જવું છે આવવું છે તારે ?

ના,તમે જાવ ઉષાબેન મારી રાહ જોતા હશે. આજે છાબના ત્રાંસની સજાવટ કરવાની છે.

પણ થોડીવારે આશાબેને ફેરવી તોળ્યું. ચાલોને આવું છું. એને મદદ કરવા તો બીજી બે ત્રણ આવે છે.

દિનેશભાઈને બહુ બોલવાની ટેવ ન હતી. પતિ પત્ની લગભગ મુંગે મોંએ નદીના પુલની પાયરીએ જઈ બેઠા.

જરા હસીને એ બોલ્યા – બપોરે મિષ્ટાન્ન, રોંઢે ટાઢા દાળ ભાત અને સાંજે ખીચડી બરાબર ને ?

હા, હવે એકલા છીએ એટલે એવું જ.

થોડી વાર મૌન રહીને દિનેશભાઈ બોલ્યા.

ઉષાબેનને ત્યાં લગ્નને હજી બે મહિનાની વાર છે. ત્યાં કેટલા ઉમંગથી તૈયારીમાં પડી ગયા ? તેં પણ બે મહિના તૈયારીમાં કાઢ્યા હતા ને ? અને આજે વહુ દિકરો સામાન ભરીને જતા રહ્યા.”

પાડોશી ઉષાબેનનું ઘર પૈસાદાર હતું. એકના એક દિકરાના લગ્ન આવી રહ્યા હતા. ઘરની સજાવટ જુદી જુદી વિધિ વખતે વપરાતી વસ્તુઓ સુપડું, સુંડલી, થાળી, કંકાવટી, છાબ, ચુંદડી, ઉપરણી એવું બધું યાદ કરી કરીને, મોંઘી સજાવટથી તૈયાર કરી રહ્યા હતા. આશાબેન અને બીજી બે ત્રણ પાડોશણો પણ રોજ સલાહ સુચન, મદદ કરવા જતી.

પત્નીએ પોતાની વાત પર કંઈ ધ્યાન આપ્યું એટલે એ પાછા બોલ્યા.

અને ગીરધરભાઈનો પિયુષ તો હવે વારે તહેવારે પણ ખાલી ફોન જ કરે છે.

એટલે તને કહું છું બપોરે મિષ્ટાન્ન, રોંઢે ટાઢા દાળભાત અને સાંજે ખીચડી જીવનમાં પણ એવું જ આવે યુવાની એટલે બપોર, વચ્ચે રોંઢો અને ઘડપણ એટલે સાંજ અત્યારે આપણો રોંઢો છે. થોડા દિવસ રોજ ફોન આવશે. પછી અઠવાડિએ અને પછી ક્યારેક ક્યારેક એણે

નીચે પડેલો સુકી ડાળીનો ટુકડો હાથમાં લીધો. પુલ ઉપરથી નદીના પ્રવાહમાં ફેંક્યો.

જો આ લાકડું હાથમાંથી નિકળીને વહેણમાં ગયું. હવે પ્રવાહ એને તાણી જશે અને દુર દુર જવું રહેશે.

આશાબેને હળવો ખોટો ગુસ્સો કર્યો તમને આવા ને આવા વિચાર કરવાની ખરાબ ટેવ છે નથી બેસવું અહીં ચાલો ઘરે રાતે.

આજે બહુ ગરમી છે પંખાની હવા અહીં સુધી નથી આવતી.

એવું બહાનું કરીને આશાબેને રોજ સામેની ભીંતને અડીને ઢળાતો, પોતાનો ખાટલો પતિના ખાટલા પાસે ઢસડી લીધો.

– જયંતીલાલ ચૌહાણ

---

જેઓનો જન્મ ૧૯૬૦, ૧૯૬૧, ૧૯૬૨, ૧૯૬૩, ૧૯૬૪, ૧૯૬૫, ૧૯૬૬, ૧૯૬૭, ૧૯૬૮, ૧૯૬૯, ૧૯૭૦, ૧૯૭૧, ૧૯૭૨, ૧૯૭૩, ૧૯૭૪, ૧૯૭૫, ૧૯૭૬, ૧૯૭૭, ૧૯૭૮, ૧૯૭૯, ૧૯૮૦ માં થયો છે – ખાસ એમનાં માટે આ લેખ.

આ પેઢી હવે ૪૫ પાર કરીને ૬૫–૭૦ તરફ વધી રહી છે.

આ પેઢીની સૌથી મોટી સફળતા એ છે કે એણે જીવનમાં ખૂબ મોટા ફેરફારો જોયા અને એને અપનાવ્યા પણ.

૧, ૨, ૫, ૧૦, ૨૦, ૨૫, ૫૦ પૈસા જોનાર આ પેઢી મહેમાનો પાસેથી પૈસા નિરાંતે લઈ લેતી હતી.

શાહી–કલમ /પેન્સિલ / પેનથી શરૂઆત કરીને આજે આ પેઢી સ્માર્ટફોન, લેપટોપ, કમ્પ્યુટર સારી રીતે ચલાવે છે.

જેનાં બાળપણમાં સાઇકલ પણ એક વિલાસિતા હતી, એ જ પેઢી આજે સ્કૂટર અને કાર ચલાવે છે.

ક્યારેક ચંચળ તો ક્યારેક ગંભીર ઘણું સહન કરેલું, ઘણું ભોગવેલું પણ સંસ્કારમાં પલેલી–વધેલી આ પેઢી.

ટેપ રેકોર્ડર, પોકેટ ટ્રાન્ઝિસ્ટર – ક્યારેક મોટી કમાણીનું પ્રતિક હતું.

માર્કશીટ અને ટીવી આવવાથી જેઓનું બાળપણ બગડ્યું નહીં, એ છેલ્લી પેઢી છે.

કુકરની રીંગ્સ, ટાયર લઈને "ગાડી–ગાડી રમવું" ક્યારેય નાનું લાગતું નહોતું.

"સળી જમીનમાં ગાડતા જવું" એ પણ રમત હતી, અને મજાની પણ.

"કાચાં કેરી તોડવી" એમને માટે ચોરી નહોતી.

કોઈ પણ સમયે કોઈના પણ ઘરની કુ ? ખખડાવવી ખોટું માનાતું નહોતું.

"મિત્રની મમ્મીએ ખવડાવ્યું" તેમાં ઉપકારનો ભાવ નહોતો, અને "એના પપ્પાએ ડાટચું" – તેમાં ઈર્ષા પણ નહોતીપ એ જ છેલ્લી પેઢી હતી. કક્ષામાં કે સ્કૂલમાં પોતાની બહેન સાથે સાથે મજાકમાં ઉલટું–સીધું બોલી દેતી પેઢી.

બે દિવસ જો કોઈ મિત્ર સ્કૂલ ન આવે તો સ્કૂલ છૂટતાં જ બેગ લઈને એની ઘરે પહોંચી જતી. કોઈ મિત્રના પપ્પા સ્કૂલમાં આવી જાય તો મિત્ર ક્યાંય પણ રમતો હોય, દોડી જઈને કહેવું

*"તારા પપ્પા આવી ગયા છે, ચાલ જલ્દી" – એ જ એ સમયની બ્રેકિંગ ન્યૂઝ હતી.*

*પણ મોહલ્લામાં કોઈ પણ ઘરમાં કોઈ પણ કાર્યક્રમ હોય તો નિરાંતે, વિધિ–નિવિધિ વગર કામ કરતી પેઢી.*

*કપિલ, સુનીલ ગાવસ્કર, વેંકટ, પ્રસન્નાની બોલિંગ જોઈ, પીટ સેમ્પ્રસ, ભૂપતિ, સ્ટેફી ગ્રાફ, આગાસીનું ટેનિસ જોયું,*

*રાજ, દિલીપ, ધર્મેન્દ્ર, જીતેન્દ્ર, અમિતાભ, રાજેશ ખન્ના, આમિર, સલમાન, શાહરુખ, માધુરી એ બધાં પર ફિદા રહેતી આ જ પેઢી.*

*પૈસા ભેગા કરીને ભાડે* VCR *લાવીને ૪–૫ ફિલ્મો એકસાથે જોતી પેઢી.*

*લક્ષ્યા–અશોકના વિનોદ પર ખડખડાટ હસતી, નાના, ઓમ પુરી, શબાના, સ્મિતા પાટીલ, ગોવિંદા, જગ્ગુ દાદા, સોનાલી જેવા કલાકારોને જોતી પેઢી.*

*"શિક્ષક પાસેથી માર ખાવું" – તેમાં ખોટું કાંઈ નહોતું, ફક્ત ડર એનો કે ઘરમાં ખબર ન પડે, નહિંતર ત્યાં પણ માર પડશે.*

*શિક્ષક સામે અવાજ ઊંચો ન કરતી પેઢી. જેટલો પણ માર પડ્યો હોય, દશેરા પર એમને સોનુ અર્પણ કરતી, અને આજે પણ ક્યાંક નિવૃત્ત શિક્ષક મળી જાય તો નિસંકોચ નમન કરતી પેઢી.*

*કોલેજમાં રજા હોય તો યાદોમાં સપના જોતી પેઢી ન મોબાઇલ, ન* SMS*, ન* WhatsApp *ફક્ત મળવાની આતુર રાહ જોતી પેઢી.*

*પંકજ ઉધાસની ગઝલ "તું પૈસા ઘણાં કમાયો, એ પૈસાએ દેશ છોડાવ્યો" સાંભળીને આંખો પોસતી.*

*દિવાળીની પાંચ દિવસની વાર્તા જાણતી પેઢી.*

*લિવ–ઈન તો દૂર, લવ મેરેજ પણ બહુ મોટું "ડેરિંગ" માનતી.*

*સ્કૂલ–કોલેજમાં છોકરીઓ સાથે વાત કરનારા છોકરાઓ પણ "એડવાન્સ" કહેવાતા.*

*ફરીથી આંખો મીંચીએ તોપ એ જ દસ, વીસપ અસી, નેવુંપ એ જ સુવર્ણ યાદો.*

*ગયા દિવસો પાછા નથી આવતા, પણ યાદો હંમેશાં સાથ રહે છે.*

*અને એ સમજતી સમજદાર પેઢી હતી કે –*

*આજનો દિવસ પણ કાલની સુવર્ણ યાદો બનશે.*

*અમારું પણ એક જમાનો હતુંપ*

*ત્યારે બાલવાડી (પ્લે સ્કૂલ) એવું કઈ જ નહોતું.*

*૬–૭ વર્ષ પૂરા થયા પછી જ સીધા સ્કૂલ મોકલાતા.*

*જો સ્કૂલ ન જાઈએ તો પણ કોઈને ફરક પડતો નહોતો.*

*ન સાઇકલથી, ન બસથી મોકલવાનું રિવાજ હતું.*

*બાળક એકલું સ્કૂલ જાય તો કઈ અનહોની થશે –*

*એવો ડર માતા–પિતાને ક્યારેય ન હતો.*

*પાસ/ફેલ એ જ ચાલતું.*

*ટકાવારી (%) સાથે આપણો કોઈ સંબંધ નહોતો.*

ટ્યુશન લગાવવું શરમજનક માનાતું.
કારણ કે એને "ઢીંઠ" કહેવાતું.
કિતાબમાં પાંદડા અને મોરપીછ મૂકી દઈએ તો અભ્યાસમાં તેજ થઈ જઈએ –
એ આપણો દૃઢ વિશ્વાસ હતો.
કપડાની થેલીમાં કિતાબો રાખવી,
પછી ટીનના બોક્સમાં ગોઠવવી –
એ આપણું ક્રિએટિવ સ્કિલ હતું.
દર વર્ષે નવી કક્ષા માટે કિતાબ–કોપી પર કવર ચડાવવું –
એ તો જાણે વાર્ષિક ઉત્સવ જ હતો.
વર્ષના અંતે જૂની કિતાબો વેચવી અને નવી ખરીદવી –
એમાં ક્યારેય શરમ ન આવતી.
મિત્રની સાઇકલના ડંડા પર એક બેસે, કેરિયરમાં બીજો –
અને રસ્તા–રસ્તા ફરવુંપ એ જ અમારી મજા હતી.
સ્કૂલમાં સર પાસેથી માર ખાવું,
પગનાં અંગૂઠાં પકડીને ઊભાં રહેવું,
કાન મરડીને લાલ કરી દેવું –
તોય અમારો "ઈગો" કદી વચ્ચે આવતો નહોતો.
હકીકતમાં અમને "ઈગો"નો અર્થ જ ખબર નહોતો.
માર ખાવું તો રોજનું જ હતું.
મારનાર અને માર ખાવનાર – બંને  ખુશ રહેતા.
માર ખાવનાર એટલા માટે કે "ચાલો, આજે કાલથી ઓછો પડ્યો."
મારનાર એટલા માટે કે "આજે ફરી તક મળી."
નગ્નપદે, લાકડાની બેટ અને કોઈ પણ બોલથી
ગલીઓમાં ક્રિકેટ રમવું – એ જ સાચું સુખ હતું.
અમે ક્યારેય પોકેટ મની માગી નહોતી,
અને ન માતા–પિતાએ આપી હતી.
અમારી જરૂરિયાતો બહુ નાની હતી,
જે પરિવાર પૂરી કરી દેતો હતો.
છ મહિને એકવાર મમરા કે ફરસાણ મળી જાય –
તો અમે ખૂબ ખુશ થઈ જતા.
દિવાળીએ લવંગી ફૂલઝડી ખોલીને
એક–એક ફટાકડો ફોડવો – અમને કદી નાનું લાગતું નહોતું.
કોઈ બીજો ફટાકડા ફોડતો હોય તો એની પાછળ દોડવું –
એ જ અમારી મોજ હતી.
અમે ક્યારેય માતા–પિતાને નથી કહ્યું કે –

“અમે તમને ખૂબ પ્રેમ કરીએ છીએ” –
કારણ કે અમને “ૈં ર્ન્દી રૈં” બોલવું આવડતું જ નહોતું.
આજે અમે જીવનમાં સંઘર્ષ કરતાં કરતાં
દુનિયાનો ભાગ બન્યા છીએ.
કેટલાંકએ એ મેળવ્યું જે ઇચ્છ્યું હતું,
કેટલાંક આજે પણ વિચારે છે – “શું ખબરપ”
સ્કૂલની બહાર હાફ પેન્ટવાળા ગોળીયાના ઠેલાં પર
મિત્રોની મહેરબાનીથી જે મળતું –
એ ક્યાં ગુમ થઈ ગયું?
અમે દુનિયાના કોઈ પણ ખૂણે હોઈએ,
પણ હકીકત એ છે કે –
અમે હકીકતમાં જીવ્યા અને હકીકતમાં મોટા થયા.
કપડાંમાં સિલવટ ન પડે,
સંબંધોમાં ઔપચારિકતા રહે –
એ અમને ક્યારેય આવડ્યું નહીં.
રોટલી–શાક વિના ડબ્બો હોઈ શકે –
એ અમને ખબર જ નહોતી.
અમે ક્યારેય અમારી કિસ્મતને દોષ આપ્યો નહોતો.
આજે પણ અમે સપનામાં જીવીએ છીએ,
શાયદ એ જ સપના અમને જીવવાની શક્તિ આપે છે.
અમારું જીવન વર્તમાન સાથે ક્યારેય તુલના કરી શકતું નથી.
અમે સારા હોઈએ કે ખરાબ –
પણ અમારો પણ એક “જમાનો” હતો !

---

## સુખનું રહસ્ય

સુખની ચાવી પ્રતિક્રિયા ઉપરના નિયંત્રણમાં રહેલી છે. તે સમજાવતી એક હળવી વાત

સોમવારની સવાર હતી.

મેથ્યુ તેના નિયત સમય કરતા સહેજ મોડો ઉઠ્યો. આગળના દિવસની પાર્ટીનો હેન્ગ ઓવર હતો. મગજ ભારે લાગતું હતું! તેની પત્ની રસોડામાં ઉતાવળે બ્રેકફાસ્ટ બનાવી રહી હતી. તેની હાલત પણ આવી જ હતી.

ઠંડી સવારે મેથ્યુએ પથારીમાંથી પગ નીચે મુક્યા! નીચે તેના સ્લીપર યોગ્ય જગ્યા એ નહોતા ! ગુસ્સામાં તે બરાડ્યો !

તેની પત્નીનું મગજ પણ ભારે હતું, તે બમણા ગુસ્સામાં બરાડી !

મેથ્યું પગ પછાડતો બાથરૂમ તરફ ભાગ્યો. આવા ભારે અને અશાંત મન સાથે તેણે સંતુલન ગુમાવ્યું.

તે ખરાબ રીતે લપસ્યો.

તેના હિપ બોલમાં ગંભીર ફ્રેક્ચર થયું !

મેથ્યુને આવી ગંભીર ઇજા કેમ થઇ? કારણકે, સવારે પેલા સ્લીપર યોગ્ય જગ્યા એ ન હતા !

એમ્બયુલેન્સ આવી.

મેથ્યુને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો. મેજર સર્જરી થઇ. વીસ દિવસે રજા મળી. બાકી વધેલી રજાઓ વપરાઈ ગઈ. ઇન્સ્યુન્સ ઉપરાંત પણ ખર્ચ થયો. બચત વપરાઈ ગઈ !

આ રજાઓ અને બચત આવતા ઉનાળામાં હવાઈ ટાપુની ટુર કરવા માટે તેણે એકઠી કરી હતી !

મેથ્યુનું સપનું વિખાઈ ગયું. કેમ ? કારણકે સવારે પેલા સ્લીપર યોગ્ય જગ્યાએ ન હતા!

લાંબા હોસ્પિટલ રોકાણ દરમ્યાન એક ખુબસુરત નર્સ જોડે મેથ્યુની આંખ મળી ગઈ ! તે નર્સનો ભાઈ માફિયા હતો. તેને આ પ્રકરણ પસંદ ના આવ્યું. તેણે મેથ્યુની ગાડી તોડી નાખી અને તેની પત્નીને જણાવી દીધું. મેથ્યુની પત્નીએ છૂટાછેડાની નોટીસ આપી.

મેથ્યુ આર્થિક અને પારિવારિક બરબાદ થઇ ગયો, કેમ? કારણકે પેલા સ્લીપર યોગ્ય જગ્યાએ ન હતા !

મેથ્યુ સારો થઇ તેના વેરાન ઘરમાં પરત આવ્યો. તેની નજર બેડ નીચે ગઈ. પેલા સ્લીપર માત્ર થોડા ઇંચ અદર પડેલા હતા.

તેની સામે જોઇ રહ્યા હતા !

ઘટના નાની હોય છે, પ્રતિક્રિયા મોટી. પ્રતિક્રિયા પર કંટ્રોલ શક્ય હોય છે. માટે હંમેશા તે પ્રયાસ કરવો. કારણકે તે આપણી હેપીનેસમાં બહુ જ અગત્યનો ભાગ ભજવે છે.

**રજુઆત - ડો ધીરેન ગંજવાલા**

**અનુવાદકઃ શ્રી મેહુલ ભટ્ટ**

## સેકન્ડ ઇનિંગ

**- સુચિતા ભટ્ટ**

બેચેન જેંતીલાલ વારેઘડીએ ઘરમાં આંટા મારતા હતા, ખાસ તો રસોડામાં. એમના ચહેરા પર વ્યગ્રતા અને દુઃખની લાગણી સ્પષ્ટ દેખાઈ આવતી હતી. પોતે નીવૃત થયાને જ થોડા દિવસમાં પત્ની સુલોચનાને લાંબી વાટે વીદાય થઈ ગયેલી. બાર દિવસ વીતી ગયાં હતાં. બધા સગા - સંબંધીઓ પણ વિદાય લઈ ચૂક્યા હતાં.

હજુ તો જીંદગીના ખરા વસવસાની અને એકલતાની શરૂઆત થઈ હતી. પોતે ડાયાબીટીસના દર્દી હતા. એમને વારેવારે ભૂખ લાગતી. પત્ની હાજર હતી ત્યારે એમને કાંઇ પરવા ન હતી. સુલોચનાબેનના શબ્દો એમને યાદ આવી ગયા, પોતાનું કામ થોડું જાતે કરતા શીખો. વહૂ નોકરી કરતી હોય ત્યારે મને પણ થોડું કામ પહોંચતુ હોય કે નહીં. હું નહીં હોઉં ત્યારે શું કરશો ? પણ હવે શું ?

જેંતીલાલ ઢીલા પડી ગયા. પણ પાછું એમણે મન મક્કમ કર્યું. આટલા બાર દિવસોમાં જે વિચારેલું એનો અમલ કરવાનો સમય હવે આવી ગયેલો. જેંતીલાલે નિર્ણય કર્યો કે હવે તેઓ પોતાની જાતને બદલશે.

ત્યાં જ ડોરબેલ વાગી. જેંતીલાલે દરવાજો ખોલતા એમની પૂત્રવધૂ નાના દીકરાને ટ્યુશનમાંથી લઈને ઘરે આવેલી. હવે એણે દીકરાને ફટાફટ સ્કૂલે મોકલવાની તૈયારી કરવાની હતી. અને પોતાને આજે ઓફિસ પણ જવાનું હતું. જેંતીલાલ કયા મોંઢે ચા-નાસ્તો માંગે!! પણ સમજૂ પૂત્રવધૂએ ઝડપથી એમને ચા અને નાસ્તો આપી દીધા અને દીકરાને સ્કૂલ જવા માટે તૈયારી કરવાનું કહેતા દોડાદોડ બીજા કામે લાગી ગઇ.

ચા-નાસ્તો પતાવીને જેંતીલાલ જાતે બધુ મૂકવા રસોડામાં ગયા. તેઓ ધીમેથી બોલ્યા, "વહૂ બેટા, તમે મને ચા બનાવતા શીખવાડશો ? અને સવારે દવા લેવા માટે તો સૂકો નાસ્તો પણ ચાલશે અને આજથી જ નાનકાને ટ્યુશનમાં અને સ્કૂલે મૂકવા-લેવા જવાની જવાબદારી મારી ! હું જાઉં ત્યારે તમે કહેશો એ શાક કે કરીયાણું પણ હું લેતો આવીશ. તમને વાંધો તો નથી ને ?"

જેંતીલાલની વાત સાંભળીને એમની પૂત્રવધૂ અવાચક્ થઈ ગઈ. એક પાણીનો ગ્લાસ પણ એની જગ્યાએ પાછો ના મૂકનારા એના સસરા આજે કંઈક જૂદુ જ કહી રહ્યા હતા. સાસુમાના અચાનક થયેલા નીધનથી મુંઝાઈ ગયેલી પૂત્રવધૂને ખૂબ રાહત થઈ સસરાની વાત સાંભળીને. ખૂબ ભાવથી એ બોલી, "પપ્પા, મારી પરિસ્થિતિ સમજવા બદલ. શું કહું, પપ્પા ! તમારી મદદથી હવેથી હું બધુ જ સંભાળી શકીશ. મમ્મી વગર હું બહુ મુંઝાતી હતી. થેંક્યુ પપ્પા." અરે વહૂ બેટા, બાપને કાંઈ થેંક્સ થોડું કહેવાનું હોય !" અને એવું બોલતા બોલતા જેંતીલાલ પોતાની ભીની થઈ ગયેલી આંખોને છૂપાવતા, રસોડામાંથી બહાર આવી ગયા, એક સંતોષ સાથે.

-સુચિતા ભટ્ટ

---

## લોહી

બા, તમે જરીક સમજો ને તો ૪૦નો તો હું થયો ને યશોદા ય આજકાલ કરતા ૩૮ની થઈ નાના કિકલા નથી હવે અમે એને મહેણા મારતા ય અચકાતા નથી. કેટલી વાર કીધુ કે મારા લીધે અમારે પારણું નથી બંધાતુ પણ નહી. માને ને સમજે ઇ બીજા એક દિકરી લીધી હોય દત્તક.

પણ મંજુમાસી તો લાજવાને બદલે આધેડ દીકરા નંદુ ઉપર ગાજ્યા :

મા ને એવુ બોલતા લાજતો નથી ? અને ખોળે શું પારકાને બેસાડવા ? તારા બાપા જીવતા હોત ને તો સમજાવત તને કોણ જાણે કોના જણ્યા હોય ? કેવું લોહી હોય ?

એટલુ બોલતા જ હાંફ ચડી ગઇને પરસેવે રેબઝેબ નંદુભાઇ દોડ્યાને તાબડતોબ દવાખાને લઈ ગયા. ડોક્ટરે તો સીધુ હાર્ટમાં ગડબડ જ છે કહીને બાયપાસ સર્જરીની તૈયારી

માંડી દીધી અને ખાસ તો ન કરે નારાયણ ને જરુર પડે તો લોહીના બાટલા લાવવાની ખાસ તાકીદ કરી દીધી.

સતત દર્દ, ઓપરેશનની વાતથી ચિંતિત મંજુમાસીને ય માંડ સમજાવીને નંદુભાઇ એ લોહીના બાટલા ય મિત્રોને કહીને મંગાવી લીધા ત્યાં જ નર્સે આવીને કીધુ માસી તમને બોલાવે છે ને બારણામાં જ નંદુભાઇને જોતાવેંત માસીએ કહી દીધું "બેટા માફ કરજે ઉપરવાળાએ મને સાનમાં સમજાવી દીધી છે. હજુ ય ન સમજુ તો જીવતર લાજે જેમ તમારા બેઉની મરજી છે તેમ જ કરજો. પછી બબડ્યા આ બાટલામાં ય કોણ જાણે કોનું લોહી.

## કરિયાવર

– અલ્કેશ ચાવડા 'અનુરાગ'

કેમ ગણે તું મને કોઈ, નક્કામી વસ્તુ સમાન.
શું ખબર તને ઘવાય છે, કેટલું મારું સ્વમાન.

કિંમત મારી તને થશે, જીવનમાં ત્યારે જ કે જ્યારે સાથ છોડી જશે,મારા તનથી મારા પ્રાણ ખાધેપીધે સુખી ગણી શકાય એવો એક પરિવાર હતો. એ પરિવારના મુખ્ય માણસ અને એકવીસ વર્ષની યુવાન દીકરીના પિતાની ગામમાં કરિયાણાની દુકાન હતી. દુકાનમાંથી મહિને ત્રીસ પાંત્રીસ હજાર જેટલો નફો મળી રહેતો. પરિવારમાં એ ભાઈ પોતે એમની પત્ની યુવાન દીકરી અને એ ભાઈના પિતાશ્રી એમ કુલ મળી ચાર વ્યક્તિઓજ હતા. ચાર રૂમ વાળું મેડા બંધ મકાન પણ ખૂબ સારજ સ્થિતિમાં હતું.

જેમ સૌને મૂડી કરતા વ્યાજ વધારે વ્હાલું હોય છે એમ એ યુવાન દીકરીના દાદાને એની પૌત્રી ખૂબ વ્હાલી હતી અને એ યુવતી પણ એના દાદા પ્રત્યે અપાર સ્નેહ દર્શાવતી હતી. પરંતુ એના પિતાનો સ્વભાવ જરા તેજ હોવાથી એમની હાજરીમાં બિચારી દીકરી એના દાદા સાથે વાત પણ કરી શકતી ન હતી. વૃદ્ધત્વને કારણે નિસ્તેજ બની ગયેલા ઘરના વડીલ એવા એ વૃદ્ધ દાદાની સ્થિતિ એ પરિવારમાં ખૂબ દયામણી હતી. એમને કશું જ પૂછવામાં ન આવતું કે જણાવવામાં પણ ન આવતું. ઘરના ખૂણામાં આવેલ નાનકડા રૂમની બહાર નીકળવાની પણ પરવાનગી ન હતી. બે ટાઈમ જમવાની થાળી એમની રૂમમાં હડસેલી મુકવામાં આવતી. જમ્યા પછી થાળી પણ એમને જાતેજ ધોવી પડતી. એ વૃદ્ધ ક્યારેક ક્યારેક પોતાની શારીરિક તકલીફની વાત એના દીકરાને કરે તો પણ એને ધ્યાનમાં લેવામાં ન આવતી. જાણે કોઈ નક્કામી વસ્તુ ઘરના સ્ટોરરૂમમાં મૂકી દેવામાં આવી હોય એવી સ્થિતિ એ વૃદ્ધની હતી.

એ દંપતીની દીકરી યુવાન થઈ ગઈ હોવાથી બંને માણસે એના લગ્ન કરવાનું વિચાર્યું. સારા મુરતિયાની શોધ થઈ અને શહેરમાં એક સારા ઘરમાં એની સગાઈ કરવામાં આવી. સગાઈ બાદ એક મહિના પછીનું લગ્નનું મુરત પણ કાઢવામાં આવ્યું. દીકરીના લગ્નનો આવડો

મોટો નિર્ણય બેઉ માણસે લઈ લીધો પણ એ ભાઈએ પરિવારના વડીલ એવા એના વૃદ્ધ પિતાને એકવાર પણ એની જાણ સુદ્ધાં ન કરી. એ વાતથી એ વૃદ્ધ પિતાને મનોમન ખૂબ લાગી આવ્યું કે કેટલા લાડકોડથી મેં મારા આ દીકરાને ઉછેર્યો, મોટો કર્યો, કાબેલ બનાવ્યો. ફાટેલા કપડાં મેં પહેર્યા અને એને નવા કપડાં પહેરાવ્યા. પેટે પાટા બાંધીને પણ એના તમામ શોખ પુરા કર્યા. આજે એ મને ઘરમાં કોઈ જુના સામાનથી વિશેષ કઈ સમજતો નથી. પોતાની નાનકડી રૂમમાં પોતાની મૃત પત્નીના ફોટા સામે ભીંજાયેલી આંખો લૂંછતા લૂંછતા એ વૃદ્ધે સુવાનો પ્રયત્ન કર્યો. પણ એમની આંખમાં ઊંઘ ન હતી.

એ ભાઈએ પોતાની દીકરીને ધામધૂમથી લગ્ન કર્યા. લગ્નમાં હજારો મહેમાનો આમંત્રિત હતા પણ એણે પોતાના પિતાને એક વાર પણ લગ્નની ચોરીમાં આવવા કહ્યું ન હતું. એક તરફ દીકરીના લગ્નની શરણાઈના શૂર ગુંજી રહ્યા હતા તો બીજી તરફ પોતાની ઓરડી જેવી રૂમમાં એ વૃદ્ધના હૃદયમાં દુ:ખનો સન્નાટો છવાયેલો હતો. એમના વ્યથિત હૃદયમાંથી શોકનું બેસુંરું સંગીત ડુસકા સ્વરૂપે રૂમની ચાર દિવાલોમાંજ સમાઈ જતું હતું. એ વૃદ્ધને ઘણા અરમાનો હતા કે વિદાય લઈ રહેલી પોતાની પૌત્રીને ખૂબ વ્હાલથી પોતાની બાથમાં ભીડી લે, એનો કરિયાવર પોતાના હાથે કરે. પણ પોતાની આ ઈચ્છા એ વ્યક્ત પણ કોની સામે કરે ! રૂમની બારીમાંથી એ વૃદ્ધ, વિદાય લઈ રહેલી પૌત્રીને સજ્જડ નયને જોઈ રહ્યા હતા તો એ દીકરીની આંખો પણ લોકોની ભીડમાં પોતાના દાદાજીને શોધી રહી હતી અને એની નજર રૂમની બારી તરફ ગઈ. પોતાના બંને હાથથી દાદાજીએ પૌત્રીને અંતરમાંથી નિ:શબ્દ આશિષ પાઠવ્યા અને દીકરી વિદાય થઈ.

સાસરે ગયેલી દીકરી એક મહિના બાદ હાથમાં ડોક્ટરની ફાઇલ લઈ પિયર આવી. પોતાના પિતાને ખૂબ દુ:ખી સ્વરે એણે આખી વાત જણાવી કે પપ્પા, મારા પતિની બન્ને કિડની ફેઈલ છે. જો બીજી કિડનીનું ટ્રાન્સપ્લાન્ટ એમને કરવામાં નહિ આવે તો અને દીકરીના આગળના શબ્દો એના રુદનમાજ સમાઈ ગયા. એ પિતા માટે આ સમાચાર ખુબજ આઘાત જનક હતા. હવે શું કરવું ? એ વિચારે એ ખૂબ વ્યથિત હતા. આ આખો વાર્તાલાપ પોતાના રૂમમાં રહેલા એ વૃદ્ધે સાંભળી લીધો. અને મનોમન એક શુભ સંકલ્પ કરી સવાર પડવાની રાહ જોતા પોતાની પથારીમાં પડ્યા.

ફાઇલમાંથી હોસ્પિટલનું સરનામું લઈ વહેલી સવારે કોઈને ખબર ન પડે એમ ચૂપચાપ એ વૃદ્ધ પહોંચી ગયા હોસ્પિટલ. ડોક્ટરને પોતાનો પરિચય આપ્યો અને આખી વાત જણાવી. સંમતિપત્રક પર સહી કરી કે રાજી ખુશીથી હું મારી કિડની મારા જમાઈને દાનમાં આપું છું. ડોક્ટરે એ વૃદ્ધને ખૂબ સમજાવ્યા કે આમ મોટી ઉંમરે એક કિડની કાઢી લેવામાં આવશે તો તમને તકલીફ થવાના ચાન્સીસ ખૂબ વધારે છે. વૃદ્ધ મનોમન બોલ્યા કે, સાહેબ, આમ પણ

મારે જીવવામાં ખૂબ તકલીફ છે જ છતાં વૃદ્ધ પોતાની કિડની દાનની વાત પર અડગ રહ્યા. એ વૃદ્ધે આ આખી વાત ગુપ્ત રાખવા પણ ડોક્ટરને જણાવ્યું. ડોકટર દ્વારા તરત એ વૃદ્ધના જમાઈ ના ઘેર ફોન જોડવામાં આવ્યો અને કિડની ની વ્યવસ્થા થઈ ગયા ના શુભ સમાચાર આપવામાં આવ્યા. અને કાલે જ ઓપરેશન માટે હોસ્પિટલ આવી જવા જણાવવામાં આવ્યું. બીજા દિવસે સવારમાં જ જમાઇના શરીરમાં એના ઘરડા સસરાની કિડની ટ્રાન્સપ્લાન્ટનું સફળ ઓપરેશન થઈ ગયું.

ડોક્ટરે પેલા વૃદ્ધ ને જણાવ્યું હતું એ મુજબ જ થયું. એમના શરીરમાંથી એક કિડની કાઢી લેવાતા અને મોટી ઉંમરના કારણે એ વૃદ્ધને પેટમાં સખત બ્લડિંગ શરૂ થઈ ગયું. પોતાની અંતિમ ઘડી નજીક જ હતી છતાં ખૂબ હિંમત એકઠી કરી એ વૃદ્ધે ઇશારાથી નર્ષ પાસે પેન અને કાગળ માંગ્યું અને એની પર ધ્રુજતા હાથે ભાંગ્યા તૂટ્યા અક્ષરે કશુંક લખી એ કાગળ પોતાની પૌત્રીને આપી દેવા જણાવ્યું. અને બીજી જ ક્ષણે એ વૃદ્ધ ચીરનિંદ્રામાં સદાને માટે પોઢી ગયા.

પોતાના દાદાએ લખેલો કાગળ એ યુવતીના હાથમાં આવ્યો એને ખોલ્યો તો અંદર જાણે ધ્રુજતા શબ્દોમાં લખાયેલું હતું કે

દીકરી, તારા લગ્નમાં તો હું તને કશું જ કરિયાવર કરી ન શક્યો પણ આજે મારી કિડની તારા સુહાગને અર્પણ કરું છું. એને જ તારા દાદા તરફથી કરિયાવર ગણી લે જે. સુખી થજે દીકરી.

આ વાતની જાણ એ વૃદ્ધના દીકરાને પણ થઈ અને એના પસ્તાવાનો કોઈ પાર ન રહ્યો.

**POINT :-**

જીવનમાં ઘણી વખત આવુજ બને છે કે કોઈ નિર્જીવ વસ્તુની જેમ આપણે વ્યક્તિને પણ નકામી ગણી સાઈડમાં કરી દઈએ છીએ. પણ એજ વ્યક્તિ સમય આવ્યે "જીવનદાતા" બની પોતાની જિંદગી પણ દાવ પર લગાવી દે છે.

## WebSite પર પત્રિકા મેળવવા માટે

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા પ્રકાશિત થતી માસિક “બાજખેડાવાળ પત્રિકા” આપ સર્વે http://abbhs.in પર Patrika વિભાગ પર ક્લિક દરેક માસની પત્રિકા ડાઉનલોડ કરી જોઈ શકશો.

## What’s APP પર પત્રિકા મેળવવા માટે

પત્રિકા મેળવવા માટે એક જાહેરાત આપેલ છે જે સ્કેન કરી તમે પત્રિકા What’s APP માધ્યમથી દર મહિને જોઈ શકો છો. જેની નોંધ લેશો પત્રિકાના હયાત સભ્યો પણ આ લાભ લઈ શકે છે આમ છતાં આપને કોઈ તકલીફ હોય આમાં જોડાવામાં તો સંસ્થાની ઓફિસના નંબર પર ૭૫૭૩૯૭૮૪૭૭ પર ભાવેશભાઈ પંડયાનો સંપર્ક કરી શકશો. કાયમી ઉકેલ લાવવાના શુભ આશયથી વિના મૂલ્યે What’s APP ગ્રુપ ચાલુ કરેલ છે તેનો લાભ લેવા નમ્ર વિનંતી. ગામે ગામના પ્રમુખોને આ લાભ લેવા માટેની માહિતી આપેલ છે જેની ખાસ નોંધ લેશો.

**માલિક – પ્રકાશક – મુદ્રક – પ્રકાશન સ્થાન**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા વતી અને તરફથી**

**શ્રી દિલીપભાઈ પંડ્યા** દ્વારા બાજખેડાવાળ પત્રિકા નં.૧–૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂર્વ), અમદાવાદ–૮થી પ્રકાશિત કર્યું. (મો.) : ૭૫૭૩૯૭૮૪૭૭

(M) 9898535030, 9974127810